# ઇસ્લામ

## અને

# ઇસ્લામી માન્યતાઓ

એક બુનિયાદી પરિચય



# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | પ્રકાશકીય ......... | ૬ |
| ૨ | બે બોલ ......... | ૯ |
| ૩ | પ્રસ્તાવના ......... | ૧૦ |
| ૪ | પ્રાંરભિક ......... | ૧૪ |
| ૫ | મુસલમાન અને મો'મિનનો અર્થ ......... | ૧૭ |
| ૬ | કાફિર અને મુશ્રિકનો અર્થ ......... | ૧૮ |
| ૭ | મુસ્લિમ અને ગેર મુસ્લિમમાં તફાવત ......... | ૧૮ |
| ૮ | ઈસ્લામની વિશેષતા ......... | ૧૯ |
| ૯ | મુસલમાનોની વિશેષતા ......... | ૨૦ |
| ૧૦ | પ્રારંભે બધા જ મુસલમાન હતા ......... | ૨૧ |
| ૧૧ | ઈસ્લામનો આધાર ......... | ૨૧ |
| ૧૨ | તવહીદ; માનવીય આવશ્યકતા ......... | ૨૩ |
| ૧૩ | અનેકેશ્વરવાદ અને નાસ્તિકતાનો આધાર ......... | ૨૩ |
| ૧૪ | શિર્ક–બહુ દેવતાવાદની ખોટી વ્યાખ્યા ......... | ૨૪ |
| ૧૫ | શિર્ક–બહુ દેવતાવાદ શા માટે ? ......... | ૨૫ |
| ૧૬ | શિર્ક– બહુદેવતાવાદ મૂર્તિપૂજાનો આરંભ ......... | ૨૬ |
| ૧૭ | કેવળ એક અલ્લાહ જ સર્જક અને સર્જનહાર હોવાનો પૂરાવો ......... | ૨૯ |
| ૧૮ | બ્રહ્માંડની વિશાળતા, કંઈક વિગત ......... | ૨૯ |
| ૧૯ | એટમનું સર્જન ......... | ૩૩ |
| ૨૦ | આટલું વિશાળ બ્રહ્માંડ સર્જવાની શકિત કોની ? ........ | ૩૪ |
| ૨૧ | સૃષ્ટિની સુવ્યવસ્થા : એક અલ્લાહના અસ્તિત્વનો મજબૂત પૂરાવો ......... | ૩૫ |

| | | |
|---|---|---|
| ૨૨ | સર્જનમાં પરિપૂર્ણતા ......... | ૩૮ |
| ૨૩ | અલ્લાહ તરફથી દરેક માટે અન્ન પાણીની વિશાળ વ્યવસ્થા ......... | ૪૦ |
| ૨૪ | અલ્લાહ તઆલાએ કોઈ વસ્તુ વ્યર્થ ઉત્પન્ન નથી કરી. | ૪૧ |
| ૨૫ | સર્જનમાં એકલા અને સંચાલનમાં અન્યનું સહયોગી હોવું તર્ક સંગત નથી ......... | ૪૩ |
| ૨૬ | સૃષ્ટિના સંચાલનમાં અન્યોને ભાગીદાર સમજવાના નકારાત્મક પરિણામો ......... | ૪૪ |
| ૨૭ | ખુદા સાથે ભાગીદારી બુદ્ધિ વિરૂદ્ધ છે ......... | ૪૫ |
| ૨૮ | ખુદા સિવાય અન્યોની નિઃસહાયતા ......... | ૪૬ |
| ૨૯ | કયામતના દિવસે મૂર્તિઓ અને શયતાનની સફાઈ ..... | ૪૯ |
| ૩૦ | હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની ઘટનામાં તવહીદ એકેશ્વરવાદનો બોધ ......... | ૫૦ |
| ૩૧ | શિર્કથી અલ્લાહને કંઈ નુકસાન નથી ......... | ૫૪ |
| ૩૨ | શિર્ક, બુદ્ધિના વિપરીત કાર્ય હોવાનું કારણ ......... | ૫૪ |
| ૩૩ | શિર્ક વિષે એક ગેર સમજ ......... | ૫૫ |
| ૩૪ | શિર્ક અલ્લાહ વિરૂદ્ધ વિદ્રોહ છે ......... | ૫૬ |
| ૩૫ | શિર્ક અજ્ઞાનતાનું પરિણામ છે ......... | ૫૮ |
| ૩૬ | શિર્ક અક્ષમ્ય અપરાધ છે ......... | ૫૮ |
| ૩૭ | આ પણ શિર્ક છે ......... | ૫૯ |
| ૩૮ | મુસલમાનોના એવા કાર્યો જેમનો ઈસ્લામથી કોઈ સંબંધ નથી ......... | ૬૧ |
| ૩૯ | ઈસ્લામમાં શફાઅત (ભલામણ)ની માન્યતા ......... | ૬૩ |
| ૪૦ | શિર્કની શિક્ષા મરણ પછી સદા નર્કમાં રહેવું છે ......... | ૬૪ |
| ૪૧ | જહન્નમ શું છે ? ......... | ૬૪ |

| | | |
|---|---|---|
| ૪૨ | ભૂતકાળના એકેશ્વરવાદી લોકોનો અંજામ ......... | ૬૭ |
| ૪૩ | ઈખ્લાસનો બદલો જન્નત– સ્વર્ગ છે, જન્નત શું છે ? | ૬૯ |
| ૪૪ | મુશ્રિક (બહુદેવતાવાદી) માટે મૃત્યુ ટાણેના કષ્ટો ..... | ૭૨ |
| ૪૫ | મો'મિન માટે મૃત્યુ ટાણેની સરળતા ......... | ૭૨ |
| ૪૬ | ઈસ્લામ સ્વીકાર અત્યંત સરળ કાર્ય છે ......... | ૭૩ |
| ૪૭ | ઈસ્લામ સ્વીકાર કરવાથી પાછલા બધા જ પાપો માફ થઈ જાય છે ......... | ૭૪ |
| ૪૮ | ક્ષમા યાચના અને તોબા કરવી અલ્લાહને અતિપ્રિય છે | ૭૪ |
| ૪૯ | અલ્લાહથી અજ્ઞાન માણસનું ઉદાહરણ ......... | ૭૬ |
| ૫૦ | ઈમાન અને તેની શરતોનું વિસ્તાર પૂર્વક વર્ણન ........ | ૭૬ |
| ૫૧ | અલ્લાહ ઉપર ઈમાન ......... | ૭૬ |
| ૫૨ | અલ્લાહ તઆલાના ગુણો (સિફતો) સીમિત નથી ..... | ૭૯ |
| ૫૩ | અલ્લાહના ઝિક્રને આવરી લેતા ચાર વાકયોમાં સંપૂર્ણ ઈસ્લામનો નિચોડ ......... | ૮૦ |
| ૫૪ | ફરિશ્તાઓ પર ઈમાન ......... | ૮૧ |
| ૫૫ | ફરિશ્તાઓ ઉપર ઈમાન લાવવું ઈસ્લામમાં શા માટે જરૂરી છે ? ......... | ૮૩ |
| ૫૬ | અલ્લાહની કિતાબો (આસમાની ગ્રંથો) ઉપર ઈમાન .. | ૮૩ |
| ૫૭ | કુર્આન પર ઈમાન ......... | ૮૪ |
| ૫૮ | પયગમ્બરો ઉપર ઈમાન ......... | ૮૬ |
| ૫૯ | પયગમ્બરોની જરૂરત ......... | ૮૮ |
| ૬૦ | હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉપર ઈમાન | ૮૯ |
| ૬૧ | મુહંમદ સલ.ના અરબસ્તાનમાં નબી બનાવવાનું કારણ | ૯૦ |
| ૬૨ | હઝરત મુહંમદ સલ.ના અંતિમ નબી હોવા પર ઈમાન | ૯૦ |
| ૬૩ | ખત્મે નુબુવ્વતની માન્યતાનો લાભ ......... | ૯૧ |

| | | |
|---|---|---|
| ૬૪ | માનવતાના માર્ગદર્શન માટે હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની તડપ ......... | ૯૨ |
| ૬૫ | આખિરતના દિવસ પર ઈમાન ......... | ૯૩ |
| ૬૬ | આખિરતનો દિવસ તર્ક સંગત છે ......... | ૯૪ |
| ૬૭ | આખિરતની માન્યતા ધરાવવાના લાભો ......... | ૯૫ |
| ૬૮ | મૃત્યુ પશ્ચાત સજીવન થવાનું પ્રમાણ ......... | ૯૭ |
| ૬૯ | કયામત પર ઈમાન ......... | ૯૮ |
| ૭૦ | કયામત શું છે ? ......... | ૯૯ |
| ૭૧ | કયામતની શકયતા અને તર્ક ......... | ૧૦૦ |
| ૭૨ | હશ્રનું મેદાન અને હિસાબ કિતાબનો દિવસ ......... | ૧૦૧ |
| ૭૩ | સારી અને ખરાબ તકદીર (ભાગ્ય) ઉપર ઈમાન ..... | ૧૦૩ |
| ૭૪ | તકદીર (ભાગ્ય) ઉપર ઈમાન ધરાવવાનો લાભ ...... | ૧૦૪ |
| ૭૫ | ઈસ્લામ સ્વીકાર માટે કલિમએ તય્યિબહનો એકરાર શરત છે ......... | ૧૦૪ |
| ૭૬ | આ નાનકડા વાકયના એકરારનો ચમત્કારિક અને આશ્ચર્યજનક પ્રભાવ ......... | ૧૦૫ |
| ૭૭ | ઈસ્લામ સ્વીકારનો પ્રથમ લાભ : અંતર અને મનની શાંતિ ......... | ૧૦૬ |
| ૭૮ | ભૌતિક જીવન ઉપર ઈસ્લામ સ્વીકારનો પ્રભાવ ...... | ૧૦૭ |
| ૭૯ | સામાજિક જીવન ઉપર ઈસ્લામ સ્વીકારનો પ્રભાવ .... | ૧૧૦ |
| ૮૦ | ઈસ્લામ વિશ્વની મહામૂલી નેઅમત છે ......... | ૧૧૦ |
| ૮૧ | ઈસ્લામ સ્વીકારવા પર અજમાયેશ થવી અલ્લાહના પ્રિતીપાત્ર હોવાની દલીલ છે ......... | ૧૧૨ |
| ૮૨ | ઈસ્લામ સ્વીકારવા પછી ચાર બુનિયાદી ફરજો ....... | ૧૧૪ |
| ૮૩ | (૧) પાંચ સમયની નમાઝ ......... | ૧૧૪ |

| | | |
|---|---|---|
| ૮૪ | (૨) વર્ષમાં એક માસના રોઝા (ઉપવાસ) ......... | ૧૧૬ |
| ૮૫ | (૩) ઝકાત આપવી ......... | ૧૧૭ |
| ૮૬ | (૪) હજ ......... | ૧૧૭ |
| ૮૭ | અમૂક ગેર સમજોનું નિવારણ ......... | ૧૧૯ |
| ૮૮ | મુસલમાન પરાજિત અને પાછળ કેમ છે ? ......... | ૧૧૯ |
| ૮૯ | ઈસ્લામ સ્વીકાર માટે દબાણ નથી ......... | ૧૨૧ |
| ૯૦ | દુનિયાનો વૈભવ અલ્લાહની મહોબ્બતનો પુરાવો નથી. | ૧૨૪ |
| ૯૧ | ઈસ્લામમાં કાફિરોને કતલ કરવાનો આદેશ નથી, બલકે એની પરવાનગી પણ નથી ......... | ૧૨૬ |

# પ્રકાશકીય

વિશ્વને જરૂરત છે ઈસ્લામની...

એટલા માટે કે ઈસ્લામ એક સર્વાંગી જીવન પદ્ધતિ ધરાવે છે.

એટલા માટે કે ઈસ્લામની પદ્ધતિ ખુદાઈ– ઈશ્વરીય હોવાના કારણે સર્વાંગી હોવાની સાથો સાથ અચલ–અટલ અને દીર્ઘાયુ છે.

એટલા માટે કે એમાં માનવીય જરૂરતોનો પૂરતો ખ્યાલ રાખવા સહિત એના માળખાને માનવીની ઈચ્છા–મનેચ્છા પર નથી છોડવામાં આવ્યું કે સત્તાના જોરે, બહુમતિના સહારે એમાં ફેરફાર કરી દેવાય.

અને વિશેષ કરી એટલા માટે કે તે સૃષ્ટિના સર્જક, સ્વામી અને પાલનહારે દર્શાવેલ છે, ખુદાની દુનિયામાં ખુદા સિવાય અન્યોના હુકમો પાળવા, કે મનેચ્છાઓ પોષવી કેમ કરી યોગ્ય હોય શકે ?

પરંતુ આ તો શાબ્દિક વખાણ છે, ઈસ્લામ શું છે ?

તેની તાલીમ અને તેની બુનિયાદો અને માન્યતાઓ કઈ છે ?

તેનો આધાર અને ઓળખ શી છે ?

અન્ય ધર્મો કરતાં તેની શી વિશેષતાઓ છે ?

આ બધાનો ટૂંકો જવાબ એ છે કે તવહીદ અને એકેશ્વરવાદ ઈસ્લામની બુનિયાદી માન્યતા છે, આ જ તેનો આધાર અને ઓળખ છે, અને આ જ અન્ય ધર્મોથી નોખી કરતી તેની વિશેષતા છે. આ સિવાય આખિરતની માન્યતા, મરવા પછી જીવંત થઈ સ્વર્ગ–નર્કમાં કર્મોના ફળ મેળવવાની માન્યતા, ઈસ્લામની વિશેષતાઓ છે.

આ બધામાં નિર્મળતા, સ્વછતાં અને એક અલ્લાહ પ્રતિ વફાદારી અતિ આવશ્યક છે, એમાં ખરાબી માણસને શિર્ક સુધી લઈ જાય છે, જે એક અક્ષમ્ય અપરાધ છે.

ઈસ્લામની આ નિર્મળ અને સ્વચ્છ શિખામણને પામવા અને

અલ્લાહને ઓળખવા માટે વિવિધ નિશાનીઓ માનવીના વ્યકિતત્વમાં અને સૃષ્ટિમાં અલ્લાહ તઆલાએ મૂકી રાખી છે, જેના ઉપર ચિંતન મનન કરી માનવી અલ્લાહ અને ઈશ્વરની ઓળખ પ્રાપ્ત કરી શકે છે.

અલ્લાહ તઆલાની સાચી ઓળખથી અજાણ અને ઈસ્લામની સાચી અને સાફ માન્યતાઓથી અપરિચિત અન્ય ધર્મીઓ અને અજ્ઞાન મુસલમાનોને સાચી માહિતી અને માર્ગદર્શન પુરૂં પાડવા એક ટુંકા પરંતુ સર્વગ્રાહી પુસ્તકની આવશ્યકતા દરેક કાળે રહી છે, અને કાળે કાળે બદલાતી વૈશ્વિક પરિસ્થિતિને સામે રાખી મુસલમાન વિદ્વાનો આવા પુસ્તકો લખતા રહ્યા છે.

વિજ્ઞાનની પ્રગતિના અનુસંધાનમાં આજે અલ્લાહની ઓળખ અને ઈસ્લામી માન્યતાઓનો આધાર અને સત્યતા સમજવી અત્યંત સરળ થઈ ગઈ છે. માટે વિજ્ઞાનની માહિતી અને ઈસ્લામના આદર્શોને દર્શાવી ઈસ્લામ વિશે મૂળભૂત માહિતી પુરૂં પાડતું આ પુસ્તક આધુનિક વિશ્વના લોકો માટે માર્ગદર્શનનું મહત્વનું માધ્યમ બની શકે છે. ઈન્શા અલ્લાહ.

મૂળ ઉર્દૂ પૂસ્તકના લેખક જનાબ મવ. ઈલ્યાસ નદવી સાહેબ, ભટકલ કર્ણાટકના રહેવાસી છે. જામિઅહ અરબિય્યહ ભટકલ (કર્ણાટક)ના ઉસ્તાદ છે. ભટકલ, કર્ણાટકમાં સ્થાપવામાં આવેલ મવલાના અબૂલ હસન નદવી ઈસ્લામિક એકેડમીના સ્થાપક અને પ્રમુખ છે. ઉપરોકત એકેડમી ઈસ્લામી વિદ્યાઓના પ્રચારાર્થે અનેક સેવાકાર્યો અંજામ આપે છે. વિશેષ કરી હાઈસ્કૂલ અને કોલેજના વિદ્યાર્થીઓ માટે ઈસ્લામી જ્ઞાનની ટૂંકી શ્રેણી એક ઓપન શિક્ષણ પ્રણાલી દ્વારા એમણે શરૂ કરી છે. ઉપરાંત અન્ય ધર્મી દેશબંધુઓમાં ઈસ્લામનો પરિચય કરાવવા અને ઈસ્લામ પ્રત્યેની ગેર સમજ દૂર કરવા તેમજ લોકોને ઈસ્લામ પ્રતિ આકર્ષવા માટે પણ અનેક કાર્યો એકેડમી તરફથી કરવામાં આવે છે.

લેખક ઉર્દૂ ભાષામાં અનેક પુસ્તકો લખી ચૂકયા છે. ઘણા પુસ્તકો અન્ય ભાષાઓમાં પણ અનુવાદિત થઈ ચુકયા છે. વિશેષ કરી આ પુસ્તક ઉર્દુ, હિન્દી, મરાઠી, કન્નડ, અંગ્રેજી, બંગાળી અને તમિલ ભાષાઓમાં અનુવાદિત થઈ ચુકયું છે. હવે જામિઅહ દ્વારા જામિઅહના ઉસ્તાદ મુફતી ફરીદ અહમદ સાહેબ દ્વારા કરવામાં આવેલ ગુજરાતી અનુવાદ પ્રકાશિત કરતાં જામિઅહ પરિવાર પણ ખુશી અનુભવી રહ્યો છે.

અલ્લાહ તઆલા ગુજરાતી અનુવાદને કબૂલ ફરમાવે, લેખક તેમજ અનુવાદક બન્નેના પ્રયત્નોને કબૂલ ફરમાવે, અને જામિઅહના પ્રકાશન વિભાગની સેવાઓને વિશાળ કરી કોમની સેવા અને માર્ગદર્શનના વધુ કાર્યો કરવાની તોફીક અર્પે.

લી. મુફતી અહમદ દેવલ્વી.

જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

# બે બોલ

## ગુજરાતી અનુવાદના પ્રકાશન અવસરે

સઘળા વખાણો પવિત્ર પાલનહાર માટે છે. અલ્લાહના રસૂલ મુહંમદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉપર સલામતી અને રહમત ઉતરે.

અલ્લાહનું અપાર એહસાન છે કે તેની કૃપા અને રહેમતથી ઈસ્લામની બુનિયાદી માન્યતાઓનો પરિચય આપતા આ પુસ્તકને તેણે સ્વીકૃતિનું બહુમાન અર્પણ કર્યુ, પુસ્તકમાં કુર્આન, હદીસ અને બુદ્ધિના આધારે તવહીદ એકેશ્વરવાદ, રિસાલત અને આખિરતની માન્યતાઓને વિસ્તારથી વર્ણન કરવામાં આવી છે.

અલ્લાહની કૃપાથી નવ મહીનાના ટૂંકા ગાળામાં ઉર્દૂ પુસ્તકની ત્રણ આવૃતિઓ અને અંગ્રેજી, હિન્દી કન્નડની બે આવૃતિઓ, ઉપરાંત મરાઠી, બંગાળી અને તમિલ ભાષાઓમાં એનો અનુવાદ દેશની વિવિધ સંસ્થાઓ તરફથી પ્રકાશિત કરવામાં આવ્યો, અલ્લાહનો લાખ લાખ શુક્ર કે આ પુસ્તક ઘણા બંદાઓની હિદાયત અને ઈસ્લામ સ્વીકારનું માધ્યમ બન્યું.

મારા માટે ઘણી જ ખુશીની વાત છે કે હવે પુસ્તકનો ગુજરાતી અનુવાદ પ્રકાશિત થઈ રહ્યો છે.આ માટે હું મારા વડીલ જનાબ હજરત મવ. મુફતી અહમદ દેવલા સાહેબ (મોહતમિમ, જામિઅહ ઉલૂમુલ કુર્આન–જંબુસર)નો ખૂબ આભારી છું, એમના પ્રયાસોથી થોડા જ સમયમાં ગુજરાતી અનુવાદ જામિઅહ ઉલૂમુલ કુર્આન દ્વારા પ્રકાશિત થઈ રહ્યો છે. સાથે જ અનુવાદક મવલાના મુફતી ફરીદ સાહેબનો પણ હું ખૂબ આભારી છું, એમણે એમના વિવિધ તાલીમી– તરબિયતી કાર્યોની વ્યસ્તતામાંથી સમય ફાળવી આ મહત્વનું કાર્ય સંપૂર્ણ કર્યું.

અલ્લાહ તઆલાથી દુઆ છે કે દેશની અન્ય પ્રાદેશિક ભાષાઓની જેમ ગુજરાતી અનુવાદને પણ સ્વીકૃતિ મળે અને લેખક– અનુવાદક અને પ્રકાશક, સઘળા માટે આખિરતનું ભાથું બને.

હે અમારા ખુદા, અમારી આ દુઆ કબૂલ ફરમાવો !

મુહંમદ ઈલ્યાસ નદવી ભટકલી.
જામિઅહ ઈસ્લામિય્યહ ભટકલ
૧,રબીઉલ અવ્વલ– ૧૪૨૬ હિ.   ૧૧, એપ્રિલ ૨૦૦૫.

# પ્રસ્તાવના

*હઝરત મવલાના અબ્દુલ્લાહ સાહેબ હસની નદવી.*
*(ઉસ્તાદે હદીસ, એડીટર "અલ રાઈદ" દારૂલ ઉલૂમ નદવતુલ ઉલમા, લખનઉ)*

الحمد لله رب العالمين، والصلوة والسلام على سيد المرسلين.

محمد رسول الله ﷺ وعلى آلهٖ و صحبه اجمعين وبعد

આ સમગ્ર સૃષ્ટિનો અને તેના એક એક કણનો સર્જનહાર, સઘળા આકાશોને બનાવનાર અને વ્યવસ્થાપક, એક એવી હસ્તી છે, જે તેના અસ્તિત્વ અને દરેક ગુણોમાં અન્યોથી સંપૂર્ણ રીતે નોખો છે. કોઈ એના જેવો, એના સરીખો, કે એનો સહયોગી અને ભાગીદાર નથી, એણે એકલાએ જ બધાંને પેદા કર્યા, બધું સર્જન કર્યુ અને એકલો જ સંચાલન કરી રહ્યો છે. એની કુદરતમાં કોઈનો ચંચુપાત નથી દરેક વસ્તુ એની ઈચ્છા અને આદેશના તાબે છે. કોઈ એને રોકી ટોકી શકતો નથી, ફરિશ્તાઓ, અંબિયા અને અવલિયા, બધા જ એના બંદાઓ છે, આ કોઈ અલ્લાહનો શરીક– ભાગીદાર નથી, દરેક માણસ અલ્લાહનો મોહતાજ છે. તે કોઈનો મોહતાજ નથી.

ખુલાસો એ કે તવહીદની માન્યતા બુનિયાદી, આવશ્યક અને અનિવાર્ય છે, એના વિના સૃષ્ટિનો આધાર સમજી શકાય નહીં અને દુનિયાના આ કારખાનાની બુનિયાદ સીધી અને સાચી થઈ શકતી નથી. સૃષ્ટિના સર્જનહારે એને જ સીધી અને મજબૂત કરવા તેના પયગમ્બરો અને સંદેશવાહકોની પરંપરા ચલાવી, જેથી એના બંદાઓ વિદ્રોહ અને બગાવતની રાહ છોડી દે, સ્વયંના ખાલિક–માલિક, સ્વામી– સર્જનહારને ઓળખે, એની બંદગી અને ઈબાદતની ફરજ પૂરી કરે, એના બતાવેલ તરીકા પ્રમાણે જીવન વિતાવે.

આ બધી વાતો તેના નેક અને સદભાવક બંદાઓ એટલે નબીઓ અને રસૂલો દ્વારા માનવ જાતિ સમક્ષ સ્પષ્ટ ફરમાવી. ઉપરાંત આ બધી બાબતોમાં તેણે રસૂલો અને નબીઓને સંપૂર્ણ ઉદાહરણ ઠરાવ્યા, જેથી

લોકો એમને રાહદીપક અને દીવાદાંડી સમજી એમનું અનુસરણ કરે, એમના સ્પષ્ટ આયનામાં સ્વયંના વ્યકિતત્વને જોઈને પોતાની બગડેલી છબી અને કુકર્મો ભર્યા જીવનને શણગારી શકે.

લોકોને સન્માર્ગે લાવવાની આ આવશ્યકતા અલ્લાહ દ્વારા બે રીતે પૂરી કરવામાં આવી છે. (૧) અંબિયાઓ અને રસૂલો મોકલીને, (૨) એમના ઉપર પોતાની વાણી, કિતાબો ઉતારીને જેથી લોકો વાંચીને–જાણીને અને નબીઓના જીવનને જોઈને પણ પોતાના માર્ગને સમજી લે.

રસૂલોની જીવનચર્યા અને અલ્લાહની ઉતારેલ કિતાબ માંહે કોઈ તફાવત નથી હોતો. આસમાની કિતાબ જે કહે છે તે જ એમનું જીવન પણ છે. કારણ કે નબીઓ–રસૂલોનો સીધો સંપર્ક અલ્લાહ તઆલાથી હોય છે. ત્યાંથી તેઓ પ્રેરણા મેળવે છે. કેળવણી પામે છે અને જીવનમાં આચરે છે. આપનાવે છે અને પછી માનવજાતને જેમની તેમ આ કેળવણી આપી દે છે. ન વધારો કરે છે, ન કમી કરે છે. ન કંઈ ફેરફાર કરે છે. ન કંઈ સંતાડે છે. અમાનત અને દયાનતદારી, સચ્ચાઈ અને હિતેચ્છા, અને દીનના પ્રસાર–પ્રચાર બાબત તેઓ કોઈ પ્રકારની કોતાહી અને નિષ્કાળજી નથી દાખવતા. દુનિયાની માલ સંપત્તિ એમના કાર્યમાં અવરોધરૂપ નથી બની શકતી, માર્ગની કઠણાઈઓ અને કષ્ટો એમના દૃઢ કદમોને ડગમગાવી શકતા નથી, કારણ કે તેઓ આખિરતમાં ઉત્તરદાયિત્વના અકીદા પર શ્રદ્ધા ધરાવતા હોય છે, કે જો તબ્લીગ અને દીનના પ્રચારના કાર્યમાં અને માનવતાની માવજતની ફરજમાં થોડી પણ નિષ્કાળજી થઈ ગઈ તો ખાલિક–માલિક અને ખુદા સમક્ષ મામલો હલ કરવો પડશે. કારણ કે અલ્લાહ તઆલાએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે એક નક્કી દિવસે બધાંએ જ હશ્રના મેદાનમાં ભેગા થવાનું છે. ત્યાં અમે રસૂલો, પયગમ્બરો અને સંદેશવાહકોની પણ પૃચ્છા કરીશું, અને જે લોકો પ્રતિ એમને મોકલવામાં આવ્યા હતા, એમને પણ પૂછીશું, દરેકથી ત્યાં વ્યકિતગત પૂછતાછ થશે, કોઈ ત્યાંથી છટકી શકશે નહીં, માણસે કરેલા નેકી અને બદીના બધા જ કાર્યો ત્યાં સામે હશે, એક રેકોર્ડ કેસેટની જેમ

બધું તેને બતાવવામાં આવશે. આ એક મહત્વનો બુનિયાદી અકીદો છે. દરેક આસમાની ગ્રંથમાં આ અકીદા અને માન્યતા પરત્વે ભાર મૂકવામાં આવ્યો છે. દરેક નબી વારંવાર આ માન્યતા લોકોને યાદ અપાવતા રહ્યા.

જો આ બુનિયાદી અકીદાઓ અને માન્યતાઓ માનવીના જીવનમાંથી નીકળી જાય, તો પછી તે માનવી ન રહેશે, બલકે માનવીય વેશમાં એક જાનવર હશે, કારણ કે આ માન્યતાઓ જ માણસને એકબીજાનો આદર, હકોની અદાયગી, ફરજનિષ્ઠા અને નેકી–બદીને ઓળખીને કામ કરવાની પ્રેરણા અને માર્ગદર્શન આપે છે. જો આખિરતની પૂછતાછનો ભય ન રહે (જેમ કે આજ કાલ જોવામાં આવે છે.) તો માનવીઓથી ભરેલ આ ધરતી જાનવરોનું ગૌચર, હિંસક ચિત્તાઓ, દીપડાઓ, મોટા અજગરો, ઝેરીલા સાંપો અને વીંછીઓની ધરતી બની જાય, માટે જ આખિરતમાં ઉત્તરદાયિત્વની માન્યતા જેટલી વધુ મજબૂત હશે માનવીને એટલી વધારે શાંતિ અને ચેન નશીબ થશે.

વિશેષ આવશ્યકતા હતી કે તવહીદ, રિસાલત, આખિરતની માન્યતાઓને વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવે, ફકત એટલું ન કહેવામાં આવે કે તે માનવીની જરૂરત છે બલકે તર્ક અને બુદ્ધિગત હોવું પણ સ્પષ્ટ કરવામાં આવે, સાથે જ બતાવવામાં આવે કે જો આપણી માન્યતાઓ ખરાબ હશે તો એમાં આપણું નુકસાન છે, આપણા સમાજનું નુકસાન છે. આપણા દેશનું નુકસાન છે, બલકે સમગ્ર માનવજાતિનું નુકસાન છે. માટે જો આપણે કોમ મિલ્લતની સફળતાના પ્રચારક, દેશ વતનની પ્રગતિના હિતેચ્છુ, માનવતાની માવજત અને ઈન્સાનિયતની નાવને તેના અપેક્ષિત કિનારે લંગારવા માંગતા હોય તો આપણે બધાંએ હળી મળી આ માન્યતાઓનું સિંચન કરવું પડશે. આ માન્યતાઓને એવી શૈલી અને ઢબમાં રજૂ કરવી પડશે, જેનાથી આવનારી પેઢી એને જીવનનો અંશ બનાવી લે, એના ઉપર એવું મજબૂત ઈમાન ધરાવે કે કોઈ તોફાન અને વાવાઝોડું આ ઈમાની ચિરાગને બુજાવી ન શકે.

અત્યંત ખુશીની વાત છે કે પ્રિય મિત્ર જનાબ મવલાના મુહમ્મદ ઈલ્યાસ નદવી સાહેબે ઈસ્લામ અને ઈસ્લામી માન્યતાઓ વિશે આ

પુસ્તક સંપાદન કર્યું, લેખક અનેકાનેક પુસ્તકો લખી ચૂકયા છે. ઉપરાંત તેઓ ઈમાની ઉત્સાહ અને ઉમંગોથી ભરેલા, નવી પેઢીની સ્વછંદતાથી ચિંતામગ્ન અને એ માટે કંઈ કરી છૂટવાની હિંમત અને આરઝૂ રાખે છે.

ઉપરોકત કિતાબમાં બુદ્ધિ અને સમજને અપીલ કરી શકે એ માટે પૂરતી સામગ્રી ઉપલબ્ધ છે. લેખકે ઘણી જ સારી, સરળ અને મોહક શૈલીમાં ઈસ્લામી માન્યતાઓ રજુ કરી છે. અલ્લાહ તઆલા એમના પ્રયાસો કબૂલ ફરમાવે અને જે નેક આશયે આ પુસ્તક સંપાદન કરવામાં આવ્યું છે એને સાર્થક કરે. આમીન....

*અબ્દુલ્લાહ હસની –નદવી*
*નદવતુલ ઉલમા લખનઉ*
*૧૫/૧૧/૧૪૨૪ હિ.*

# પ્રારંભિક

الـحـمـد لـلـه رب الـعـالـمين الرحمن الرحيم مالك يوم الدين
والـصـلـوـة والسـلام عـلـى سيـد المرسلين وعلى آلهٖ وصحبه
اجمعين۔ اما بعد !

અલ્લાહ તઆલાએ માનવીને પેદા કરી એને દુનિયામાં એટલા માટે વસાવ્યો કે તે અહીંયા રહી અલ્લાહને જ પોતાનો ખાલિક– માલિક સ્વામી, સર્જક માનીને એની ઈચ્છાનુસાર જીવન વિતાવે, આ બાબત કોઈ અન્યને ખુદા સાથે ભાગીદાર ન ગણાવે. ફકત એને જ માબૂદ અને પૂજનીય સમજે, સમગ્ર સૃષ્ટિનું સર્જન એક અલ્લાહ તઆલાનું જ કાર્ય સમજવા, એમાં કોઈને સહયોગી ન સમજવાની એટલી દલીલો અને નિશાનીઓ માનવીના અસ્તિત્વ અને તેની આસપાસની દુનિયામાં છે કે જો કોઈ  અલ્લાહનો બંદો થોડી વાર માટે પણ શાંત ચિત્તે એના ઉપર વિચાર કરે તો એક અલ્લાહને જ માબૂદ માનીને ઈસ્લામ કબૂલ કરતાં આ કહેવામાં ખચકાટ ન અનુભવશે કે અત્યાર સુધી ઈસ્લામ વિનાનું જીવન બુદ્ધિ વિરૂદ્ધ હતું, પ્રકૃતિ વિરૂધ્ધ હતું.

ઈસ્લામ એક પ્રાકૃતિક ધર્મ છે, માટે એની સત્યતા પૂરવાર કરવા માટે અલ્લાહ તઆલા તરફથી રસૂલો અને નબીઓ મોકલવાની પરંપરા ચલાવવામાં ન આવી હોત તો પણ સૃષ્ટિની અજાયબીઓમાં અને સ્વયં માનવીના અસ્તિત્વમાં રહેલી નિશાનીઓ પર ચિંતન મનન કરવાથી અલ્લાહની સાચી ઓળખ સુધી પહોંચી શકાય એમ હતું, પરંતુ આ પણ અલ્લાહનું મોટું એહસાન હતું કે અલ્લાહ તઆલાએ લોકોના માર્ગદર્શન માટે રસૂલો અને નબીઓને દરેક કાળમાં મોકલ્યા, ઉપરાંત આસમાની કિતાબો પણ નાઝિલ ફરમાવી, સાથે જ તે દરેક સાધનો અને માધ્યમો પણ ઉપલબ્ધ કરાવ્યા, જેના વડે માનવી ઈસ્લામ અને તવહીદની નેઅમત પામી શકે.

ઈસ્લામના પ્રાકૃતિક, તાર્કિક અને બુદ્ધિગમ્ય આદર્શો અને આદેશોનો પ્રભાવ જ એ છે કે જે કોઈએ તટસ્થ રીતે, સહજતાથી એના ઉપર ચિંતન મનન કર્યું છે તો એને ઈસ્લામના વર્તૂળમાં આવવામાં વાર

લાગી નહીં, કુર્આનનો પ્રારંભિક અભ્યાસ અને અમૂક જ આયતો ઉપર ચિંતન મનન શિર્કની ગંદકીઓમાંથી કાઢી ઈસ્લામમમાં લઈ આવવામાં કારણભૂત બન્યો.

આજે આવશ્યકતા છે કે માનવસમાજની દરેક વ્યકિત સુધી કુર્આની અને નબવી તાલીમને હકારાત્મક ઢબે પહોંચાડવાની જે જિમ્મેદારી દરેક મુસલમાન ઉપર અલ્લાહ તરફથી લાદવામાં આવી છે, એને પૂર્ણ કરવામાં આવે. આ બાબતે આપણને પરિણામો મેળવવા અલ્લાહ તરફથી બાધિત નથી કરવામાં આવ્યા, ફકત દઅવત (પ્રચાર)નું કાર્ય પૂર્ણ કરવાની જિમ્મેદારી આપવામાં આવી છે. હિદાયત આપવાનો અધિકાર અલ્લાહે પોતાની પાસે રાખ્યો છે, હા, એના તરફથી વાયદો છે કે જે પણ સત્યનો શોધક હશે, જેના અંદર પણ સત્ય સ્વીકારની કાબેલિયત હશે, એને જરૂર સત્ય એટલે કે ઈમાનની દોલત આપવામાં આવશે.

આપના હાથોમાં મૂકાયેલ આ પુસ્તક ઈસ્લામ અને ઈસ્લામી માન્યતાઓની મૂળભૂત જાણકારી ઉપલબ્ધ કરાવી દઅવત એટલે કે ખુદાઈ સંદેશ પહોંચાડવાની ફરજની બજાવણીનો નાનકડો પ્રયાસ છે. ઈસ્લામનો આપતાં દુનિયાની વિવિધ ભાષાઓમાં આગણિત પુસ્તકો લખાય ચૂકયાં છે. જે ઘણાં જ અર્થસભર અને અસરકારક પણ છે, આ પુસ્તકોના માધ્યમથી અલ્લાહે લાખો લોકોને હિદાયત અર્પણ કરી.

પરંતુ આપણા ભારતના દેશબાંધવો પાસે એક વિશેષ સાંસ્કૃતિક, ધાર્મિક, અને ઐતિહાસિક પૃષ્ઠભુમિ છે, માટે એમની માનસિકતાને સામે રાખી આ વિષયે એવું પુસ્તક સંપાદન કરવાની ઈચ્છા પહેલેથી જ હતી, જેમાં અન્ય પુસ્તકોથી વધીને મહત્વની માન્યતાઓ, અકીદાઓ અને ઈસ્લામી સિદ્ધાંતોને તર્ક–બુદ્ધિ અને પ્રકૃતિના નિયમોના આધાર સહિત વિસ્તાર પૂર્વક વર્ણવવામાં આવે, ઉપરાંત અમૂક આવશ્યક બાબતો વિસ્તારથી વર્ણન કરવામાં આવે, છેલ્લા થોડા વરસોથી ભટકલમાં મવ. અબૂલ હસન નદવી ઈસ્લામિક એકેડમી સ્થાપવા પછીથી આવા પુસ્તકની આવશ્યકતા અને એના સંપાદનની ઈચ્છા ઓર વધી ગઈ હતી.

આ આવશ્યકતાઓને નજર સમક્ષ રાખીને જ અલ્લાહ તઆલાએ આ કિતાબ સંપાદિત કરવાની તોફીક આપી છે.

જે પવિત્ર જાત અલ્લાહ તઆલાએ કિતાબને છપાવી દેશબાંધવો સમક્ષ મૂકવાનું સદભાગ્ય અર્પ્યું છે, એ રહમાન–રહીમથી મને દઢ઼ આશા છે કે તે જ આ પુસ્તકને તેના બંદાઓ માટે હિદાયતનું માધ્યમ બનાવી આપણા બધા માટે નજાત અને મગફિરતનો સબબ બનાવશે. આમીન.

તવહીદ અને એકશ્વરવાદની નિર્મળ માન્યતા અને અકીદાના વિષય પર લખાયેલ આ પુસ્તકના પ્રકાશિત થવાથી મને મારા અન્ય પુસ્તકોના સંપાદન કરતાં આ પુસ્તકના સંપાદનની સફળતા ઉપર સૌથી વધુ ખુશી છે અને એનું કારણ પણ સ્પષ્ટ છે, વિષયની મહત્વતાના કારણે જ આ પુસ્તક અલ્હમ્દુલિલ્લાહ એકી સાથે ભારત અને પાકિસ્તાનમાં, એટલે કે કરાંચી, દિલ્લી, લખનઉ અને મેંગ્લોરથી ચાર વિવિધ ભાષાઓ અંગ્રેજી, હિંદી, કન્નડ, અને ઉર્દુમાં પ્રકાશિત થઈ રહયું છે.

આ ટાણે હું મારા ઉસ્તાદ જનાબ મવલાના અબ્દુલ્લાહ અબ્બાસ સાહેબ નદવી (મ.ઝી.) (જેમની છત્રછાયા અને પ્રેરણાથી જ ઉપરોકત પુસ્તક પરિપૂર્ણ થયું છે.) અને મવલાના નજરૂલ હફીઝ સાહેબ નદવી (મ.ઝી.) નો ખૂબ આભારી છું, આ બંનેવ મહાનુભવો મારા હિતેચ્છુઓએ મહત્વનું માર્ગદર્શન આપી રાહબરી ફરમાવી અને હિંમત વધારી.

મવલાના અબૂલ હસન નદવી ઈસ્લામિક એકેડમી ભટકલ તરફથી અનેક સંશોધનાત્મક કાર્યો, પુસ્તકોના સંપાદન અને ઈસ્લામ પ્રચારના વિવિધ સેવાકાર્યો કરવામાં આવી રહ્યા છે, આ પુસ્તક પણ એનો જ એક ભાગ છે. અલ્લાહ તઆલાથી દુઆ છે કે તે આ પુસ્તકને સ્વીકૃતિનું બહુમાન અર્પણ ફરમાવે, અને ઈમાન–તવહીદની નેઅમતથી વંચિત માણસો માટે આ પુસ્તકને હિદાયતનું માધ્યમ બનાવે અને દરેક માટે ઈમાન ઈસ્લામ અને નિર્મળ તવહીદના માર્ગ પર ચાલીને એની પ્રસન્નતાને પામવાનું માધ્યમ બનાવે.

وما توفيقى الا بالله عليه توكلت واليه أنيب

ربنا تقبل منا انك انت السميع العليم وتب علينا انك انت التواب الرحيم

મુહંમદ ઈલ્યાસ નદવી

*મવ. અબૂલ હસન નદવી ઈસ્લામિક એકેડમી.*

# મુસલમાન અને મોમિનનો અર્થ

"ઈસ્લામ" શબ્દ અરબી મૂળ ધાતુ "સ–લ–મ" (સલામતી–રક્ષા)થી બન્યો છે. એ જ પ્રમાણે "ઈમાન" મૂળ ધાતુ "અ–મ–ન" (અમન– શાંતિ) પરથી બન્યો છે. એટલે કે ઈસ્લામ સ્વીકારનાર અને ઈમાન લાવનાર માણસ માટે અલ્લાહ તરફથી શાંતિ અને સલામતીની સદાની બાંહેધરી આપવામાં આવે છે.

એક બીજી રીતે ઈસ્લામનો અર્થ છે, આજ્ઞા પાલન અને સમર્પણ અને ઈમાન એટલે શ્રદ્ધા, આસ્થા અને એકરાર, એટલે ઈસ્લામનો અર્થ થયો કે અલ્લાહને સમર્પિત થઈ એનું સંપૂર્ણ રીતે આજ્ઞાપાલન કરવું, અને ઈમાનનો અર્થ થયો કે પોતાના સર્જનહાર, સ્વામી અને માલિકમાં યકીન–આસ્થા–શ્રદ્ધા રાખી તેનો એકરાર કરવો.

પૂર્ણતઃ ઈમાનનો અર્થ છે : અલ્લાહને તેના સર્વગુણો–વિશેષતાઓ, પૂર્ણતાઓ અને સંપૂર્ણ શ્રદ્ધાઓ સહિત સ્વીકારવું, ત્યાર પશ્ચાત્ એના આદેશાનુસાર જીવન વિતાવવાનો નિર્ધાર કરી સ્વયંને એના આધીન કરવું, એ ઈસ્લામ. આનાથી સ્પષ્ટ થયું કે ઈમાન દિલ અને અંતરના ઈશ્વરાધીન હોવાનું નામ છે અને ઈસ્લામ શરીર અને બાહ્યના ઈશ્વરાધીન હોવાનું નામ છે.

આજકાલ આ બંને શબ્દો "ઈમાન–ઈસ્લામ" એક બીજાના અર્થમાં વપરાય છે, માટે પ્રસ્તુત લખાણમાં પણ આ બંને શબ્દોના પારિભાષિક અર્થને ન અનુસરતા એક બીજાના અર્થમાં વાપરવામાં આવ્યા છે.

ઈસ્લામ; અર્થાત અલ્લાહનું આજ્ઞાપાલન અને ઈશ્વરાધીન હોવું, બે પ્રકારે હોય છે, એકમાં તો માનવી વિવશ અને લાચાર છે, જેમકે પેટમાં અન્ન–જળ પહોંચાડવા માટે મોઢાનો ઉપયોગ, બોલવા માટે જીભનો ઉપયોગ, સાંભળવા માટે કાન અને જોવા માટે આંખનો ઉપયોગ; ઉપરોકત કાર્યો માટે સંબંધિત વસ્તુઓનો ઉપયોગ કરવા માનવી વિવશ છે, એ સિવાય છુટકો નથી અને આમ આટલા પૂરતો તો દરેક માનવી સ્વેચ્છાએ–અનિચ્છાએ અલ્લાહનો આજ્ઞાંકિત અને આધીન છે.

ઈશ્વરાધીનતાનો બીજો પ્રકાર તે છે જેમાં માણસને અધિકાર અને છૂટ આપવામાં આવી છે, જેમ કે અલ્લાહની ઓળખ પ્રાપ્ત કરી, તેના આધિપત્યનો એકરાર કરી જીવનના અન્ય કાર્યો પણ તેના આદેશાનુસાર વિતાવવામાં તે સ્વતંત્ર છે, ઈચ્છે તો અલ્લાહના આદેશોને અનુસરી આખિરત અને પરલોકના સુંદર ભવિષ્યનું આયોજન કરે અથવા શયતાન–ઈબલીસની માયાજાળમાં અટવાયને પરલોકને ઉજાડી દે.

આ પ્રકારનું આજ્ઞાપાલન અને ઈશ્વરાધીન હોવું વિવશતાને લઈ નથી, માનવીની સ્વતંત્રતા પર આધારિત છે, ધાર્મિક દષ્ટિએ અને પ્રચલિત માન્યતાઓનુસાર પણ "ઈસ્લામ" આ બીજા પ્રકારે ઈશ્વરાધીન હોવાનું જ નામ છે.

## કાફિર અને મુશ્રિકનો અર્થ

'કુફ્ર'નો અર્થ છેઃ સંતાડવું, કુતધ્નતા, અવગણના. અને શિર્કનો અર્થ છેઃ કોઈ વસ્તુ કે સંબંધ કે મામલામાં અન્યને ભાગીદાર બનાવવો. ઈસ્લામી માન્યતાનુસાર અલ્લાહને સર્વગુણ સંપન્નતા અને તવહીદ (એક હોવા) સહિત ન સ્વીકારવા અને તેની આજ્ઞાઓના અનાદર કરવાને કુફ્ર કહે છે. અને તેના ગુણો–અધિકારોમાં અન્ય કોઈને કોઈ રીતે ભાગીદાર સમજવું, તેને જ સમસ્ત જગત અને સઘળા લોકનો સ્વામી ન ગણવું; શિર્ક કહેવાય છે. અને એમ કરનાર કે સમજનાર માણસ મુશ્રિક કહેવાય છે.

ઉપર જણાવેલ વ્યાખ્યા અને સમજૂતી પ્રમાણે અલ્લાહને તેના ગુણો સહિત માનવું અને સ્વીકારવું, માનવીય અક્કલ–સમજ અને અલ્લાહના સર્જનોમાં ધ્યાન–મનન દ્વારા માનવી માટે શકય અને સરળ છે. આગળના પૃષ્ઠોમાં આજ વિષયે વધુ ચર્ચા આવી રહી છે.

## મુસ્લિમ અને ગેર મુસ્લિમમાં તફાવત

ઉપર વર્ણવેલ વિગતો અનુસાર હઝરત આદમ (અલૈ.)થી લઈ અત્યાર સુધી વિશ્વમાં જન્મેલ દરેક માણસ જો અલ્લાહને ઈચ્છિત, આજ્ઞાકિત જીવન વિતાવતો હતો તો તે મુસલમાન છે. એટલે કે પૂર્વ

કોમોમાં અલ્લાહને સાચી રીતે ઓળખનાર–અનુસરનાર અને સ્વીકારનાર સઘળા મુસલમાન હતા; ચાહે તેઓ ઈસાઈ હોય કે યહૂદી હોય કે અન્ય કોઈ ધર્મમાં આસ્થા ધરાવતા હોય, પરંતુ કુર્આનની હાલની પરિભાષા પ્રમાણે અંતિમ નબી હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના પધારવા પછી ઈસ્લામ ફકત તે જ ધર્મનું નામ છે, જે છઠ્ઠી ઈસ્વી સદીમાં હઝરત મુહંમદ પયગંબર સાહેબ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સમસ્ત જગત માટે લઈને આવ્યા હતા, માટે હવે મુહંમદ પયગમ્બરને અનુસરવાનું નામ ઈસ્લામ છે અને આ આધારે વર્તમાન વિશ્વમાં અન્ય ધર્મોને અનુસરનાર દરેક ગેર મુસ્લિમ કુર્આનની ભાષામાં કાફિર અને મુશ્રિક છે.

## ઇસ્લામની વિશેષતા

વિશ્વમાં અસ્તિત્વ ધરાવતા ધર્મોમાં ઈસ્લામની પ્રથમ વિશેષતા એ છે કે આજે ૧૪૦૦ વરસ પશ્ચાત્ પણ તેનું માળખું કોઈ ફેરફાર અને તફાવત વગર અસલી સ્વરૂપમાં બાકી છે. એથી વિપરીત અન્ય ધર્મો જેમ કે યહૂદી ધર્મ હઝરત મૂસા (અલૈ.)ના જીવતાં સુધી; ઈસાઈ ધર્મ હઝરત ઈસા (અલૈ.) સુધી સુરક્ષિત રહ્યા, પરંતુ ત્યાર પછી તેમના અનુયાયીઓએ એને વિકૃત કરી દીધા, અન્ય ધર્મોની પણ આ જ પરિસ્થિતિ છે.

ઈસ્લામની બીજી વિશેષતા એ છે કે તે કોઈ વ્યકિત વિશેષ સાથે સંલગ્ન નથી, ઈસ્લામ રૂપી અમૃત સંદેશ માવવીઓ સુધી પહોંચાડનાર, સૃષ્ટિના શ્રેષ્ઠ અને અલ્લાહના પ્રિય બંદા હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમથી પણ એને જોડવામાં નથી આવ્યો, જયારે અન્ય ધર્મો કોઈ વ્યકિત વિશેષ સાથે જોડાયેલા છે. જેમકે યહૂદી ધર્મનું નામ હઝરત યાકુબ (અલૈ.)ના એક પુત્ર યહૂદાહથી પડયું છે. ઈસાઈ ધર્મ હઝરત ઈસા (અલૈ.)ના નામ ઉપરથી, બુદ્ધ ધર્મ ગૌતમ બુદ્ધના નામ ઉપરથી વગેરે.... માટે જ હઝરત મુહંમદ પયગમ્બર સાહેબ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ દ્વારા આપવામાં આવેલ આસમાની દિવ્ય માર્ગદર્શનને "મુહમ્મદન લો"

કહેવું ખરૂ નથી. અંગ્રજો દ્વારા કે અંગ્રજી ભાષામાં આમ જે કહેવાય છે તે ખોટું છે. (આજકાલ તો આ શબ્દને વધુ વિકૃત કરી ગુજરાતીમાં 'મોહ મેડન લો' લખવામાં આવે છે જે સદંતર ખોટું છે.)

હઝરત મુહંમદ પયગમ્બર સાહેબ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ઈસ્લામ ધર્મના સ્થાપક–બાની ન હતા, બલકે ખુદાઈ ધર્મ ઈસ્લામને માનવી સુધી પહોંચાડવાનું માધ્યમ હતા, કુર્આનમાં છે કે તેઓ ઈસ્લામના નામ ઉપર કોઈ પણ વાત તેમના તરફથી કહેતા ન હતા.

ઈસ્લામની ત્રીજી વિશેષતા એ છે કે તેના નામથી જ તેના આદર્શો – નિતીઓ અને ધ્યેયનો સંકેત મળી જાય છે. અન્ય કોઈ ધર્મનું નામ આપને એવું જોવા મળશે નહીં, ઈસ્લામ અને ઈમાનના અર્થમાં જ એના સ્વીકારનાર અને માનનારને સલામતી–અમનની બાંહેધરી છે.

## મુસલમાનોની વિશેષતા

મુસલમાનો અન્ય ધર્મીઓથી કઈ બાબતોમાં નોખા અને જુદા છે ?

☆ વધુ દેશોમાં તેમની સત્તા,

☆ એમની બહુમતી વસતી.

☆ એમની સંપતિ– સંપદા.

☆ એમનો ઠાઠ–માઠ, ભપકો–રૂઆબ

☆ ઈતિહાસના પૃષ્ઠોમાં રક્ષિત એમનો ભવ્ય ભુતકાળ.

☆ આર્થિક–સામાજિક, આંતરિક–બાહ્ય સુધાર માટેના તેમના પગલાંઓ અને કાર્યક્રમો.

ના ! મુસલમાનની આ અસલ વિષેશતા નથી, એમની અસલ વિશેષતા તવહીદ અને એકેશ્વરવાદની સ્વચ્છ અને નિર્મળ–નૈસર્ગિક માન્યતા છે, એમાં બધી જ શકિત–સામર્થ્યનું કેન્દ્ર ફકત અલ્લાહ તઆલા છે. એમાં અલ્લાહ અને બંદા વચ્ચે સેતુ માટે કોઈ માધ્યમ કે આકૃતિની આવશ્યકતા નથી. અન્યોથી નોખી વિશેષતા, એમનું મુલ્ય અને કદર; બધું આ જ માન્યતા પર નભે છે. એ વિણ કંઈ નથી, આ જ એમનું પ્રતિક અને ભેદરેખા છે. ઈબાદતોમાં, પારસ્પરિક સંબંધો–વ્યવહારો અને જીવનના

દરેક ક્ષેત્રોમાં, એનો જ પ્રભાવ જોવા મળે છે. એક મુસલમાનની પહેલી ચિંતા એ હોય છે કે તેના કાર્ય–કે કથનમાં તવહીદથી વિરુદ્ધ કોઈ બાબત ન આવી જાય.

## પ્રારંભે બધા જ મુસલમાન હતા

અલ્લાહે જયારે માનવીની ઉત્પત્તિનો સંકલ્પ કર્યો, એને આ દુનિયામાં વસાવવા ઈચ્છયો, તો સર્વપ્રથમ હઝરત આદમ અલૈ.ને પૈદા કરવામાં આવ્યા, થોડો સમય એમને જન્નતમાં રાખવા બાદ એમને એમનાં પુનિત પત્નિ હઝરત હવ્વા સાથે આ સૃષ્ટિમાં ઉતાર્યા, પશ્ચાત એમના પુત્રો અને વંશાનુક્રમ શરૂ થયો, આ બધા જ અલ્લાહના આદેશાનુસાર એના દર્શાવેલા પથ ઉપર એના માર્ગદર્શનાનુસાર જીવન વિતાવતા રહ્યા.

માનવીના સર્જન પાછળનો મૂળ હેતુ અલ્લાહની ઈબાદત હતો, જેમ કે કુર્આનમાં અલ્લાહનું કથન છે કે માનવી અને જીન્નાતને મેં માત્ર મારી ઈબાદત સારુ જ ઉત્પન્ન કર્યા છે, આ માટે માનવીને જીવન અર્પવું અને જીવન વિતાવવા માટે જરૂરી સંશોધનો ઉપલબ્ધ કરાવવા પણ આવશ્યક હતાં, માટે અલ્લાહે આ દુનિયા અને સૃષ્ટિનું સર્જન કર્યું, બીજા શબ્દોમાં કહીએ તો સૃષ્ટિના સર્જનનો મૂળ હેતુ સ્વયં સૃષ્ટિ કે દુનિયા નહી; બલકે ઈબાદત છે. આ નક્કર વાસ્તવિકતા અને આશયથી એક કાળ લગી માનવી જ્ઞાત રહ્યો અને તે પ્રમાણે રહી દરેક માણસ અલ્લાહને જ પૂજતો રહ્યો, જેથી આપણે કહી શકીએ કે પ્રારંભે માનવી તેની પ્રકૃતિ પર ચાલી એક સમયકાળ લગી મુસલમાન જ હતો.

## ઇસ્લામનો આધાર

ઈસ્લામ અને ઈમાનની બુનિયાદ એ છે કે કેવળ અલ્લાહની જાતના ઈબાદતપાત્ર હોવાનો હૃદયથી સ્વીકાર કરી એનો એકરાર કરવામાં આવે. એક મૂળભૂત માન્યતા રૂપે માનવીની નસેનસમાં એ વહેવા માંડે. આ અપાર અને અસીમિત સૃષ્ટિના સર્જકનું એકત્વ તેના સર્જનમાં અને

સંચાલનમાં અને સઘળી રીતે માનવીના દિલો દિમાગમાં સમાય જાય. એનું એકત્વ એટલે...

☆ દરેક વસ્તુને એણે જ ઉત્પન્ન કરી છે. પછી બધું જ નષ્ટ થઈ જશે અને અંતે
☆ તે એકલો જ રહેશે.
☆ એને કોઈએ જણ્યો નથી.
☆ એનો કોઈ પુત્ર, પુત્રી, પિતા, પત્નિ નથી.
☆ કોઈ અન્ય સગો નથી.
☆ એની રૂહ–પ્રાણ કોઈ અન્યના શરીરમાં અવતરતી નથી કે સ્થાન ગ્રહણ કરતી નથી.
☆ તે કોઈ મખ્લુક–માનવીના રૂપમાં આવતો કે અવતરતો નથી.
☆ તે કોઈ દિશામાં સીમિત નથી.
☆ સઘળા માનવો, સઘળી વસ્તુઓ અને દરેકથી સર્વ રીતે તે જ્ઞાત છે.
☆ દરેકને હળપળે જુએ છે, એટલું જ નહી, દરેકના અંતરના વિચારો અને ખ્યાલો પૂર્વેથી જ જાણે છે.
☆ દરેકની દુઆ–યાચના તે સાંભળે છે અને માંગનારના હિત પ્રમાણે તેને પૂર્ણ કરે છે.
☆ એની સમીપતા માટે કોઈ માધ્યમની આવશ્યકતા નથી.
☆ એનું દરેક કાર્ય અક્કલ–હોશિયારી પૂર્વકનું અને હિતકારી હોય છે.
☆ તે સર્વ શકિત સંપન્ન છે.
☆ કોઈ તેના સરીખો નથી.
☆ તેના આદેશો અટલ છે.
☆ તે તસુભાર અત્યાચાર નથી કરતો, ગેર મુસ્લિમ ઉપર પણ નહિ.
☆ સર્વેના જીવન–મૃત્યુનો સ્વામી છે.
☆ તે જ દરેકનો અન્નદાતા છે.
☆ ઈબાદત–આરાધનાના દરેક પ્રકારો તેના માટે જ છે.
☆ તેનું જ જ્ઞાન અને તેની જ સમજ સમસ્ત સૃષ્ટિઓ પર પ્રભાવી છે.
☆ આ બધા જ ગુણો કેવળ તેમાં જ છે, અન્ય કશામાં નહી.

☆ એની વિશેષતાઓ– ખુબીઓમાં તે અનન્ય–અદ્વિતીય છે.

☆ તે દરેક પ્રકારે દુષણ–ઉણપ–દોષથી પવિત્ર છે.

## તવહીદ : માનવીય આવશ્યકતા

અલ્લાહને એક, અદ્વિતીય સમજવું, સમસ્ત સૃષ્ટિનો સર્જક, સ્વામી અને સધિયારો સમજવો, એટલે કે તવહીદ; એ વાસ્તવમાં માનવીય આવશ્યકતા છે. સ્વયં માનવીની ફિતરત અને પ્રકૃતિ તેને વાંછે, ઈચ્છે અને ઈષ્ટ સમજે છે.

ગત વીસમી સદીના મહાન ચિંતક, ઈસ્લામી વિશ્વના મહાન વિદ્વાન હઝરત મવ. અબૂલ હસન અલી નદવી રહ.ના કહેવા પ્રમાણે માણસ તેની જરૂરતોની પૂર્ણતા માટે સદા અન્યો પર નિર્ભર રહે છે, એની ઈચ્છાઓ અને આવશ્યકતાઓ અગણિત છે, ઉપરાંત આસપાસ તે શત્રુઓથી પણ ઘેરાયેલો છે, કોઈ એવો સહારો તેના શું કામ આવે ? જે તેની શકિત, સમર્થતા, જાણકારીની વિપૂલતા છતાં આખર સીમિત જ હોય, એને તો એવા સધિયારાની જરૂરત છે જે હરતરહ એની રક્ષા કરી શકે.

જેની શકિત, સમર્થતા, જાણકારી અસીમિત હોય. મા થી અધિક હેત ધરાવે, સઘળી સૃષ્ટિ–કાઈનાત પર અધિકાર ધરાવે, સર્વે ઈચ્છાઓ પૂર્ણ કરી શકે. આવી હસ્તી અલ્લાહ સિવાય અન્ય કોણ છે ? કોઈ નહીં. પરંતુ અફસોસ માનવીની દષ્ટિ આ સંબંધે ભ્રમમાં રહી જાય છે, તે તેના જેવી અન્ય નિર્બળ અને નિઃસહાય વસ્તુઓને પૂજવા–ભજવા માંડે છે.

## શિર્ક અને કુફ્રની બુનિયાદ

## અનેકેશ્વરવાદ અને નાસ્તિકતાનો આધાર

તવહીદ અને ઈસ્લામની બુનિયાદો–આધારોના જ્ઞાત થવાથી એના વિરૂદ્ધ એવી કુફ્ર શિર્કની બુનિયાદોનું જ્ઞાત થવું સ્પષ્ટ છે, કારણ કે આગ–પાણીની જેમ એ બંને પણ પૂર્ણ વિરોધાભાસી છે.

નિચોડ રૂપે શિર્કની વ્યાખ્યા કરતાં આપણે કહી શકીએ કે,

●અલ્લાહના અધિકારો, તેના આગવા ગુણો અને ખુબીઓને અન્ય કોઈનાથી સંબધિત સમજવાં કે અન્યને પણ એમાં અલ્લાહની જેમ સમજી અલ્લાહનો ભાગીદાર ગણવો,

●અથવા એમ સમજવું કે અલ્લાહ સ્વયં કે તેના પ્રાણ, આત્માકે રૂહ કોઈ માનવીય રૂપમાં અવતરી કે ઉતરી શકે,

●અથવા આ સૃષ્ટિના સંચાલનમાં કોઈ એનો ભાગીદાર છે,

●અથવા કોઈ અન્ય અલ્લાહની જેમ ભૂત–ભવિષ્યની જાણકારી ધરાવે છે,

●તે કષ્ટો યાતનાઓ દૂર કરી શકે છે,

●માલ, ખૂશી, વૈભવ, વિલાસ આપી શકે છે,

●આયુષ્ય લાંબુ–ટૂંકુ કરી શકે છે,

●અથવા એમ સમજવું કે સૃષ્ટિસંચાલન અને કાર્યપ્રબંધમાં અલ્લાહ કોઈ માણસ, માધ્યમ, કારણ કે પરિબળનો મોહતાજ હોય.

ઉપરોકત વિચારો કે માન્યતાઓ કોઈ પણ માનવી, બલકે નબી વિશે પણ રાખવા, માણસને ઈસ્લામ બહાર કરી મૂકે છે. આ વિચારો કુફ્ર– શિર્ક અને એને માનનાર કાફિર–મુશ્રિક છે.

## શિર્ક-બહુ દેવતાવાદની ખોટી વ્યાખ્યા

વર્તમાનમાં પ્રચલિત શિર્ક અને અનેકેશ્વરવાદના બધા જ પ્રકારોમાં કયાંય અલ્લાહના અસ્તિત્વનો નકાર કે એને ખાલિક, માલિક (સ્વામી– સર્જનહાર) માનવાનો વિરોધ નથી હોતો; બલકે અલ્લાહને સ્વામી– સર્જનહાર માનવાની સાથોસાથ એના અધિકારો અને ક્ષમતામાં અન્યોને પણ અલ્લાહના ભાગીદાર–સક્ષમ સમજવામાં આવે છે અને એવું કહેવામાં આવે છે કે અલ્લાહથી નિકટતા મેળવવા સારુ આમ કરવામાં આવે છે, બાકી મૂળ ઈબાદત અને આરાધના તો અલ્લાહની જ છે; વાસ્તવમાં આ પણ એક શિર્ક છે, તવહીદ નથી, આવી જ શ્રદ્ધા–માન્યતા અને અકીદો હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના સમયકાળ દરમિયાન અરબના મુશ્રિકો રાખતા હતા, કુર્આનમાં છે કે,

હે મુહંમદ !(સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) જો તમે આ કાફિરો–મુશ્રિકોથી પૂછશો કે આકાશો અને ધરતીને કોણે ઉત્પન્ન કર્યા ? તો નિઃશક તેઓ કહેશે કે "અલ્લાહે જ".

આમ અલ્લાહના અસ્તિત્વ અને સર્જન શકિતના એકરાર છતાં એમને ઈસ્લામના વર્તુળથી બહાર સમજવામાં આવ્યા, કારણ કે સર્વશકિતમાન અને સર્જનના કેન્દ્ર રૂપે એકલા અલ્લાહને નહીં, અન્યો સહિત અલ્લાહને માનતા હતા, ઈસ્લામ તો એ છે કે ફકત અલ્લાહને જ માનવામાં આવે, અલ્લાહ સાથે અન્યોને પણ માનવું ઈસ્લામમાં નથી. ઈસ્લામમાં શિર્કની ગંધથી પણ પવિત્ર એવા તવહીદ–એકેશ્વરવાદનું શિક્ષણ છે, માટે ઈસ્લામમાં એક અલ્લાહથી નિકટતા માટે કે તેનાથી માંગવા સારૂ કોઈ અન્યને માધ્યમ બનાવવું પણ સ્વીકાર્ય નથી.

## શિર્ક-બહુ દેવતાવાદ શા માટે ?

શિર્ક–બહુદેવતાવાદની માન્યતાના મૂળમાં રહેલી ખામી એ છે કે માનવીએ અલ્લાહ તઆલાને તેની ખૂબીઓ, વિશેષતાઓ, પૂર્ણતાઓ અને અધિકારો સહિત ઓળખવાનો પ્રયાસ કરવામાં અલ્લાહ માટે અન્ય રાજાઓ–સત્તાધારીઓ જેમ કયાસ કાઢયો, રાજાઓ–મહારાજાઓ તંત્ર ચલાવવામાં મંત્રીઓ–સહાયકો–સલાહકારોની સહાય લે છે અને જેમ રાજા–મહારાજાની પ્રસન્નતા–નિકટતા મેળવવા મંત્રીઓ અને પ્રધાનોને પ્રસન્ન કરવા પડે છે, લોકોએ સમજયું કે મૂર્તિઓ, ફરિશ્તાઓ, નબીઓ, દેવદૂતો, સંતપુરૂષો અને વલીઓ દ્વારા અલ્લાહની પ્રસન્નતા મેળવી શકાય છે. (નઉઝુબિલ્લાહ)

પણ જો માણસ અલ્લાહને તેની સર્વગુણ સંપન્નતા સહિત પિછાણી લે તો શિર્કભરી આવી માન્યાતાઓથી મુકત બની શકે છે.

માણસમાં શિર્કની ભાવના કે માન્યતા ઉદ્‌ભવવાના ત્રણ મુખ્ય કારણો છે :

- શયતાન –ઈબ્લીસના બહેકાવવામાં ફસાય જવું,
- વ્યકિતગત ઈચ્છા–મનેચ્છાથી પ્રેરાય જવું,

● પૂર્વજોનું આંધળું અનુકરણ.

ઈતિહાસ સાક્ષી છે અને કુર્આન કહે છે કે ઘણા લોકો શિર્ક અને બહુદેવતાવાદને અજ્ઞાનતા ભર્યું ગણે છે. અંતર–મનથી તેને સારું નથી સમજતા; પરંતુ ફકત એટલા માટે કે તેમના પૂર્વજ આ કાર્ય કરતા હતા, તેઓ પણ અજ્ઞાનતા ભર્યા એ કાર્યને વળગી રહે છે.

જો કોઈ માણસ થોડી ઘણી તંદુરસ્ત બુદ્ધિ ધરાવતો હોય, શયતાનની માનવજાત પ્રત્યેની સદાની શત્રુતાથી વાકેફ હોય, કે તે એને શિર્કમાં વળગાડી સદા માટે નર્ક–જહન્નમની આગમાં સળગાવવા માંગે છે, તો માણસ એક ક્ષણ માટે પણ શિર્કનો વિચાર સુદ્ધાં ન કરી શકે.

## શિર્ક-બહુદેવતાવાદ અને મૂર્તિપૂજાનો આરંભ

પૃથ્વી પર વસવાટ કરનાર પ્રથમ માનવી આદમ (અલૈ.) છે, એમ દરેક જાણે જ છે. અલ્લાહ તઆલાએ સર્વ પ્રથમ એમને જ પૈદા કર્યા અને એમનાથી જ માનવીનો વંશવેલો આગળ વધ્યો.

હઝરત આદમ (અલૈ.)ને તેમના પત્નિ હઝરત હવ્વા (અલૈ.) સંગાથે પૈદા કરવા પછી અલ્લાહ તઆલાએ જન્નતમાં વસાવ્યાં હતા, જન્નતમાં ઈબ્લીસ પણ પૂર્વેથી વસતો હતો, અલ્લાહે એને અસામાન્ય જ્ઞાન આપ્યું હતું, અલ્લાહે જયારે માનવીનું સર્જન કર્યું તો માનવીને અલ્લાહના સર્જનોમાં સર્વ શ્રેષ્ઠ–ઉચ્ચ ઠેરવી ફરિશ્તાઓ અને ઈબ્લીસને કહેવામાં આવ્યું કે માનવીના સન્માનાર્થે એની સામે શીશ ઝુકાવવામાં આવે, સજદહ કરવામાં આવે. આ સમયે અલ્લાહની આજ્ઞાનુસાર બધાએ જ સજદહ કર્યો, પણ ઈબ્લીસે અભિમાનથી કહ્યું કે: હું તો આગથી ઉત્પન્ન થયો છું અને આદમ માટીથી, અને માટી કરતાં આગ ઉચ્ચ છે, માટે હું આદમને સજદહ કરીશ નહીં. તેના આ અપરાધની શિક્ષા રૂપે જ અલ્લાહે એને જન્નતથી બહાર કાઢી મૂકયો; પરંતુ અલ્લાહની કૃપા દૃષ્ટિથી વાકેફ ઈબ્લીસે આ સમયે અલ્લાહથી વિનવણી કરી અને એની વિનવણીને સ્વીકારી અલ્લાહે એને શકિત આપી કે તે વેશપલટો કરી માણસના રૂપમાં આવીને કે અન્ય રીતે પ્રપંચ આદરી, કપટ કરી

દગાબાઝીથી માણસને અલ્લાહની ઈબાદતથી ગાફિલ અને શિર્કમાં પ્રવૃત કરી પોતાની જેમ અલ્લાહના ધિક્કાર અને લઅનતનું કેન્દ્ર  અને નિશાન બનાવે. ઈબ્લીસનો આશય એ હતો કે જે માનવી (આદમ)ને લઈ એણે સ્વર્ગમાંથી બહાર આવવું પડયું એ માનવીને નર્કમાં ધકેલી એના વિરૂદ્ધ પોતાની શત્રુતાની આગને ઠંડી કરે, તે પ્રયત્ન કરે છે કે વધુથી વધુ માણસોને નર્કમાં પોતાની સાથે ઢસડી જાય.

અલ્લાહ તઆલાએ આ અધિકાર આપવાની સાથે એને સુણાવી દીધું હતું કે તારી જાળમાં ફકત તે લોકો ફસાશે, જેઓ તારા કહેવામાં આવી જશે; પરંતુ મારા નેક બંદાઓ તારી આ જાળમાં ફસાશે નહીં, તેઓ રક્ષિત  જ રહેશે.

બીજી તરફ પોતાના પ્રિય સર્જન માનવીને તેના પ્રત્યેની અલ્લાહની પ્રીતના કારણે અલ્લાહે પહેલેથી જ દર્શાવી દીધું હતું કે શયતાન તમારો સદાકાળી શત્રુ છે, તેનાથી સાવચેત રહેવામાં આવે, તેની માયાજાળમાં આવશો નહીં.

માનવીને અલ્લાહે આપેલ આ સ્પષ્ટ માર્ગદર્શનના કારણે શયતાન માટે શકય ન હતું કે પોતાના વાસ્તવિક રૂપમાં માનવીને પદભ્રષ્ટ કરી શકે, ઉપરાંત એ ચાલાક શત્રુ જાણતો પણ હતો કે અલ્લાહ એના બંદાઓના શિર્ક અને મૂર્તિ પૂજા સિવાયના સઘળા ગુનાહો અને પાપો ક્ષમા કરી શકે છે. માટે એણે એના પ્રપંચો અને પ્રયત્નોનું મહત્વનું મિશન જ આ બનાવી લીધું કે કોઈ પણ રીતે અલ્લાહના મો'મિન–મુસલમાન બંદાઓને તવહીદ–ઈમાનથી પદભ્રષ્ટ કરી, કુફ્ર–શિર્ક (નાસ્તિકપણા–બહુદેવતાવાદ)માં ફસાદી દેવામાં આવે.

હઝરત આદમ (અલૈ.)ના ધરતી પર વસવાટ અપનાવવાના કાળથી જ ઈબ્લીસે તે માટેના પ્રયત્નો આરંભી દીધા, પરંતુ એક લાંબા સમય સુધી તેનો કોઈ દાવ માનવી ઉપર સફળ થયો નહીં, ઈબ્લીસ માનવીને જઈ કેવી રીતે કહી શકે કે તમે અલ્લાહની ઈબાદત ત્યજી દો, અન્યોને પૂજવા માંડો, માટે એણે બીજી રાહ અપનાવી.

જયારે કોઈ નેક–સદાચારી સજ્જન માણસનું અવસાન થતું તો

વારસદારો પાસે આવી કહેતોઃ મૃત્યુ પામનાર આપના પૂર્વજના સદગુણો–સદકાર્યોની કદર રૂપે અને એને જીવનનો આદર્શ બનાવવા સારુ યાદ રાખવો આવશ્યક છે. અને એની સરળ રીત એ છે કે એની છબી કે ફોટો યાદરૂપે બનાવી લેવામાં આવે, અમૂક માણસો એની જાળમાં ફસાય ગયા, એક મુદત બાદ એણે લોકોને બતાવ્યું કે આવા સંતપુરૂષ, સદાચારી અને સદગુણી પૂર્વજોનું પૂતળું બનાવી લેવામાં આવે. હવે જયારે પણ કોઈ નેક માણસનું મૃત્યું થતું તો એનું પૂતળું બનાવી ઘરો, તીર્થસ્થાનો, પૂજાગૃહો, ઈબાદતગાહોમાં મૂકાવા માંડયું, એક સારા આશય અને આદર્શ રૂપે બનાવી મૂકવામાં આવતા આ પૂતળાઓને એ મરનારના નામ સાથે જોડવામાં આવતા, મક્કામાં અને અરબોમાં પ્રખ્યાત લાત–મનાતની મૂર્તિઓ આજ પ્રમાણે વિવિધ મૃતકોના નામે હતી, પ્રારંભે આવી મૂર્તિઓને બનાવનારા મૂર્તિઓને ફકત માનની નજરે જોતા, પછી ધીરે ધીરે એમની અવલાદ આગળ વધીને એમને ચૂમવા માંડી, તેમના પછીની પેઢી એક કદમ આગળ વધીને એમની સમક્ષ ઝૂકવા માંડી, અંતે એવા દિવસો આવ્યા કે લોકો એની પૂજા કરવા મંડી પડયા, એને શકિતધારી, કષ્ટભંજક અને મુશ્કિલકુશા સમજી લેવામાં આવ્યાં, આ પેઢીને યાદ પણ ન રહ્યું કે એમના પૂર્વજોએ આ પૂતળાઓ શા માટે બનાવ્યાં હતાં અને શું આશયે ઘરો, ઈબાદતઘરોમાં ગોઠવ્યાં હતા. જે પૂતળાઓ મૂકવાનો આશય એને જોઈ પૂર્વજ સંતો બુઝુર્ગોની ઈબાદત, તપ–તપસ્યા યાદ કરી એના અનુસરણનો પ્રયત્ન કરવાનો હતો, એ પૂતળાઓ જ હવે સ્વયં પૂજાવા લાગ્યાં, આમ ઈબ્લીસ શયતાને તેની ચાલાકી દ્વારા માણસજાતમાં શિર્કની બુનિયાદ નાંખી દીધી અને છેલ્લે પરિસ્થિતિ ત્યાં સુધી પહોંચી કે માણસ દરેક તે વસ્તુને પૂજવા માડયો, જેમાં એને કોઈ લાભ કે શકિત દેખાય. સૂર્ય–ચંદ્રને એમના પ્રકાશના પ્રતાપે તો ઝાડને ફળ આપવાને કારણે દેવ બનાવી લેવામાં આવ્યું, ગાયને દૂધ આપવાના કારણે તો સર્પ–અગ્નિને ક્ષતિ પહોંચાડવાની શકિતને કારણે દેવતા માની લેવામાં આવ્યા.

માણસજાતને આવી ગુમરાહી – પદભ્રષ્ટતાથી કાઢવા સારુ અલ્લાહે

અવાર–નવાર અનેક નબીઓ અને પયગમ્બરો પેદા કર્યા, તેમના માર્ગદર્શનમાં ઘણી કોમોએ પાશ્ચાતાપ કરી પોતાનું જીવન સુધાર્યું, પરંતુ પાછળથી આવનારી એમની પેઢીઓએ એ પયગમ્બરોના માર્ગદર્શનમાં ભેળસેળ કરી એને બગાડી નાંખ્યું, જે વાતો એમણે કહી જ ન હતી, એવી વાતો એમના સાથે જોડી દેવામાં આવી, હદ તો ત્યારે થઈ કે આ નબીઓને પણ અંતે અલ્લાહ–ઈશ્વર સમજી લોક પૂજવા માંડયું, કોઈએ એમને અલ્લાહનો પુત્ર કહ્યો તો કોઈએ અવતાર !!!

## કેવળ એક અલ્લાહ જ સર્જક અને સર્જનહાર હોવાનો પૂરાવો

માણસ જો અલ્લાહની અપાર સૃષ્ટિમાંથી કેવળ એને દ્રશ્યમાન એક આકાશ તળે અસ્તિત્વ ધરાવતા અવકાશની અત્યાર પર્યંત વૈજ્ઞાનિક રીતે સંશોધિત વિશાળતા ઉપર જ દષ્ટિ કરે તો સહજ રીતે જ પોકારી ઉઠે કે આ વિશાળ સૃષ્ટિનું સર્જન અલ્લાહ સિવાય માનવી કે અન્ય કોઈ શકિત દ્વારા શકય નથી, આ જ પ્રમાણે સૃષ્ટિના સર્જનમાં રહેલી સુંદર વ્યવસ્થા અને અનુપમતા ઉપર વિચાર કરવામાં આવે તો માણસ અચંબામાં પડી જાય અને નિઃશક માનવીનું અંતર સાક્ષી આપે કે એક અલ્લાહનું અસ્તિત્વ જ આ સૃષ્ટિનું સંચાલન કરે છે. અત્રે એને ડગલેને પગલે અલ્લાહની એકત્વતા અને ઉચ્ચતાના એવા પુરાવાઓ મળે છે કે કુફ્ર–શિર્કના નિરાધાર સઘળા વિચારો ઉડી જાય અને અનાયાસે પણ માનવીના દિમાગમાં કોઈ અન્યને અલ્લાહ જેવો સમજવાના વિચારો નીકળી જાય.

## ''બ્રહ્માંડની વિશાળતા''

૨૧મી સદીમાં વિજ્ઞાનની પ્રગતિના પ્રતાપે માનવીએ કરેલા સંશોધનોથી જે વિગતો સામે આવી રહી છે તે એટલી બધી આશ્ચર્યજનક છે કે એના આધારે એક અલ્લાહને સર્જનહાર સ્વામી અને સાચો માબૂદ માનવું વધુ સરળ થઈ ગયું છે.

## અમે અત્રે કંઈક વિગત દર્શાવીએ છીએ

ધરતી, વિશ્વ, બ્રહ્માંડ આ ત્રણ એક બીજાથી નોખી પરિભાષાઓ છે, અને દરેકનો જુદો જુદો અર્થ છે,

ધરતી–જમીન એક ગ્રહ છે, આપણા સૌનો વસવાટ એના ઉપર જ છે.

દુનિયા એટલે સૌથી નીચેના આકાશ તળે અસ્તિત્વ ધરાવતી દરેક વસ્તુ; જેમાં ચંદ્ર, સુર્ય, ધરતી, ઉપરાંત અલ્લાહે ઉત્પન્ન કરેલ દરેક વસ્તુ, અરબો તારાઓ, ગ્રહો વગેરે આવી જાય છે.

અને બાહ્માંડ–સૃષ્ટી અલ્લાહે ઉત્પન્ન કરેલ દરેક વસ્તુને કહેવામાં આવશે, એમાં સાતેવ આકાશ, જમીન, સ્વર્ગ, નર્ક, અલ્લાહનો અર્શ વગેરે બધું જ શામેલ છે.

બ્રહ્માંડની વિશાળતા કેટલી છે ? એનો તાગ મેળવવો હોય તો કહી શકાય કે વૈજ્ઞાનિકોના મતે પચાસ ખરબ વરસથી વધુ આયુષ્ય ધરાવતા બ્રહ્માંડમાં છ અરબ માનવો અને અન્ય પ્રાણીઓની એક કરોડ જાતિઓ ધરાવતી આપણી આ ધરતી સમસ્ત બ્રહ્માંડમાં નહીં, ફકત આકાશ તળે દેખાતી દુનિયા સમક્ષ એક ટપકા જેવડી છે.

ટપકા જેવડી આ ધરતી સૂર્યની આસપાસ ૧૯ કરોડ માઈલનું એક ચક્કર એક વરસમાં પૂરૂં કરે છે, તે કેટલી વિશાળ છે ? સૂર્યથી પંદર કરોડ કિલોમીટર દૂર પોતાની ધરી ઉપર કલાકના એક હજાર માઈલની ઝડપે ફરતી નારંગી કદની આ ધરતી ૫૧ કરોડ ચોરસ કિલોમીટરનું ક્ષેત્રફળ ધરાવે છે, એમાંથી ૩૬ કરોડ જેટલા કિલોમીટરનો વિસ્તાર પાણીથી ઘેરાયેલો છે. એટલે ૫૧માંથી ફકત ૧૫ કરોડ ચોરસ કિલોમીટર વિસ્તાર સૂકો છે અને એના ફકત દસ ટકા વિસ્તાર ઉપર ૬ અરબથી વધુ માણસો અને ખરબો અન્ય પ્રાણીઓ વસે છે, એટલે ૯૦ ટકા સૂકો પ્રદેશ રણ, વન અને પહાડોથી ઘેરાયેલો છે. એના ઉપર પાંચ મોટા સમુદ્રો છે, એમાથી એક.....ની વિશાળતા આખી પૃથ્વીના સૂકા વિસ્તાર કરતાં વધુ છે, એનું કુલ ક્ષેત્રફળ સોળ કરોડ બાવન લાખ ચોરસ કિલોમીટર છે. સરેરાશ તેની

ઊંડાઈ ૧૭ હજાર ફુટ છે, અર્થાત એમાં ૧૭ સો માળની ઊંચી બિલ્ડીંગ બાંધી શકાય છે, એમાં તરતી વ્હેલ માછલી લગભગ દોઢસો ફુટ લાંબી એટલે કે પંદર માલની બિંલ્ડીંગ જેટલી હોય છે, ૨૦–૨૫ માણસો એકી સાથે ઊભા રહે એવડુ મોટું તો એનું મોઢું હોય છે, એક સમુદ્રમાં આવી કરોડો માછલીઓ હોય છે.

અમૂક વરસો પૂર્વે સ્કોટલેન્ડમાં માછલીઓ પકડવાની એક હરીફાઈમાં એક સામટી એક અરબ માછલીઓ પકડવામાં આવી હતી, અંદાજો લગાવો આખા સમુદ્રમાં કેટલી માછલીઓ હશે ?

સમુદ્રમાં સોનાના ખઝાનાઓ પણ ભરપૂર છે, એક ચોરસ માઈલ પાણીમાં પથરાયેલી રેતીમાં પચાસ લાખ રૂપિયાનું સોનું હોય છે અને આખા સમુદ્રમાં ૩૨ કરોડ ચોરસ માઈલથી વધુ પાણી છે. સમુદ્રોમાં કુલ મળી સાત લાખ ટાપુઓ છે, ગ્રીનલેન્ડ નામનો ટાપુ ૨૧ લાખ, ૭૫ હજાર ૬ સો ચોરસ માઈલનું ક્ષેત્રફળ ધરાવે છે, એટલે બે તૃતીયાંશ ભારત તેમાં સમાય જાય.

જમીન–ધરતીની આટલી વિશાળતા છતાં તે કેટલી નાની છે, તે જાણીએ. જે સૂર્યમંડળનો પૃથ્વી એક ભાગ છે, એ સૂર્ય જ એટલો મોટો છે કે એમાં આવી ૧૬ પૃથ્વીઓ સમાય શકે, આ સૂરજ બીજા સૂરજ કરતાં એટલો નાનો છે કે એમાં આપણી પૃથ્વી જેવી એક અરબ ત્રીસ કરોડ પૃથ્વીઓ એટલે કે એક હઝાર સુર્ય આવી જાય.

વૈજ્ઞાનિકો અત્યાર સુધી ઉપગ્રહો અને ટેલિસ્કોપ વડે ત્રીસ અરબ ગ્રહોના ફોટા મેળવી ચૂકયા છે, એક સામાન્ય માણસ તો એક સમયે આકાશમાં ફકત પાંચ હજાર જ તારાઓ નિહાળી શકે છે, અને એક સામાન્ય દૂરબીન વડે એકી સાથે વીસ–બાવીસ લાખ તારાઓ જોઈ શકાય, અને વિશ્વના મહાશય દૂરબીન હબલ વડે એકી સાથે અરબો તારાઓ અને ગ્રહો નિહાળી શકાય છે.

પૃથ્વી, ચંદ્ર અને સૂર્ય આધારિત આપણા સૂર્ય મંડળનો અન્ય એક ગ્રહ પ્લુટો તો પૃથ્વીથી પાંચ અરબ છયાસી કિલોમીટર દૂર છે.

આવા કેટલાયે મંડળો છે જેને તારા મંડળ કહેવામાં આવે છે, તારામંડળ કેટલું વિશાળ છે, એ જાણવા માટે આટલું બસ છે કે એક સેકન્ડે ત્રણ લાખ કિલોમીટરની ઝડપ ધરાવતા પ્રકાશને તારામંડળના એક કિનારેથી બીજા કિનારે પહોંચતા એક લાખ વરસનો સમય લાગે છે. તારા મંડળનો સરેરાશ વિસ્તાર ૮ લાખ ખરબ ચોરસ કિ.મી છે અને અત્યાર સુધી આવા પચાસ કરોડ તારામંડળોનું અસ્તિત્વ સાબિત થઈ ચુકયું છે. દરેક તારામંડળમાં આપણા સૂરજ જેવડા એક ખરબ ગ્રહો હોય છે, પૃથ્વી અને સૂર્ય વચ્ચે પંદર કરોડ કિ.મી.નું અંતર છે, સૂર્યપ્રકાશને પૃથ્વી ઉપર પહોંચવામાં સાડા આઠ મિનીટનો સમય લાગે છે. અમૂક ગ્રહો તો પૃથ્વીથી એટલા દૂર છે કે એના પ્રકાશને પૃથ્વી ઉપર પહોંચવા માટે એક કરોડ પચાસ લાખ વરસનો સમય આવશ્યક છે.

પ્રખ્યાત વૈજ્ઞાનિક આઈનસ્ટાઈને (મરણ : ૧૯૫૫) આજથી પચાસ વરસ પૂર્વે સંશોધિત વિશ્વની વિશાળતા દર્શાવતા કહ્યું હતું કે જો એવું વિમાન બનાવવામાં આવે જે પ્રકાશની જેમ સેકન્ડે ત્રણ લાખ કિ.મી.ની ઝડપ ધરાવતું હોય, તો આખા વિશ્વનું એક ચક્કર લગાવતાં એને એક અરબ વરસો જોઈએ. આ પણ ફકત તેનું અનુમાન હતું, બાકી વાસ્તવિકતા એ છે કે સૃષ્ટીની વિશાળતા આના કરતાં કંઈ ગણી વધુ છે.

કોઈને શંકા ઉપજે કે આ બધા ગ્રહો ઉપર ગયા વિના માણસે એમનું અંતર કેવી રીતે જાણી લીધું ? એનો જવાબ છે કે હવે એવી દૂરબીનો શોધાય ચૂકી છે કે જેના વડે કરોડો માઈલ દૂરની વસ્તુઓ જોઈ પણ શકાય અને એનું અંતર પણ જાણી શકાય. આ માટે ફકત ચંદ્રનું ઉદાહરણ પૂરતું છે, આવી દૂરબીનો વડે જ માનવીએ કહ્યું હતું કે ચંદ્ર પૃથ્વીથી ત્રણ લાખ ચોરસ હજાર કિ.મી. દૂર છે, ૩૪૭૫ કિ.મી.નું વર્તુળ ધરાવે છે, અર્થાત ધરતી કરતાં પચાસ ગણો નાનો છે, પછી જયારે ૧૬ જુલાઈ ૧૯૬૯ના દિવસે અમેરિકાની સંશોધન સંસ્થા નાસા દ્વારા છોડાયેલા એપોલો યાન દ્વારા માનવી ચંદ્ર ઉપર પહોંચ્યો તો ચંદ્રના વિસ્તાર, ક્ષેત્રફળ અને અંતર વિશેની બધી ગણતરીઓ સાચી પડી.

# એટમનું સર્જન

અપાર બ્રહ્માંડ એક અલ્લાહના જ સર્જન હોવાનો પુરાવો છે. અને જેમ તે આવા અપાર બ્રહ્માંડના સર્જક હોવાની શકિત ધરાવે છે, એ જ પ્રમાણે અતિસુક્ષ્મ ગણતા એટમનું સર્જન પણ તેની સર્જન શકિતનો મહાપૂરાવો છે.

વૈજ્ઞાનિકોના માટે એટમ સૌથી નાની વસ્તુ છે, વસ્તુને લાખો ગણી મોટી દેખાડતી દૂરબીનો વડે પણ તે જોઈ શકાતો નથી, આ એટમમાં હવે વૈજ્ઞાનિકો કહે છે કે જેમ તારામંડળમાં વિવિધ ગ્રહો એકબીજાથી અંતર રાખી તરે ફરે છે એવી જ રીતે એક એટમમાં પણ અનેક તત્વો તરે ફરે છે અને અંતર પણ ધરાવે છે, અલ્લાહ તઆલાએ આ એટમમાં કેટલી શકિત મૂકી છે, એ જાણીને જ માનવીએ એનાથી એટમ બોમ્બ બનાવ્યા, જે ક્ષણભરમાં લાખો માણસોનો નાશ કરી દે છે, બીજા વિશ્વયુદ્ધમાં ૧૬ ઓગષ્ટ ૧૯૬૫ના દિવસે અમેરીકાએ જાપાનના હિરોશીમા ઉપર એટમ બોમ્બ ૧૮૦૦ ફુટની ઊંચાઈએથી ફેંકયો તો અમુક મીનિટોમાં ૧ લાખ ૩૬ હજાર નવસો માણસોનો ખાતમો બોલી ગયો, ૭૫ હજારમાંથી પચાસ હજાર મકાનો ધ્વસ્ત થઈ ગયા, ૧૮ હજાર ચોરસ માઈલ વિસ્તાર ખંડેર બની ગયો, અને ૫૦ હજાર ફુટ ઊંચે સુધી ધુમાડાઓના વાદળો ગયા હતા. ૯ ઓગષ્ટ ૧૯૪૫ના દિવસે સમુદ્ર તટે વસેલા જાપાની શહેર નાગાશાકી ઉપર પણ આવો જ બોમ્બ ફેંકવામાં આવ્યો હતો, જેમાં ૭૩૮૮૪ માણસો મર્યા, ૭૬૦૦૦ ઝખ્મી થયા, આ એટમને માનવી હજુ સો વરસથી ઓળખતો થયો છે, પરંતુ કુર્આને ૧૪ સો વરસ પૂર્વેથી એનું વર્ણન કરી દીધું હતું, બલકે એવું પણ કહી દીધું હતુ કે એથી વધુ સુક્ષ્મ વસ્તુઓ પણ દુનિયામાં હોય શકે છે.

અલ્લાહનું કથન છે કે હે માનવો ! તમારી નાની મોટી દરેક વસ્તુ પર અમારી વોચ રહે છે, અમારી દ્રષ્ટી એટમ જેવી નાની વસ્તુઓ જ નહી, બલકે એનાથી વધુ સુક્ષ્મ વસ્તુઓ ઉપર પણ વોચ રાખે છે.

*(યુનુસ : ૬૧)*

મેડીકલ સાયન્સના આધારે આજે કહેવામાં આવે છે કે લોહી એટલા માટે લાલ હોય છે કે એમાં નાના સુક્ષ્મ લાલ રંગના કણો હોય છે, જે એક ઈંચના સાત હજારમાં ભાગ જેટલા નાના હોય છે, જેને સામાન્ય દૂરબીનો વડે તો જોઈ પણ શકાતા નથી.

## આટલું વિશાળ બ્રહ્માંડ સર્જવાની શકિત કોની ? :

ઉપરોકત વિગતોથી સમજી શકાય છે કે આવું વિશાળ બ્રહ્માંડ નહીં, એનાથી કંઈ ગણી નાની વસ્તુ બનાવવી પણ અલ્લાહ સિવાય માનવી કે અન્ય કોઈના હાથમાં નથી.

હવે પ્રશ્ન એ છે કે આ બધી વસ્તુ શા માટે સર્જવામાં આવી છે ? આટલી સુંદર વ્યવસ્થા અને ચીવટથી કોણ એને કંટ્રોલ કરે છે ? આ બધું સમજવા, જાણવા, માનવા અને આ બધામાં પોતાનું સ્થાન અને અસ્તિત્વનો આશય સમજીને જીવન વિતાવવાનું નામ ઈમાન અને ઈસ્લામ છે.

નાસ્તિકો કહે છે કે આ બધું સ્વયં આપમેળે જ અસ્તિત્વમાં આવી ગયું છે, જો એમ જ હોય તો તેઓ કોઈ નાની વસ્તુ વિષે પૂરવાર કરી બતાવે કે તે સ્વયં અસ્તિત્વમાં આવી હોય, માનવી માં દ્વારા જન્મ્યો, માના પેટમાં વિર્ય દ્વારા પહોંચ્યો, વિર્યનું ટીપું ખોરાક–અન્ન દ્વારા બન્યું, અન્ન બીજથી ઉગ્યું અને બીજ કયાંથી..... આમ જેટલું આગળ વિચારવામાં આવે સાંકળ લાંબી જ થશે, દરેક વસ્તુ કોઈ બીજી વસ્તુ દ્વારા બની છે, એ માનવું જ રહ્યું.

આવી સામાન્ય વસ્તુઓ સ્વયં અસ્તિત્વમાં નથી આવી શકતી, તો આખા બ્રહ્માંડના સ્વયં અસ્તિત્વને કેવી રીતે માની લેવામાં આવે ?

મૂર્તિ પૂજકો કહે છે કે એમની મૂર્તિઓ અને દેવતાઓએ આ બ્રહ્માંડનું સર્જન કર્યુ છે, કુર્આનનો એમને પડકાર છે કે માનવી સામે એક માખી બનાવી એમા પ્રાણ ફૂંકી બતાવે.

મુશ્રિકો (અલ્લાહ સિવાય અન્યોને અલ્લાહ સરખા ગણનારાઓ) અને કાફિરો (અલ્લાહના અસ્તિત્વને નકારનારા) પણ સ્વીકારે છે કે આ

બધું એક અલ્લાહનું જ સર્જન છે, પરંતુ સાથે જ તેઓ માને છે કે સર્જનમાં નહીં, પણ સાંચાલનમાં અમૂક અન્યો તેના સહયોગી છે, ભાગીદાર છે, પરંતુ ઈસ્લામ કહે છે કે જેમ આખા વિશ્વનું સર્જન અલ્લાહ તઆલાનું જ છે, એમાં કોઈ અન્યને કંઈ અધિકાર પ્રાપ્ત હોય કે તે કોઈ અન્યનો મોહતાજ હોય એ ખોટું છે.

## સૃષ્ટીની સુવ્યવસ્થા : એક અલ્લાહના અસ્તિત્વનો મજબૂત પૂરાવો

બ્રહ્માંડની રચના અને તેની સંચાલન વ્યવસ્થા એટલી યોગ્ય અને નૈસર્ગિક છે કે થોડીવારનું ગ્રહન–ચિંતન પણ માનવીને એના સંચાલક અને સર્જનહારના અસ્તિત્વ અને એકત્વતાને માનવા વિવશ કરી દે.

કુર્આનમાં અલ્લાહ પ્રશ્ન પૂછે છે કે હે માનવી ! તારા માથા પર દેખાતા આકાશને થાંભલાઓ વિના કોણે બનાવ્યું છે અને ટકાવ્યું છે ? શું આટલા મસમોટા આકાશમાં તને કયાંક ખામી કે ઉણપ દેખાય છે ? એક વાર નહીં વારંવાર જો, જોઈને થાકી જવાશે, પરંતુ એમાં ઉણપ ન દેખાશે, તારી ઉપર તૂટી પડવાથી કોણે એને પકડી રાખ્યું છે ? આ બધું અલ્લાહ સિવાય કોના અધિકારમાં છે ?

આસમાન કેટલું દૂર છે ? કેટલી ઊંચાઈએ છે ? કેટલું મોટું છે ? હજુ તેનો કોઈ ચોક્કસ જવાબ નથી, કારણ કે તેની ઊંચાઈ અને વિશાળતાની હદ જ જોવામાં નથી આવતી, વિજ્ઞાન દ્વારા દૂરબીનો વડે સૂર્યથી પણ દૂર, એવા ગ્રહો જોઈ શકાય છે, જેમના પ્રકાશને પ્રતિ સેકન્ડે ૩ લાખ કિ.મી.નું અંતર કાપવા છતાં પૃથ્વી પર પહોંચતા એક કરોડ પચાસ વરસનો સમય લાગે છે, આટલા દૂરની વસ્તુઓ જોઈ માની લીધા પછી હજુ પણ આસમાન કેટલું દૂર છે, એ જાણવું બાકી જ છે.

આસમાન તળે જેટલા ગ્રહો અને તારાઓ છે, દરેકના રોટેશન અને પ્રદક્ષિણાના રસ્તાઓ નક્કી છે, જેને ભ્રમણકક્ષા કહેવામાં આવે છે. આ બધાની પ્રદક્ષિણા અને પરિભ્રમણની જે વ્યવસ્થા સદીઓથી ચાલતી આવી છે આજે પણ તેમાં સેકન્ડ જેટલો તફાવત નથી, આ નક્કી ભ્રમણ

અને વ્યવસ્થાના આધારે જ વરસો પહેલાંથી સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણની ગણતરી અને આગાહી થઈ શકે છે. અલ્લાહ તઆલા કહે છે,

દરેક નિયત સમય પ્રમાણે ચાલે છે. *(રઅદ : ૨)*

કયાંય અથડામણ કે અસ્તવ્યસ્તતા નથી.

સૂર્ય દરેક ગ્રહો માટે ઊર્જાનો સ્ત્રોત છે, એક એવો આગનો ગોળો છે, જેમાં દસ લાખ ડીગ્રીની ઊર્જા છે, આ ઊર્જા પૂરી પૃથ્વીને અનેક વાર ઓગાળી નાંખવા પૂરતી છે. કલાકના દસ લાખ કિ.મીની ઝડપે ધરિભ્રમણ કરે છે અને સેકન્ડે ૧૨ માઈલની ઝડપે પરિભ્રમણ કરે છે.

જો પૃથ્વીથી સૂર્યનું વર્તમાન અંતર ઘટી જાય તો પૃથ્વીવાસીઓ માટે ગરમી અસહ્ય થઈ પડે, જો અંતર વધી જાય તો ઠંડી અસહ્ય થઈ પડે. જો અન્ય કોઈ ગરમ ગ્રહ સૂર્યના સ્થાને આવી જોય તો પણ પૃથ્વી ઓગળી જાય, સૂર્યની આવી અમાપ ઊર્જાથી પૃથ્વીવાસીઓની રક્ષા કરવા અને ઉષ્ણાતાપમાન ઓછું કરવા કુદરતી રીતે જ અલ્લાહ તરફથી ગેસનું એક પડ પૃથ્વીની ચારે તરફ રચવામાં આવ્યું છે. વિજ્ઞાનની પરિભાષામાં એને OZONE કહે છે. વિજ્ઞાનની ગમે તેટલી પ્રગતિ છતાં એનાથી ઉપર માનવ જીવન શકય નથી. કારણ કે આવશ્યક એવું ઓકસિજન ત્યાં ઉપલબ્ધ જ નથી, હા જો પૃથ્વી પરથી ઓકિસજન લઈને જવામાં આવે તો જુદી વાત છે.

કુર્આનમાં ૧૪૦૦ વરસ પૂર્વે અલ્લાહ તઆલાએ કહી દીધું હતું કે તમારા માટે માટે પૃથ્વી ઉપર રહેવાનું અને એક સમય સુધી લાભ લેવાનો છે. *(બકરહ : ૩૬)*

આ જ સુધી શોધાય ચૂકેલા દરેક ગ્રહ ઉપર માનવ જીવનની શકયતા જણાઈ નથી, કયાંક પાણી છે તો ઓકિસજન નથી, ઓકિસજન છે તો પાણી નથી, કુર્આનના કહેવા અનુસાર પૃથ્વી જેવી વિશેષતાવાળો ગ્રહ શોધવો એમના માટે શકય પણ નથી.

સમુદ્રોની અથાગ ઊંડાઈઓ પર ચિંતન–મનન કરવામાં આવે તો એ પણ સર્જનહારની પરિપૂર્ણતાની પૂરી સાક્ષી પૂરે છે. ઉદાહરણ રૂપે

એના પાણી વિશે વિચારીએ, પાણીની વિશેષતા એ છે કે એક જ સાથે ભરાય રહેવાથી એમાં દુર્ગંધ અને સડો પેસી જાય છે. પરંતુ મોજાંઓ અને ભરતી–ઓટની એવી સુંદર વ્યવસ્થા રચવામાં આવી છે કે આજ સુધી આ પાણીમાં દુર્ગંધનો અણસાર નથી. એક અંદાજા મુજબ સમુદ્રમાં એટલું પાણી છે કે જો એને બીજા સ્થળે ભરવું હોય તો ૩૨ કરોડ ૩૭ લાખ ૨૨ હજાર ચોરસ માઈલનો વિસ્તાર આવશ્યક છે.

આ ખારા સમુદ્રોમાં એટલું મીઠું છે કે જો તે અલગ તારવામાં આવે તો એક માઈલ જાડા પડથી આ મીઠું સિત્તેર લાખ, ચોરસ માઈલ વિસ્તારને ઢાંકી દે, અલ્લાહની કુદરત તો જુઓ કે મધદરિયે એક ટાપુ છે, જેની આસપાસ અને નીચેનું પાણી ખારૂં છે, પરંતુ એ ટાપુ ઉપર કુવો ખોદવામાં આવે છે તો એમાંથી મીઠું પાણી નીકળે છે.

કુર્આનમાં એથી વધુ અચંબામાં નાખનારી વાસ્તવિકતાનો ઉલ્લેખ છે કે એક સાથે વહેતા પાણીમાં એક તરફનું પાણી મીઠું અને બીજી તરફનું પાણી ખારૂં હોય એ અમારી કુદરત છે. *(ફાતિર : ૧૨)*

પાણીની એક વિશેષતા આ પણ છે કે કોઈ અન્ય સાથે ભળી તે પોતાની મૂળ સ્થિતિ ઉપર નથી રહેતું, જો ઓછું હોય તો ભળી જાય છે, અને વધારે માત્રામાં હોય તો પ્રભાવી થઈ જાય છે, પાણીની વધુ માત્રામાં જો શરબત મિકસ કરવામાં આવે તો પાણી પ્રભાવી થઈ શરબતના મૂળતત્વને બદલી નાંખે છે, ન તેનો રંગ રહે છે, ન સ્વાદ, એથી ઉલટું જો પાણી ઓછું અને શરબત વધારે હોય તો પાણી પણ જાણે શરબત બની જાય છે, કહેવાનું તાત્પર્ય એ કે સ્વયંથી વિપરીત રંગ કે સ્વાદ સાથે ભળી પાણી તે સ્વાદ કે રંગથી અલિપ્ત રહી શકતું નથી, પરંતુ સમુદ્રોમાં એવા કેટલાયે સ્થળો છે, જયાં બે રંગના પાણી એક સાથે વહે છે, ભારતના યુ.પી.માં અલ્હાબાદ શહેરમાં ગંગા જમના સંગમ સ્થળે આ દ્રશ્ય નિહાળી શકાય છે, અરબ ખાડીમાં બહરૈન નિકટ અને બંગાલ અને ઈરાની અખાતોમાં પણ આવા સ્થળો છે.

પ્રશ્ન એ છે કે કંઈ વસ્તુ છે ? જે બન્ને પાણીઓને એક બીજામાં

ભળી જવાથી રોકી રાખે છે ?

અલ્લાહ તઆલા કુર્આનમાં કહે છે કે, અમે જ એ બંને સમુદ્રોને ભેગા ચલાવ્યા છે, અને બન્ને મધ્યે એક જોઈ ન શકાય એવી આડ મૂકી દીધી છે. *(રહમાન : ૨૦)*

ઉનાળામાં બાષ્પીભવન દ્વારા સમુદ્રના ખારા પાણી ઉડીને વાદળો રૂપે જામે છે અને પછી વરસાદ રૂપે મીઠું પાણી વરસે છે અલ્લાહ સિવાય આમ કોણ કરી શકે છે ?

## સર્જનમાં પરિપૂર્ણતા

અલ્લાહ તઆલા દરેક વસ્તુનો સર્જક અને સ્વામી છે, ઉપરાંત દરેક વસ્તુના સર્જનની સંપૂર્ણ સત્તા અને શકિત ધરાવે છે. તે એમ નથી કહેતો કે અમે આ કે તે બનાવી શકીએ છીએ, બલકે તેણે કહી દીધું કે તે દરેક વસ્તુ ઉપર શકિતમાન છે.

એના સર્જનોની સુંદરતા, સજાવટ, સપ્રમાણતા, દઢ્તા અને ઉપયોગિતા જ એની શકિત અને કુદરતની શાક્ષી પૂરે છે. માના પેટમાં ઉછેર પામતાં બાળકની કલ્પના કરીએ, વીર્યના એક ટીપાંમાં અસ્તિત્વ ધરાવતા લાખો બેકટેરિયામાંથી ફકત એક દ્વારા જ કેટલો સુંદર માનવી અલ્લાહ પેદા કરે છે, કુર્આનમાં અનેક જગાએ અલ્લાહ તઆલા માનવીને તેની આવી શકિતઓ વિશે ચિંતન મનન કરવાનું આમંત્રણ આપે છે.

વીર્યનું એક ટીપું કેમ કરી બાળકમાં રૂપાંતરિત થઈ જાય છે ? કેમ કરી તે પહેલાં લોહી રૂપે જામે છે ? પછી એમાં હાડકાં, એના ઉપર ગોશ્ત અને દરેક અવયવ યોગ્ય રીતે કેમ કરી બને છે ? એમાં કેમ કરી પ્રાણ રેડાય છે, અને બહાર નીકળે છે, વીર્યના એક ટીપાં કે એક કોષથી માનવીનું સર્જન તો પાછળની વાત, કોઈ હજુ તાજા જન્મેલા બાળકને પાછું માંના પેટમાં મૂકી બતાવે તો મેડિકલ સાયન્સની આટલી બધી પ્રગતિ છતાં આ શકય નથી.

છ મહિને બાળકમાં અલ્લાહ પ્રાણ જીવ રેડે છે, અને પછીના ત્રણ માસ મા ના ઉદરમાં લોહી રૂપી ખોરાક એને પહોંચાડવામાં આવે છે. શું

જન્મ પછી પણ આ લોહી વડે તે જીવી શકે છે ?

મા ના બધા ઉદરમાં જયાં હવા કે શ્વાસનો કોઈ અવકાશ નથી, ત્યાં મોજૂદ પાણીમાં તરતાં તરતાં તે કેવી રીતે જીવે છે ? જન્મ બાદ અમૂક મીનીટ માટે જ જો હવા રોકી દેવામાં આવે, પાણી ભરેલી બાલદીમાં ડૂબાડી દેવામાં આવે તો શું એ જીવંત રહી શકે છે ?

વીર્યના ટીપાંમાંથી લોહી, લોહીમાંથી હાડકાં, તે પછી ગોશ્ત, પછી યોગ્ય અવયવો, અંતે પ્રાણ; આ બધી વિગત વિજ્ઞાન દ્વારા માનવીને આજે જાણવા–જોવા મળી છે, પરંતુ કુર્આને આ બધું સ્પષ્ટ શબ્દોમાં ૧૪૦૦ વર્ષ પહેલાં વર્ણવી દીધું હતું, જોયા વગર આવું વર્ણન કોણ કરી શકે ? અલ્લાહ સિવાય જે સ્વયં આ બધાનો કર્તા અને સર્જક છે, કોઈના ગજાની વાત નથી.

ચૌદસો વર્ષ પૂર્વે જ આ બધી વિગતોનું વર્ણન હોવાનું જાણી અનેક ગેર મુસ્લિમ વૈજ્ઞાનિકો અને ડોકટરો અચંબામાં પડી ગયા અને ઈસ્લામ સ્વીકારી લીધો.

અલ્લાહ તઆલાએ તેના સઘળા સર્જનોમાં માનવીને શ્રેષ્ઠ અને સુંદર બનાવ્યો, કોઈ માનવી આવું સર્જન તો શું કરે, અગર અલ્લાહે કોઈ માણસમાં જન્મથી જ કોઈ દોષ કે ખામી રાખી હોય તો ફકત એ ખામીને પણ માનવી હજુ સુધી દૂર નથી કરી શકયો, જો કોઈને દષ્ટી નથી આપી તો સંસારની સઘળી શકિત કામે લગાડયા પછી પણ એને દષ્ટી આપવી શકય નથી, કોઈ જન્મથી જ ગુંગો છે તો તેને બોલતો નથી કરી શકયો, માટે જ અલ્લાહ તઆલા પોતાના વિશે કહે છે કે અમે જ માનવીને પેદા કરનાર–સર્જનાર છીએ, અને એને સુંદર રૂપ પણ અમે જ આપ્યું છે.

એક જ પ્રકારના વીર્યના ટીપાથી એક જ સ્થળેથી અત્યાર સુધી અલ્લાહ તઆલાએ અરબો માણસોને પેદા કર્યા છે અને દરેકને નોખું રૂપ આપ્યું છે, દરેક માણસમાં બલકે એક જ પિતાથી એક જ માતાના ઉદરમાં ઉછરેલ બે જોડિયા ભાઈઓ વચ્ચે પણ કોઈને કોઈ બાહ્ય શારીરિક અંતર જરૂર રાખવામાં આવ્યું છે.

આ જ પ્રમાણે એક જ સ્થળે, એક જ ઋતુમાં, એક જ સ્થળે, એક જ દાણાથી ઉગનાર એક જ ઝાડ પર આવનાર ફળોના રંગ, કદ અને સ્વાદ નોખા હોય છે. શું કોઈ માનવી એક જ કારખાનામાં, એક જ મશીનથી, એક જ પ્રકારના, મસાલાથી એક જ સમયે વિવિધ પ્રકારની વસ્તુઓ બનાવી શકે છે ?

શું અલ્લાહની કુદરતની નિશાની રૂપ ઊંટ જેવા લાંબા અને હાથી જેવા જાડા એમના બચ્ચાઓને એક સાંકડી જગ્યાએથી બહાર આવતાં માણસ જોતો નથી ?

આપણે દરરોજ એવા જીવ જંતુઓને જોઈએ છીએ, જેઓ એક રાઈના દાણામાં પણ ડઝનો સમાય જાય, પરંતુ દૂરબીનથી જોવામાં આવ્યું તો એમના કાન, આંખ, બંનેવ છે, મોઢું અને નાક, હાથ અને પગ, પેટ અને પીઠ બધું જ છે, એમનામાં ફેફસા, કીડની, દિલ, દિમાગ, અને આંતરડાઓ પણ છે. સુબ્હાનલ્લાહ, અલ્લાહ સિવાય કોણ હોય શકે છે જે તેના સર્જનોમાં ઉચ્ચ કોટીની આશ્ચર્યજનક કારીગીરીના પુરાવા આપી રહ્યો છે. માણસે તેના જેવું કાર્ય કરી આપતો રોબોટ બનાવ્યો, પરંતુ શું માનવી તેમાં પ્રાણ રેડી શકયો ? શું તેને બુદ્ધિ કે અક્કલ આપી શકયો ?

માનવીએ જયારે સ્વયં તેના અસ્તિત્વમાં અને બહાર સૃષ્ટીમાં અલ્લાહના અગણિત કરતબોને જોઈ લીધા, એના અંતરે પણ એને સાક્ષી આપી કે આ બધું અલ્લાહ જ કરી શકે છે, કોઈ અન્યના ગજાની વાત નથી, તો પછી એ એક જ સર્જનહારને માલિક–સ્વામી માની એના ઉપર ઈમાન લાવવાથી કંઈ વસ્તુને માનવીને રોકી રહી છે ? અલ્લાહ સ્વયં એનો ઉત્તર આપે છે કે આ લોકો વાસ્તવમાં આંધળા છે, એમના અંતર ઉપર આવરણ ચડી ગયું છે, માટે જ તેઓ સીધી રાહ અપનાવતા નથી અને સત્ય સ્વીકારી ઈમાન નથી લાવતા.

## અલ્લાહ તરફથી દરેક માટે અન્ન પાણીની વિશાળ વ્યવસ્થા

આ સંસારમાં છ અરબથી અધિક માણસો હાલ વસી રહ્યા છે, એક કરોડ પ્રકારના અન્ય જીવો, જેમાંથી દરેક પ્રકારના જીવોની ગણતરી

કરોડો હોય છે, હાલ આ સૃષ્ટીમાં જીવંત છે. આ દરેકને જન્મથી મૃત્યુ સુધી કોણ અન્ન–પાણી પૂરાં પાડે છે ? શું આ ખરબો જીવોને આહાર પૂરો પાડવો એક ટંક માટે પણ માનવી માટે શકય છે ? સમુદ્રની વ્હેલ માછલીનો સરેરાશ ખોરાક એક ટંકનો ૭૦/૮૦ કિલો છે. એટલે કે વાર્ષિક પચાસ હજાર કિલોથી અધિક ખોરાક ફકત એક માછલી માટે આવશ્યક છે, અને આવી તો કરોડો વ્હેલ માછલીઓ છે ? સમુદ્રમાં આવી બીજી કેટલી માછલીઓ છે એનો અંદાજો આ વાતથી લગાવી શકાય કે સ્કોટલેન્ડમાં અમૂક વર્ષો પૂર્વે માછલાં પકડવાની એક હરીફાઈમાં એક જ વારમાં એક અરબ માછલીઓ પકડવામાં આવી હતી.

સવાર સાંજ અરબો પક્ષીઓ તેમના માળાઓમાંથી ખાલી પેટે નીકળે છે અને સાંજે પેટ ભરી પરત ફરે છે. આ બધાને નિયમિત આહાર ઉપલબ્ધ કરાવવાનું કાર્ય અલ્લાહ સિવાય કોનું હોય શકે ? એક વાર એક પથ્થરને તોડવામાં આવ્યો, એમાંથી એક નાનો પથ્થર નીકળ્યો, એને પણ તોડવામાં આવ્યો તો એમાં એક નાનકડો કીડો સળવળી રહ્યો હતો, જેના મોઢામાં લીલા ઘાસનું તણખલું હતું, આવા ગુંગા જીવને આવા પ્રબંધથી કોણ રોઝી પહોંચાડતું હશે ? આવી વ્યવસ્થા કરવાની વાત તો દૂર રહી, આ વિશે વિચારવું પણ માનવી માટે શકય નથી.

અલ્લાહ તઆલા કહે છે :

સમગ્ર સૃષ્ટીને આહાર પૂરો પાડવાની વ્યવસ્થા અમારા ઝિમ્મે છે.

وما من دابة فى الارض الا على الله رزقها ۔ (هود : ٦)

## અલ્લાહ તઆલાએ કોઈ વસ્તુ વ્યર્થ ઉત્પન્ન નથી કરી

ગત પૃષ્ઠોથી સ્પષ્ટ થયું તેમ અલ્લાહ સમક્ષ એક બિંદુથી પણ ઓછી મહત્વતા ધરાવતી આ પૃથ્વી ઉપર અલ્લાહ તઆલાએ માનવી સિવાય અન્ય એક કરોડ પ્રકારના જીવોને વસાવ્યા છે અને એમાંથી એક પણ જીવ બેકાર કે નિરર્થક નથી. દરેક સીધી રીતે કે આડકતરી રીતે માનવી માટે ઉપયોગી અને લાભદાયી છે. દરેકનો અલગ અલગ લાભ અને ફાયદો માનવીને સમજમાં આવવો જરૂરી નથી. આપ કહેશો કે

મચ્છરો–માંકડો અને દેડકાઓ શું ફાયદા પહોંચાડે છે ? માનવી માટે તેમાં કષ્ટ સિવાય કોઈ હિતકારી કે લાભદાયી તત્વ નથી. એનો ઉત્તર અમૂક વર્ષો પૂર્વે થયેલી પડોશી દેશની એક ઘટનામાં મળે છે, એક વરસે દેડકાઓની અધિક માત્રાના કારણે ત્યાંના રહેવાસીઓનું જીવન અઘરૂં થઈ પડયું, પરિણામે સરકારી સ્તરે દેડકાઓ મારવાની ઝૂંબેશ ચલાવવામાં આવી અને અમૂક સપ્તાહોમાં જ કરોડો દેડકાઓ મારી નાંખવામાં આવ્યા, પરંતુ એના અમૂક જ દિવસો પછી દેશમાં પહેલા કદી જોવામાં ન આવ્યો હતો, એટલા પ્રમાણમાં મલેરિયાનો રોગ ફાટી નીકળ્યો, સંશોધન કરવામાં આવ્યું અને જે રીપોર્ટ સામે આવ્યો, તે અત્યંત આશ્ચર્ય જનક હતો, ડોકટરોની સંશોધન ટીમ એ નિષ્કર્ષ ઉપર પહોંચી હતી કે મલેરિયાના કારણભૂત જંતુઓ વાતાવરણમાં દરેક જગ્યાએ હોય છે. અને આવા હાનિકારક જંતુઓને દેડકાઓ શ્વાસમાં ખેંચી લે છે, દેડકાઓને એનાથી કોઈ નુકસાન નથી થતું, દેડકાઓના નિકંદનથી આવા જંતુઓ વધી પડયા, પરિણામે મલેરિયાનો રોગચાળો ફાટી નીકળ્યો. હવે દેડકાઓ પાછા મેળવવાની ઝૂંબેશ આરંભાયી.

આ જ પરિસ્થિતિ અન્ય જીવ જંતુઓ વિશે છે, જો એ નષ્ટ થઈ જાય તો વાતાવરણની અન્ય ગંદકીઓ અને પ્રદુષણ માણસના મોં–નાક દ્વારા અંદર પહોંચી એને હાનિ પહોંચાડે છે.

આસપાસના ઊંચા પહાડો જોઈ આપણે વિચારીએ છીએ કે માનવીને એનાથી શો લાભ પહોંચતો હશે ? અલ્લાહ સ્વયં એનો લાભ વર્ણવતાં ફરમાવે છે કે, આ પહાડોના ભાર દ્વારા અમે પૃથ્વીને હાલક ડોલક થવાથી બચાવી સ્થિર કરી દીધી છે. *(નહલ : ૧૫)*

વિશ્વમાં જયાં આ સંતુલન ખોરવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો અને પહાડો ખોડી ધરતી સરખા કરી દેવામાં આવ્યા, ત્યાં ધરતીકંપો વધી પડયા, લાખો માઈલ ફેલાયેલા જંગલોની પણ આવી જ દશા છે. તેના થકી પૂર, અતિવૃષ્ટી કે દુકાળ અટકે છે, તે માનવી માટે આવશ્યક ઓકિસજન ઉત્પન્ન કરે છે. ઉપરાંત પક્ષીઓ અને જાનવરોના રહેણાંક માટે પણ ઉપયોગી છે.

અલ્લાહની પેદા કરેલ દરેક વસ્તુ ઉદ્દેશ્યપૂર્ણ અને લાભદાયી હોવાની વાતનો એકરાર કરવો, તેના નેક અને વિદ્વાન બંદાઓનો ગુણ ગણાવવામાં આવ્યો છે. તેઓ દુઆ કરે છે કે : હે અમારા પરવરદિગાર આ બધું તેં બેકાર– નિરર્થક ઉત્પન્ન નથી કર્યું, આપની ઉચ્ચતા અને મહાનતા નિરર્થક કાર્યો કરવાથી પવિત્ર છે. તું અમને જહન્નમની આગથી સુરક્ષિત રાખજે. *(આલે ઈમરાન : ૧૯૧)*

## સર્જનમાં એકલા અને સંચાલનમાં અન્યોનું સહયોગી હોવું તર્કસંગત નથી .

આ અતિવિશાળ સૃષ્ટિનું સર્જન એક અલ્લાહ દ્વારા જ થવાનું પ્રમાણિત અને સાબિત છે. તો પછી માનવીની બુદ્ધિએ કેવી રીતે આ વાત સ્વીકારી લીધી કે એના સંચાલનમાં અન્યો પણ અલ્લાહના સહયોગી છે. અલ્લાહે એના સર્જનમાં કોઈનો સહયોગ અને સહકાર નથી લીધો તો સંચાલન અને વ્યવસ્થામાં શી રીતે અન્યોને ભાગીદાર બનાવે, સંચાલન કરતાં સર્જન કપરું છે, શુન્યમાંથી અલ્લાહે આ ભવ્ય સર્જન કર્યું, અને તે પણ કોઈ નમૂના કે મોડલ વિના. નઉઝૂબિલ્લાહ એવું પણ નથી કે બનાવતાં બનાવતાં તે થાકી ગયો હોય, અને સંચાલનની શકિત ન રહી હોય, માટે અન્યોનો સાથ લે, કે એમને સોંપી દે, અલ્લાહ કુર્આનમાં ફરમાવે છે : આ સૃષ્ટિના સર્જનથી અમને કોઈ થાક–પરિશ્રમ નથી પડયો. *(કાફ : ૩૮)*

તે તો કહે છે કે અમારી કુદરત અને શકિત તો એવી અસીમ અને અનંત છે કે જયારે કોઈ વસ્તુને કહેવામાં આવે કે "થઈ જા" તો તે વસ્તુ થઈ જાય છે. *(યાસીન : ૮૨)*

અને જયારે સૃષ્ટિના સર્જન અને સંચાલનમાં અલ્લાહ એકલો છે તો બુદ્ધિની વાત એ જ છે કે ફકત એની જ ઈબાદત કરવામાં આવે. કોઈ એવી મખ્લૂક કે અલ્લાહની પેદા કરેલ વસ્તુની ઈબાદત કદાપી કરવામાં ન આવે, જે સ્વયં તેના અસ્તિત્વ માટે અલ્લાહની મોહતાજ અને નશ્વર થનાર છે.

## સૃષ્ટિના સંચાલનમાં અન્યોને ભાગીદાર સમજવાના નકારાત્મક પરિણામો

અગર દો ખુદા હોતે સંસારમેં
તો દોનો બલા હોતે સંસાર મેં

સૃષ્ટિની અજીબો–ગરીબ વ્યવસ્થામાં અલ્લાહ સંગે કોઈ સહયોગી ન હોવાની જે સૌથી વધુ તર્કસંગત દલીલ આપવામાં આવી છે, તે એટલી અસરકારક, પ્રભાવી છે કે નિષ્પક્ષતાથી વિચાર–મંથન કરનાર કોઈને પણ કુફ્ર શિર્કથી બચાવવા માટે બસ છે, અલ્લાહ તઆલા ફરમાવે છે :

لو كان فيهما آلهة الا الله لفسدتا (انبياء/٢٢)

જો અલ્લાહ સિવાય પૃથ્વી અને આકાશમાં કોઈ અન્ય ખુદા હોત તો આસમાન જમીનની વ્યવસ્થા ખરાબ થઈ ગઈ હોત. *(સુ. અંબિયા : ૨૨)*

માનવીએ સ્થાપેલ મર્યાદિત અને નિશ્ચિત વ્યવસ્થા કોઈ પાર્ટનર કે સહયોગીના કારણે બરાબર નથી ચાલી શકતી અને જો ચાલે તો વધુ દિવસ ટકી નથી શકતી તો પછી સૃષ્ટિની વિશાળ અને અંનત કાર્ય વ્યવસ્થા કેવી રીતે કોઈની ભાગીદરી કે પાર્ટનરીમાં બરાબર ચાલી શકે ?

કોઈ બીજો સહકર્મી હોય તો એક કહેત કે આજે વરસાદ વરસાવવામાં આવે, અને બીજો કહેત કે આજે નહી કાલે. એક કહેત કે માનવીએ પાપચારમાં હદ વટાવી દીધી છે માટે સજા રૂપે સૂરજને અમૂક દિવસો સુધી રોકી લેવામાં આવે અને બીજો કહેત કે ના, એવું કરવામાં ન આવે. એક ઈચ્છા કરત કે ફલાણાની જીવન દોરી ટુંકાવી દેવામાં આવે, બીજો કામના કરત કે ના, એને જીવવા દેવામાં આવે. અને આમ એ બન્નેવના ઝઘડામાં માનવીનું નિકંદન નીકળી જાત. દુનિયા અસ્તવ્યસ્ત અને વ્યવસ્થા તૂટી ફૂટીને કયાંયની ન રહે. અંતે એક એવો દિવસ પણ આવત કે બન્નેવ ખુદાઓ આપસમાં લડી ઝઘડી એક બીજાને નષ્ટ કરી દેત. કુર્આનમાં અન્ય સ્થળે આ જ વાત આ શબ્દોમાં વર્ણવવામાં આવી છે.

ما اتخذالله من ولد وما كان معه من اله اذاً لذهب كل اله بما خلق
ولعلا بعضهم على بعض، سبحان الله عما يصفون (مؤمن ٩١)

"અલ્લાહે કોઈને તેનો પુત્ર નથી બનાવ્યો, ન તેના સંગ કોઈ અન્ય ખુદા છે, જો એમ હોત તો દરેક ખુદા તેની મખ્લૂકને લઈ અલગ થઈ જાત અને બીજા ઉપર ચડાઈ કરત. અલ્લાહ આવી વાતોથી પવિત્ર છે"

*(મુઅમિનૂન : ૯૧)*

## ખુદા સાથે ભાગીદારી બુદ્ધિ વિરુદ્ધ છે .

નાસ્તિકો સિવાય દુનિયાનો દરેક માનવી સ્વીકારે છે કે આ સૃષ્ટિનો માલિક અને સ્વામી અલ્લાહ જ છે. કુર્આનમાં હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ઉદ્દેશીને અલ્લાહ તઆલા ફરમાવે છે :

હે મુહંમદ ! જો તમે મુશ્રિકોથી પૂછશો કે આસમાન–જમીનને કોણે ઉત્પન્ન કર્યા ? તો આ જ ઉત્તર આપશે કે અલ્લાહે.

પરંતુ અફસોસ કે સાથે જ આ મુશ્રિકો સમજમાં ન આવનાર આ માન્યતા પણ ધરાવે છે કે આ ધરતીની વ્યવસ્થા ચલાવવામાં ખુદાના અન્ય સહયોગીઓ પણ છે.

મૂળ પ્રશ્ન આ છે કે સૃષ્ટિના સંચાલનમાં અલ્લાહને અન્યોના સહયોગની આવશ્યકતા શી છે ? શું ખુદા પણ દુનિયાના રાજાઓની જેમ રાજભાર સંભાળવામાં અન્યોનો મોહતાજ છે ? તેઓ તો દરેક સ્થળે જઈ શકતા નથી, સ્વયં દરેક કામ નથી કરી શકતા, દરેક વસ્તુની સંભાળ નથી રાખી શકતા, પરંતુ અલ્લાહ તઆલા તો આવી ખામીઓ–અશકિતઓથી પાક છે, એક જ સમયે એક સાથે દરેક વસ્તુ ઉપર એ દેખરેખ રાખી શકે છે. તે દરેક વાતે શકિતમાન છે, શું લોકો (નઉઝુબિલ્લાહ) એમ સમજે છે કે દુનિયાને બનાવતાં બનાવતાં અલ્લાહ થાકી ગયો, માટે તેનું સંચાલન અન્યોને સોંપી દીધું, અથવા અન્યોને સહયોગી બનાવ્યા, અલ્લાહ સ્વયં આ શકયતાને નકારતા ફરમાવે છે :

"وما مسّنا من لُغوب"

"આ સૃષ્ટિના સર્જનના લઈ અમને બિલ્કુલ થાક નથી લાગ્યો"

અલ્લાહ તઆલાને કંઈ અન્યોની જેમ ઊંઘવા સૂવા આરામ કરવાની પણ જરૂરત નથી, અલ્લાહ તઆલા ફરમાવે છે :

"لا تأخُذُه سنةٌ وَلانومٌ"

એને ન ઊંઘ આવે છે, ન સૂવે છે.

સંચાલન અને વ્યવસ્થામાં કોઈને સહયોગી બનાવવાનું એક કારણ આ પણ હોય શકે કે અલ્લાહ પર એનો મોટો ઉપકાર હોય, અને સંચાલનમાં એના સહયોગની આવશ્યકતા તો ન હોય, પરંતુ ઉપકારને લઈ એને ખુશ કરવા સહયોગી બનાવવામાં આવે, પરંતુ શું અલ્લાહ ઉપર કોઈના ઉપકાર–એહસાનની કલ્પના પણ થઈ શકે છે ? એના ઉપર કોઈનું એહસાન કેવી રીતે હોય, બલકે દરેક ઉપર એના અગણિત ઉપકારો છે. માટે કોઈને રાજી કરવો એની જરૂરત નથી, તે દરેક વસ્તુથી બેપરવા છે.

ઉપરોકત બાબતોને અનુલક્ષીને આપણે નિ:શંક કહી શકીએ કે સૃષ્ટિના સંચાલનમાં અલ્લાહ સાથે કોઈનો સહયોગ, સહકાર, ભાગીદારી માનવાને અતાર્કિક, ખોટું અને બેહૂદુ ન કહેવામાં આવે તો શું કહેવાય ?

## ખુદા સિવાય અન્યોની નિ:સહાયતા

સદબુદ્ધિ ધરાવનાર કોઈ પણ વ્યકિત થોડીવાર માટે પણ ખુદા સિવાય પૂજાતી દરેક વ્યકિતઓ, વસ્તુઓ પર વિચાર મનન કરે, તો જીવનભર તે તેની કુમતિ અને બેવકૂફી પર અશ્રુ વહાવતો રહે.

પ્રાકૃતિક અને બુદ્ધિગમ્ય નિયમ આ છે કે ખાલિક અને મખ્લૂક (સર્જક અને સર્જન) વચ્ચે આધિપત્ય, પરિપકવતા અને અધિકાર ભોગવવામાં વિશેષ તફાવત હોવો આવશ્યક છે. આબિદ અને મા'બૂદ (ઉપાસક અને ઉપાસ્ય) હાકિમ અને મહકૂમ (રાજા અને પ્રજા) સમાન હોય નહી, મા'બૂદ અને હાકિમ સર્વોપરિ અને આધિપત્ય ભોગવનાર હોવો જોઈએ. તે તેના ઉપાસક અને આધીનને લાભ હાનિ પહોંચાડવા સમર્થ હોવો જોઈએ. દુઆઓ અને યાચનાઓ સાંભળી તેને પૂર્ણ કરવા શકિતમાન હોય, ઉપાસક અને આધીન સંબંધી હિતેચ્છા અને હમદર્દી ધરાવતો હોય, જેથી માંગતા પહેલાં જ તે પોતાના ઉપાસક અને આધીનને હાનિ કે નુકસાનથી બચાવી શકે, આ બધી શરતો ફકત અલ્લાહ

તઆલામાં જ જોવા મળે છે.

અલ્લાહ સિવાય સ્વયં કલ્પિત અન્ય જે મા'બૂદો (દેવો)ને પૂજવામાં આવે છે, કુર્આને એમની નિઃસહાયતાનું જે ચિત્ર રજૂ કર્યું છે, એના ઉપર ચિંતન કરવામાં આવે તો માણસ તે જ ઘડીએ ખુદા સિવાય અન્યોની ઈબાદત–ઉપાસના છોડી તોબા કરી લે અને મુસલમાન બની જાય, અલ્લાહ તઆલા ફરમાવે છે :

હે લોકો ! તમારી પૂજય આ મૂર્તિઓ એટલી નિઃસહાય છે કે એમના ચરણોમાં ધરેલા તમારા (ભોગ) ખાણાને એક માખી ઉઠાવી લઈ જાય તો એને પણ પાછું નથી મેળવી શકતી.

" وان يسلبهم الذباب شيئاً لا يستنقذوه منه"

મૂર્તિઓની નિઃસહાયતાને આલેખવા આથી વધુ સુંદર ઉદાહરણ માણસ કલ્પી પણ નથી શકતો.

અન્ય એક સ્થળે અલ્લાહ ફરમાવે છે :

હે માનવીઓ ! તમે આ મા'બૂદોની પ્રાર્થના કરો છો, તમારૂં એમને પ્રાથવું એવું છે જાણે કોઈ માણસ દરિયા કિનારે કે કુવા પાસે ઉભો ઉભો પાણી પ્રતિ હાથ લંબાવી ઈચ્છે કે પાણી તેના મોંઢામાં આવી જાય, હાલાંકે આમ કંઈ પાણી આવવાનું નથી. આ જ પ્રમાણે આ મૂર્તિઓ દ્વારા માનવીની પ્રાર્થનાઓ – યાચનાઓ પૂરી થવી શકય નથી.

અન્ય એક જગાએ અલ્લાહ ફરમાવે છે :

"આવા લોકોથી વધુ પદભ્રષ્ટ કોણ હશે, જેઓ એવા મા'બૂદોને પુકારે છે, જે કિયામત સુધી એમની યાચના સાંભળી નહી શકે. ઉપરાંત એમના પુકારવાની ખબર પણ એ મા'બૂદોને નથી."

એક જગાએ અલ્લાહ ફરમાવે છે :

"તેઓ એમ લાગે છે કે જાણે તમને જોઈ રહ્યા હોય, હાલાંકે તેઓ કાંઈ તમને જોતા નથી, પ્રતિમા (મૂર્તિ) બનાવનારે જેવી પ્રતિમા બનાવી હોય છે, તે પ્રતિમા સદા એવી જ રહે છે."

અલ્લાહ તઆલાને છોડી અન્યોને પૂજનાર માણસો પ્રતિ સંપૂર્ણ

હમદર્દી અને હિતેચ્છાની ભાવનાથી કુર્આન કહે છે :

હે લોકો ! તમે જેને પૂજો છો શું તેઓ તમને કોઈ લાભ પહોચાડે છે? તમને હાનિ કરવા પર શકિતમાન છે ? હકારાત્મક કે નકારાત્મક, સારી–નરસી કોઈ બાબત તેમના હાથમાં નથી, તો પછી એમની ઈબાદત કે ઉપાસનાનો શો અર્થ ?

કુર્આન કહે છે :

هل يسمعو نكم اذتدعون او ينفعو نكم او يضرّون.

"જયારે તમે પુકારો છો, ત્યારે શું તેઓ તમને સાંભળે છે ? અથવા તમને ફાયદો કે નુકસાન પહોંચાડે છે ? "

આવા ટાણે માનવી જે ઉત્તર આપે છે તે પણ કુર્આને વર્ણવ્યો છે કે,

بل وجدنا آباء نا كذلك يفعلون

"અમે અમારા બાપ દાદાઓને આમ જ કરતા જોયા છે."

કેવો ઉડાઉ અને અતાર્કિક જવાબ છે, શું ખોટા કાર્યોમાં પ્રવૃત પૂર્વજોનું પણ અનુસરણ કરવામાં આવે ? શું તેઓ રાત્રિને દિવસ અને દિવસને રાત્રી કહેશે તો તમે પણ એમ જ કરશો ?

તેઓ જો ગુમરાહી અને પદભ્રષ્ટતાને હિદાયત અને સત્યાનુસરણ સમજે તો તમે પણ કુફ્ર–શિર્કને ઈમાન–ઈસ્લામ ગણશો ? ઈબાદત–ઉપાસના યોગ્ય તે હસ્તી છે, જેના કબ્જામાં તમારો જન્મ અને તમારી મોત છે. બીમાર પડયે એ જ તમને સાજા કરે છે. ખવડાવે–પીવડાવે છે, યાચના – પ્રાર્થના સાંભળે છે અને તમારી ઈચ્છાઓ – કામનાઓ પૂરી કરે છે.

તમારા આ પ્રાકૃતિક, મનઘડત ખુદાઓ (મા'બૂદો)ની પરિસ્થિતિ તો એટલી દયાજનક છે કે એમની પાસે ચાલવા માટે પગ નથી, પકડવા માટે હાથ નથી, જોવા આંખ અને સાંભળવા કાન નથી, આવા નિઃસહાયને ખુદા માની પૂજવામાં આવે ? જો સાચે જ એ મા'બૂદ–પૂજનીય છે તો કદી એમનાથી કંઈ માંગી તો જુઓ, શું તેઓ તમારી માંગણી પૂરી કરવા સમર્થ છે ? અલ્લાહની જેમ તેઓ કોઈ વસ્તુ ઉત્પન્ન કરવા શકિતમાન છે ?

અલ્લાહે તો એની શકિત વડે આટલી મોટી વિશાળ સૃષ્ટિનું સર્જન કર્યું છે, પંરતુ આ માનવ સર્જિત ખુદાઓ તો ખજૂરના ઠળિયા પર પાતળું આવરણ પણ નથી ચડાવી શકતા.

હે માનવી ! એકલા એક અલ્લાહના સર્જક–સ્વામી અને પાલનહાર હોવા વિશે શંકા ત્યારે જ ઉદભવી શકે, જયારે માનવ સર્જિત મા'બૂદો પણ અલ્લાહની જેમ કંઈક ઉત્પન્ન કરી શકતા હોય, અને તમે બંને વચ્ચે ફર્ક ન કરી શકો, પરંતુ વાસ્તવિકતા આવી નથી, તો પછી એક અલ્લાહના જ સાચા મા'બૂદ અને પૂજનીય હોવા સંબંધી શંકા કરવાથી શું લાભ ?

અલ્લાહને છોડી લોકો જે અન્ય વસ્તુઓની પૂજા કરે છે તે વસ્તુઓ એમના માટે કુર્આનના શબ્દોમાં કરોળિયાના જાળા સમાન છે, જે સૌથી વધુ નબળું હોય છે. કાશ લોકો આટલી સ્પષ્ટ વાત સમજવાનો પ્રયત્ન કરત.

## કયામતના દિવસે મૂર્તિઓ અને શયતાનની સફાઈ

મૃત્યુ પછી અલ્લાહ તઆલા હિસાબ કિતાબ માટે દરેકને હશ્રના મેદાનમાં ભેગા કરશે. આ વેળા મુશ્રીકો અને કાફિરોથી પૃચ્છા થશે કે દુનિયામાં તમે જેમને પૂજતા હતા તે તમારા મા'બૂદો કયાં છે ? તેઓ મા'બૂદોને પુકારશે ; પરંતુ કોઈ પ્રત્યુત્તર મળશે નહીં, કોઈ મા'બૂદ ત્યાં હશે જ નહીં, કોણ એમની પુકાર સાંભળે અને જવાબ આપે ? અંતે આવા લોકોને ઢસડીને ઊંધા જહન્નમમાં ફેંકી દેવામાં આવશે.

દુનિયામાં લોકોને ગુમરાહ કરનાર અને કુફ્ર શિર્કની ગંદકીમાં ફસાવનાર શયતાન ત્યારે લોકોને સંબોધીને કહેશે હે લોકો ! સાચી વાત એ છે કે દુનિયામાં મેં તમને જૂઠો વાયદો કર્યો હતો, સાચો વાયદો તો અલ્લાહનો જ છે, મેં તમને શિર્ક કરવા વિવશ કર્યા ન હતા, મેં તમને એનું આમંત્રણ આપ્યું અને તમે સ્વીકારી લીધું, હવે મને ભાંડવાથી કંઈ ન વળશે. આજે ન તો હું તમારી સહાય કરી શકું છું, ન તમે મને સહાયક નિવડી શકો છો. હું આજે તમારાથી સ્વયંને અળગો કરૂં છું. અંતે આ બધા જ લોકોને જહન્નમમાં ફેંકી દેવામાં આવશે.

જેઓ આ દુનિયામાં અન્યોની ગુમરાહી અને ઈમાન–ઈસ્લામથી પદભ્રષ્ટ કરવામાં કારણભૂત કે એના ઝંડાધારી હતા, તેમનાથી એમના અનુયાયીઓ કયામતના દિવસે પૂછશે કે દુનિયામાં તો અમે તમારા આધીન અને અનુયાયી હતા, આજે મુસીબત ટાણે આપ અમારી કંઈ સહાય કરશો ? તેઓ જવાબ આપશે કે આજે તો સ્વયં અમે પણ અઝાબથી બચી શકવાના નથી, તમારી શી મદદ કરીએ ? હવે આજે આપણે સબ્ર કરીએ કે રોકૂટ કરીએ, છુટવાની કોઈ શકયતા નથી.

લોકો તેમના ખુદા અને પૂજયનો આવો જવાબ સાંભળી ક્રોધમાં આવી કહેશે કે, હે અલ્લાહ અમને ગુમરાહ કરનારા આ લોકોને અમારી સામે કરી દે, જેથી અમે એમને પગો તળે કચડી નાંખી અપમાનિત કરીએ.

હશ્રના મેદાનમાં હઝરત ઈસા અલૈ.થી પણ પૂછવામાં આવશે કે, હે ઈસા, શું તમે તમારી કોમ (અનુયાયીઓ)ને કહ્યું હતું કે અલ્લાહ તઆલાને છોડી મારી અને મારી મા મરયમની ઈબાદત કરજો ? હઝરત ઈસા (અલૈ.) કહેશે કે હે અલ્લાહ ! તું પવિત્ર છે, મારા માટે આ શકય જ નથી કે હું મારા અધિકાર વગરની આવી વાત કહું, જો કહ્યું હોય તો તને જરૂર એની ખબર હોય, આપ તો મારા અંતરની વાતોથી પણ જ્ઞાત છો, મને આપના ભેદોની ખબર નથી, મેં તો ફકત તે જ વાતો કહી હતી, જેનો આપ તરફથી કહેવાનો આદેશ હતો કે મારા અને તમારા દરેકના પરવરદિગાર અલ્લાહની જ ઈબાદત કરો.

## હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની ઘટનામાં તવહીદ-એકેશ્વરવાદનો બોધ

હઝરત ઈબ્રાહીમ (અલૈ.) અલ્લાહના મહાન અને પ્રીતિપાત્ર પયગમ્બર હતા, વર્તમાન યુગના ત્રણેવ મોટા ધર્મો (ઈસ્લામ, ઈસાઈ, યહૂદી ધર્મ)ના માન્ય પયગમ્બર અને વડવા હતા. બે હજાર એકસો વરસ પૂર્વે તેમનો કાળ કહેવામાં આવે છે. ઈરાકમાં તેમનો જન્મ થયો, ત્યાંના લોકો તારાઓ, ગ્રહો અને મૂર્તિઓની પૂજા કરતા હતા, એમના પ્રતિ

માર્ગદર્શન માટે એમને પયગમ્બર બનાવવામાં આવ્યા, આજના પેલેસ્ટાઈનમાં હિબ્રોન શહેરમાં તેમની કબર છે, તેમના પિતા આઝર મૂર્તિઓના મોટા વેપારી હતા, લાંબા સમયથી એમના કુટુંબમાં મૂર્તિપૂજા ચાલી આવતી હતી, પરંતુ આઝરના નાનકડા માસૂમ બાળક ઈબ્રાહીમને કેમેય કરી આ વાત સમજમાં આવતી હતી નહીં કે આખી કોમ આવી નિઃસહાય મૂર્તિઓની પૂજા–ઉપાસના શા માટે કરે છે ? આ મૂર્તિઓ તો સ્વયં તેમના માટે લાભ, ગેરલાભની શકિત નથી ધરાવતી, પિતા આઝરથી પણ વારંવાર તેઓ આ પ્રશ્ન પૂછતા, પરંતુ જવાબમાં ફકત એટલું જ કહેવામાં આવતું કે અમારા પૂર્વજો અને વડવાઓને અમે આ જ પ્રમાણે ઉપાસના–પૂજા કરતાં નિહાળ્યા છે.

એક વાર ઈદના દિવસે શહેરના બધા લોકો શહેર બહાર મેળામાં ગયા હતા, ઈબ્રાહીમ તક જોઈ મંદિરમાં ગયા અને તે ખુદાઓ–દેવોથી પૂછવા લાગ્યા કે તમે બોલતા કેમ નથી ? સાંભળતા કેમ નથી ? તમારી સમક્ષ ધરવામાં આવેલ આ ભોજન–ખાણું ખાતા કેમ નથી ?

કોઈ ઉત્તર ન મળતાં ક્રોધિત થઈ ઈબ્રાહીમે કુહાડી વડે એક મોટી મૂર્તિ સિવાય બધી જ મૂર્તિઓ તોડી નાંખી, છેલ્લે મોટી મૂર્તિના ગળામાં કુહાડી લટકાવી દીધી અને ઘરે પરત ફરી ગયા, ઉલ્લાસ અને ઉત્સવ માણી જયારે લોકો શહેરમાં પરત ફર્યા તો મંદિરમાં આ દશ્ય જોઈ અચંબામાં પડી ગયા, આખા શહેરમાં વાત પ્રસરી ગઈ અને લોકોને સમજતાં વાર ન લાગી કે આ ઈબ્રાહીમનું જ પરાક્રમ છે. બાળપણથી જ તે મૂર્તિઓથી ધૃણા રાખે છે અને મૂર્તિઓની પૂજા એના ગળે ઉતરતી નથી. ઈબ્રાહીમને પકડી લાવવામાં આવ્યા, એમણે પોતાના કાર્યનો એકરાર કરતાં પહેલાં આમ કહી સૌને વિચારતા કરી મૂકયા કે કુહાડી તો મોટી મૂર્તિ (મોટા–દેવ)ના ગળામાં લટકે છે, આ એનું જ પરાક્રમ હશે, ઈબ્રાહીમના મુખેથી આ શબ્દો સાંભળતા જ લોકો બરાડી ઉઠયા કે,

હે ઈબ્રાહીમ ! તને ખબર તો છે કે આ પથ્થરની મૂર્તિઓ છે. તેમનામાં ન સાંભળવાની શકિત છે, ન જોવાની. આવો મોટો ઉધમ તેઓ

કેવી રીતે મચાવી શકે ?

ઈબ્રાહીમ આ જ વાત તેમના મુખે કહેવડાવવા માંગતા હતા, તુરંત જ બોલી ઉઠયા કે,

લોકો ! હવે તમે જ બતાવો, આ નિઃસહાય અને અશકત પથ્થરોને શા માટે પૂજો છો ! સ્વયં તમે જ એને તમારા હાથોથી ઘડો છો, અને સ્વયં તમે જ સ્વીકારો છો કે એ નિઃસહાય—અશકત છે.

પરંતુ આ સીધી સાદી વાત એમની સમજમાં આવવાની હતી નહી, તે ન જ આવી અને તેઓ તેમની હઠને અડી રહ્યા.

એક દિવસ આગની મોટી ભટ્ટી સળગાવવામાં આવી અને સૌને દેખતાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને તેમાં નાંખવામાં આવ્યા.

પરંતુ જે અલ્લાહ ખાતર હઝરત ઈબ્રાહીમ (અલૈ.) કાર્ય કરી રહ્યા હતા, એને આ સ્વીકાર્ય હતું જ નહી કે સત્યોચ્ચારના બદલામાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.) આગમાં સળગી રાખ બની જાય, તે સર્વ શકિતમાન અલ્લાહે આગને આજ્ઞા ફરમાવી કે હે આગ ! તુ મારા આદેશથી જ સળગાવવાનું કાર્ય કરે છે. આજે મારો આદેશ છે કે ઈબ્રાહીમ માટે ઠંડી અને સલામત બની જા, શહેરના સઘળા લોકોએ આ આશ્ચર્યજનક દશ્ય નિહાળ્યું કે આગમાં નાંખવા છતાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.) સહી સલામત જીવંત રહ્યા.

એક દિવસ ઈરાકના રાજા નમરૂદના દરબારમાં તેડું આવ્યું, ત્યાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.) અને નમરૂદ વચ્ચે તવહીદ (એકેશ્વરવાદ) અને અલ્લાહની શકિત, સત્તા અને સંપ્રભુતા વિષે જે રોચક વાર્તાલાપ થયો એ કુર્આનમાં પણ આલેખવામાં આવ્યો છે :

નમરૂદ : તમે કોની ઈબાદત કરો છો ?

હઝરત ઈબ્રાહીમ : અલ્લાહની.

નમરૂદ : અલ્લાહ કોણ ?

હઝરત ઈબ્રાહીમ : અલ્લાહ, જે સૌને પેદા કરે છે, અને મારે છે.

નમરૂદ : આવું કાર્ય તો હું પણ કરૂં છું, આટલું કહી નમરૂદે એક માણસને બોલાવી મારી નાંખ્યો અને બીજાને બોલાવી છોડી દીધો.

હઝરત ઈબ્રાહીમ (અલૈ.) એની બેવકૂફી સમજી ગયા, તુરંત બોલ્યા કે મારો અલ્લાહ તો દરરોજ પૂર્વ બાજુએથી સૂર્ય ઉગાડે છે, તું જરા પશ્ચિમમાંથી ઉગાડી બતાવ.

નમરૂદ પાસે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની આ માંગણીનો કોઈ જવાબ ન હતો અને આખા દરબારમાં એને નીચાજોણું થયું.

હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની કોમ તારાઓની પણ ઉપાસના કરતી હતી, નબી બનવા પૂર્વે એક રાત્રે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની નજર એક તારા ઉપર પડી, જોઈને કહેવા લાગ્યા :

આ મારો રબ–ખુદા હોય શકે છે. પરંતુ જયારે થોડી વારે તારો આથમી ગયો તો બોલી ઉઠયા કે ના, આ મારો ખુદા નથી હોય શકતો,

પછી ચાંદ દેખાયો, બોલ્યા કે આ મારો ખુદા હોય શકે છે, પરંતુ તે પણ આથમી ગયો તો પુકારી ઉઠયા કે ના, આ પણ મારો રબ નથી.

સવાર થઈ અને સૂરજ ઉગ્યો તો એને જોઈ કહ્યું કે આ મારો ખુદા છે, પરંતુ સાંજે એનો પણ અસ્ત થયો તો કહેવા માંડયા કે,

જે સવારે હોય અને સાંજે ન હોય,
થોડી વાર પ્રકાશ પાથરે પછી છુપાય જાય,
સવાર થતાં જ અલોપ થઈ જતા તારાઓ,
સૂરજ નીકળતાં જ પોતાનો પ્રકાશ ખોઈ બેસતો ચંદ્ર
અને વાદળો દ્વારા જેનો પ્રકાશ રોકી દેવામાં આવે એવો સૂરજ ;

આ બધા મારા ખુદા નથી હોય શકતા, આ બધા પૂજ્ય–ઉપાસ્ય કે ઈબાદતને પાત્ર છે જ નહીં, મારો ખુદા અને રબ તો એવો હશે જે સદાકાળી હોય, જેનો કોઈ અંત–અસ્ત ન હોય, સદાયે જીવંત, અમર અને તેના ઉપાસકો– બંદાઓ માટે હિતકારી હોય.

આ બધા જ ગુણો અને વિશેષતાઓ એક ખુદા સિવાય અન્ય કોઈમાં નથી, અને આ એક ખુદા જ દરેક તારા અને ગ્રહ ઉપર હાકિમ અને અધિકારી છે. બલકે તે આ બધાનો સર્જક, પેદા કરનાર અને દરેક વિશ્વનો રબ–ખુદા છે.

## શિર્કથી અલ્લાહને કંઈ નુકસાન નથી

અત્યંત વિશાળ અને અસીમિત સીમાડાઓ ધરાવતી આ સૃષ્ટિનો એકલો સર્જક અને સ્વામી, એટલો ઉચ્ચ મહાન અને બેનિયાઝ છે કે જો વિશ્વનો એક માણસ પણ એને રબ ખુદા ન માને અને એના એક હોવાનો એકરાર ન કરે, બલકે એના વિરુદ્ધ બંડ પોકારે તો પણ એનું કંઈ બગડવાનું નથી, એની મહાનતા અને ઉચ્ચતામાં તસુભાર પણ ફર્ક પડવાનો નથીં અને એનાથી વિપરીત જો વિશ્વનો દરેક માણસ એના ઉપર ઈમાન લઈ આવે, એનો આજ્ઞાકિત અને આધીન બની જાય તો એનાથી પણ એને કોઈ લાભ નથી. ઈમાન અને ઈસ્લામનો સંપૂર્ણ ફાયદો માણસને જ મળે છે. કુફ્ર–શિર્કનું નુકસાન પણ માણસને જ થાય છે અને શિર્ક કરી માણસ સ્વયં પોતાની બરબાદી માટે કારણભૂત બને છે. માણસ જો અલ્લાહની ફરમાબરદારી ન કરે તો એનું જ નુકસાન છે. અલ્લાહ તઆલા દુનિયાના અન્ય બાદશાહોની જેમ નથી, જેઓ પોતાની મહાનતા–સત્તા અને મોટાઈ બાકી રાખવા પ્રજાને પોતાના આધીન રાખે છે. અલ્લાહ તઆલાને પોતાની મહાનતા અને ઉચ્ચતા માટે આવી કોઈ આવશ્યકતા નથી.

## શિર્ક, બુદ્ધિ વિપરીત કાર્ય હોવાનું કારણ

માનવીની બુદ્ધિ, તેની સમક્ષ ઉપલબ્ધ અલ્લાહ તઆલાના આશ્ચર્યજનક સર્જનો, આકાશ અને ધરતીની વિશાળતા, અસામાન્ય, ચોક્કસ વ્યવસ્થા, વગેરે બાબતોથી સ્પષ્ટ થાય છે કે આ મહાન સૃષ્ટિનું સર્જન સૃષ્ટિના જ કોઈ શકિતશાળીનું કામ નથી, બલકે ફકત અલ્લાહ તઆલા જ એનો સર્જક અને માલિક છે. આ બધાનો કુદરતી તકાજો એ છે કે માણસ ફકત તેની સામે જ શીશ નમાવે, એની જ ઈબાદત, આરાધના અને ઉપાસના કરે, એનાથી જ પોતાની જરૂરતો યાચે અને પ્રાથે. એના જ આદેશો પ્રમાણે જીવન વિતાવતો મરણ પામે પરંતુ. અફસોસ ! ઉપર પ્રમાણે સર્વગુણ સંપન્ન અલ્લાહને છોડીને શયતાનના બહેકાવામાં

ફસાઈને માણસ બુદ્ધિથી વિપરીત અલ્લાહ સાથે અલ્લાહના જ સર્જનોને એની ખુદાઈ અને સત્તામાં ભાગીદાર બનાવે છે.

શકયતઃ શિર્કના ઉચિત હોવા માટે બે તર્ક છે.

(૧) અલ્લાહે સ્વયં એના બંદાઓને ખબર આપી હોય કે અમે અમારી પેદા કરેલ સૃષ્ટિમાંથી ફલાણા ફલાણાને વિશ્વની વ્યવસ્થા ચલાવવામાં ભાગીદાર બનાવ્યા છે.

પરંતુ શું અલ્લાહ તઆલાએ આ ખબર આપી છે ? કોઈ નબી મારફત કે કોઈ આસમાની ગ્રંથમાં કે અન્ય રીતે. એનો ઉત્તર સ્પષ્ટ નકારમાં છે.

(૨) બીજો તર્ક છે, માણસની બુદ્ધિ મુજબ એકલા અલ્લાહ દ્વારા આ સૃષ્ટિનું સંચાલન અશકય હોવું.

પરંતુ આપણે જાણી ચૂકયા કે અલ્લાહ તઆલા અન્યોની જેમ સીમિત શકિત–સત્તા નથી ધરાવતો, બલકે દરેક પ્રકારની શકિત અને સત્તાનું મૂળ કેન્દ્ર જ તે છે, એના અધિકારોની સરખામણી કોઈ સાથે નથી થઈ શકતી, એના ફકત આદેશ અને ઈરાદાથી જ આવી બીજી ખરબો સૃષ્ટિઓ અસ્તિત્વમાં આવી શકે છે. તો પછી આ એક સૃષ્ટિનું સંચાલન એના માટે કેવી રીતે અશકય હોય ?

આટલા મોટા વિશ્વને કોઈ પૂર્વ નમૂના વગર અસ્તિત્વમાં લાવવાનું કપરૂં દેખાતું કામ અંજામ આપવામાં અલ્લાહે કોઈ કઠણાઈ, કષ્ટ કે થાકનો સામનો નથી કરવો પડયો તો પછી એના અસ્તિત્વને ટકાવવું અને મરજી પ્રમાણે એનું સંચાલન કરવું તો વધારે સરળ છે.

## શિર્ક વિષે એક ગેર સમજ

અમૂક લોકો કહે છે કે 'અમે તો એક અલ્લાહને જ રબ અને માલિક માનીએ છીએ, પરંતુ અલ્લાહથી નિકટતા મેળવવા માટે માધ્યમ રૂપ મૂર્તિઓ અને માણસોને પૂજીએ છીએ.'

શું આ એક પ્રકારનું જહાલત પણું અને બેવકૂફી નથી ?

એક બાદશાહે તેનો દરબાર દરેક માટે દરેક સમયે ખુલ્લો મૂકી દીધો છે.

કોઈ પણ માણસ ચાહે તે સમયે જઈ પોતાની વાત દર્શાવી શકે છે,

બાદશાહ એનાથી ઘણો જ પ્રસન્ન પણ થાય છે,

ઉપરાંત તે જ સમયે આવનારની જરૂરતો પૂર્ણ કરવાની વ્યવસ્થા પણ ફરમાવી દે છે, આટલી સવલતો અને સ્વતંત્રતા છતાં જો કોઈ ઈચ્છે કે અમે ફલાણા વજીર કે બાદશાહના ફલાણા સંબંધી મારફતે જ દરબારમાં હાજર થઈશું અને અમારી જરૂરત દર્શાવીશું તો પછી આવા માણસની આ હઠને બેવકૂફી ન કહેવામાં આવે તો શું કહેવાય ?

અલ્લાહ ફકત બાદશાહ જ નથી, બલકે તે તો બાદશાહોનો બાદશાહ અને અકલ્પ્ય અધિકારો અને સત્તા સામર્થ્યનો સ્વામી છે. બંદાઓની એકે એક વસ્તુ ઉપર એવી નજર રાખે છે, જેવી માણસની સ્વયંની નજર પોતાના ઉપર નથી હોતી, દરેકથી તે દરેકની ધોળી નસ કરતાં પણ વધુ નિકટ છે. એક સાથે જ દરેકને સાંભળે, સંભાળે છે, દરેકના દિલોના ભેદોનો જાણકાર છે. માણસ કોઈ વસ્તુ વિશે વિચારે એ પહેલાં અલ્લાહને એના વિશે ખબર પડી જાય છે.

આપણને કોઈના વારંવાર માંગવાથી ગુસ્સો આવે છે, જયારે એને ન માંગવા પર કે ઓછું માંગવા પર ગુસ્સો આવે છે. આવા ઉચ્ચ ગુણધારી મહાન અલ્લાહથી સંબંધ જોડવા આપણને કોઈ માધ્યમ અને વચેટિયાની જરૂરત શા માટે હોય ? અને માણસોની જરૂરત અને હાજત જાણવા સાંભળવા ખાતર અલ્લાહને કોઈ માનવીય કે વી–માનવીય માધ્યમની જરૂરત શા માટે હોય ?

## શિર્ક અલ્લાહ વિરુદ્ધ વિદ્રોહ છે

અત્યાર સુધી વર્ણવવામાં આવેલ બાબતોના આધારે પુરવાર થયું કે,

– અલ્લાહ તઆલાને સર્વગુર્ણ સંપન્નતા સહિત માનવું સ્વીકારવું બુદ્ધિગમ્ય અને પ્રાકૃતિક છે.

– સરળ પણ છે.

– એથી વિપરીત કુફ–શિર્ક અજ્ઞાનતા છે.

– મુર્ખતા છે.

– અલ્લાહ વિરૂદ્ધ બગાવત છે.

– સ્વયં માનવીનો પોતાના ઉપર અત્યાચાર છે.

અલ્લાહ તઆલા વિરૂદ્ધ આવો વિદ્રોહ સૃષ્ટિમાં અન્ય કોઈ નથી કરતું, બધા જ તેના આધીન અને આજ્ઞાંકિત છે, હા, એક માનવજાત છે જે શિર્કના અંજામથી અજાણ અલ્લાહ તઆલાની અવગણના અને નાફરમાનીના કાદવમાં વધુથી વધુ ખૂંપી રહ્યો છે.

જરૂરત ટાણે જેનાથી એક કોળિયો ન મળી શકે, એક ઘુંટડો પાણી પ્રાપ્ત ન થાય, એવું અરબો રૂપિયાનું ધન કોઈ પ્રકારે લાભદાયી ન કહી શકાય. માનવીને ચંદ્ર પર ઉતરાણ કરાવનાર, મંગળ સુધી પહોંચાડનાર બુદ્ધિ અને પ્રગતિનો પણ શું ફાયદો ?

– જો તેનાથી સાચા રબની ઓળખ ન થઈ શકે.

– પરવરદિગારની મહાનતાના બે શબ્દો જીભે બોલાવી નજાત (મોક્ષ)નો રસ્તો ન દર્શાવે.

માનવીનું દિલ, દિમાગ, હાથ અને પગ બધા જ અવયવો, આજે માનવી માટે આબરૂ, માન–સન્માનનું માધ્યમ છે, કાલે એ બધા જ એના વિરૂદ્ધ ગવાહી આપશે, સદાની આગમાં હોમાવાનું કારણ બનશે.

માનવીનું સમગ્ર અસ્તિત્વ અલ્લાહ તઆલાની દેણ છે, છતાં આ શરીરને, એના અવયવોને અલ્લાહ તઆલાના આદેશોની અવગણના અને નાફરમાની માટે વાપરવાં દગો અને નમકહરામી છે.

માનવીનું આ એટલુ મોટું પાપ છે કે જો અલ્લાહ તઆલા એને એક ઘુંટડો પાણી ન પીવાડે, એક કોળિયો ખાવા ન ખવડાવે, બલકે એક ઘડી માટે એને જીવંત પણ ન રાખે તો યોગ્ય ગણાય, પરંતુ અલ્લાહનું એહસાન કે વિદ્રોહ કરવા છતાં એણે માનવીને જીવન જીવવાની તક આપી, બલકે એથી વધીને એને મો'મિનો–મુસલમાનોની જેમ બરાબર ખવડાવે પીવડાવે છે અને આવી રીતે માનવીને તોબા કરવાનો, કુફ્ર શિર્કથી નીકળીને ઈમાન ઈસ્લામમાં પ્રવેશવાનો અવસર અર્પે છે.

અલ્લાહ તઆલાની આ નેઅમત અને મહેરબાનીથી કરોડો લોકોએ

લાભ ઉઠાવ્યો અને શિર્ક છોડી ઈસ્લામ સ્વીકારી લીધો.

## શિર્ક અજ્ઞાનતાનું પરિણામ છે

લોકોના મતે જેને લખતાં વાંચતા ન આવડતું હોય, એ અભણ કહેવાય છે, જે કોઈ સ્કૂલ મદ્રસામાં ગયો નથી એ અજ્ઞાની છે, પરંતુ સૌથી મોટો જાહિલ તે છે જે પોતાના સાચા માલિકને ઓળખતો નથી. જેને ખબર નથી કે આટલા મોટા વિશ્વને કોણે બનાવ્યું ? કોણ ચલાવી રહ્યું છે? એને ઉત્પન્ન કરવાનો આશય શું છે ? ગમે તેટલા ઉચ્ચ શિક્ષણ છતાં જેણે અલ્લાહને ઓળખ્યા નહીં, તે જ મોટો અજ્ઞાની છે. એનાથી વિપરીત જે માણસ દુનિયાના શિક્ષણથી વંચિત છે, પણ તેણે તેના સાચા માલિકને ઓળખી લીધો, પોતાની ઈબાદત આરાધનાનું કેન્દ્ર બનાવ્યો, તો નિઃશંક તે શિક્ષિત છે.

## શિર્ક અક્ષમ્ય અપરાધ છે.

અલ્લાહ સાથે કોઈને પણ શરીક ઠરાવવો માણસનું સૌથી મોટું જૂઠ અને સ્વયં પર કરવામાં આવતો મહાન અત્યાચાર છે. એમાં અલ્લાહ સમક્ષ બંડ, બળવો અને બગાવત છે. માટે અલ્લાહે એના માટે એવી જ આકરી સજા નક્કી કરી છે. અલ્લાહ તઆલા ફરમાવે છે કે,

અમે બંદાઓના દરેક ગુનાહો–પાપો માફ કરી શકીએ છીએ, પરંતુ શિર્કના પાપને અમે કદી માફ કરીશું નહીં.

હા, માણસ મરવા પહેલાં તોબા કરી લે તો પછી જુદી વાત છે. આ બાબતે અલ્લાહ તઆલા તેના પવિત્ર, પ્યારા રસૂલોની ભલામણ (શિફારીશ)ને પણ સ્વીકારશે નહી, આ એક એવો ગંભીર અને અશોભનીય ગુનો છે કે એના ખરાબ પ્રભાવથી બીજા બધા જ સદકાર્યો નષ્ટ થઈ જાય છે અને અલ્લાહ પાસે એનો કોઈ સવાબ મળશે નહી.

જયારે કે શિર્કથી બચવું અને સુરક્ષિત રહેવું એવી ખૂબી છે કે એ હોય તો પછી બીજા કોઈ પણ મોટા ગુનાહની માફી માટે અલ્લાહથી આશા રાખી શકાય છે.

અલ્લાહના પ્યારા નબી હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને પણ અલ્લાહ તરફથી સ્પષ્ટ બતાવવામાં આવ્યું કે શિર્કનો કંઈક અસર પણ જો તમારા અંદર જોવા મળશે તો તમારા બધા જ સદકાર્યો નષ્ટ થઈ જશે. કોઈના શિર્ક કરવાથી અલ્લાહ એવો સખત ક્રોધિત થાય છે કે કુર્આનમાં દર્શાવવા પ્રમાણે જો શિર્કભરી ખોટી અને જૂઠી વાતો સાંભળી આકાશ ફાટી જાય, ધરતી ચીરાય જાય, પહાડ ગબડી જાય તો અશકય નથી.

કહેવાનું તાત્પર્ય એ કે જેમ ઈમાન અને ઈસ્લામનું પરિણામ સારૂં હોય છે, એ જ પ્રમાણે શિર્કનું પરિણામ અત્યંત ખરાબ અને ખતરનાક હોય છે.

## આ પણ શિર્ક છે.

અલ્લાહ તઆલાને જ માલિક અને ખાલિક (સ્વામી અને સર્જનહાર) ન સમજવું, એની આરાધના–ઈબાદતમાં અન્યોને શરીક બનાવવું ; શિર્ક ફકત આ બે બાબતોનું જ નામ નથી, બલકે,

- ❑ અલ્લાહ તઆલા પાસે પોતાની જરૂરતો પૂરી કરાવવા માટે કોઈ અન્યને માધ્યમ સમજવું,
- ❑ અલ્લાહના નિકટમ સમજી એની આરાધના–પૂજા કરવી,
- ❑ અલ્લાહ તઆલા સિવાય કોઈ અન્યને અલ્લાહ તઆલાની જેમ ગુણવાન સમજવો, જેમ કે કોઈ માણસને (ચાહે તે અલ્લાહના રસૂલ કે નબી હોય) ગેબી વાતોનો જાણકાર (આલિમુલ ગૈબ) સમજવો,
- ❑ દરેક સ્થળે ઉપસ્થિત (હાજિર–નાજિર) સમજવું,
- ❑ આવા કોઈ માણસને અન્યોના દુઃખ દર્દ દૂર કરનાર સમજવો,
- ❑ મુસીબત અને દુઃખ ટાણે એને યાદ કરવો,
- ❑ એના નામની કસમો ખાવી,
- ❑ એના નામ પર જાનવરોનો વધ કરવો,
- ❑ એનાથી દુઆઓ માંગવી,

- ❑ અલ્લાહની જેમ ઈબાદત કરવી,
- ❑ કોઈ નબી કે રસૂલની મુહબ્બતમાં એટલી અતિશયોકત કરવી કે એમને માનવીથી આગળ વધી પૂજનીય અને માબૂદની સમજી લેવામાં આવે.

આ બધી જ બાબતો શિર્ક છે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે,

હે મારી ઉમ્મતાના લોકો ! તમે મારા પછી મારાથી પ્રેમ અને શ્રદ્ધામાં અતિશયોકિત (ગુલૂ) ન કરજો, જેમકે ઈસાઈઓએ એમના નબી હઝરત ઈસા અલૈ. સાથે કર્યું, હું ફકત અલ્લાહનો એક બંદો છું, તમે પણ મને અલ્લાહનો બંદો અને એનો રસૂલ જ કહો, મારા મરવા પછી મારી કબરને મેળાનું સ્થળ ન બનાવજો.

ઉપરની વિગત અનુસાર સૃષ્ટિના કોઈને પણ, નબી અને રસૂલને પણ, મદદ માટે પોકારવું, એમને ગેબના જાણકાર સમજવું, શિર્ક અને કુફ્ર છે.

કબરો પાસે જઈ કોઈ વલીને પોકારવું, કબરોનો તવાફ કરવો, બાધા, મન્નતો, નઝર, નિયાઝ માનવી; બધું જ ઈસ્લામ વિરૂદ્ધ છે.

કુર્આન અનુસાર દુનિયામાં અમૂક માણસો એવા છે, જેઓ બાહ્ય રીતે તો મુસલમાન છે. પરંતુ ઉપરોકત બાબતો અલ્લાહ સિવાય અન્યો માટે પણ સમજવા, ઠરાવવાના કારણે અલ્લાહ તઆલાની નજરે તેઓ મુશ્રિક છે. અલ્લાહ તઆલા ફરમાવે છે :

હશ્રના મેદાનમાં એક માણસ અલ્લાહ સમક્ષ લાવવામાં આવશે, જેની પાસે સદકાર્યોના સવાબનો ઢગલો હશે, લોકો બધા જ અને સ્વયં તે માણસ પણ એમ સમજતો હશે કે તે મુસલમાન હતો, પરંતુ તેના અકીદાઓ અને માન્યતાઓમાં શિર્કભર્યા વિચારો–કાર્યોની ભેળસેળના કારણે એનું ઈમાન નષ્ટ થઈ ગયું હતું.

જેમ આગ–પાણી ભેગા નથી રહી શકતા, તેમ એક માણસ એક સાથે તૌહીદ અને શિર્ક (એકેશ્વરવાદ અને અનેકેશ્વરવાદ)ની રાહ પર

નથી ચાલી શકતો, જો આવા શિર્ક ભર્યા વિચારો સાહિત કોઈ માણસને મુસલમાન–મો'મિન કહી શકાય તો પછી અરબસ્તાનના મુશ્રિકોને શા માટે ઈસ્લામથી ખારિજ સમજવામાં આવ્યા ? તેઓનું કહેવું પણ આમ જ હતું કે સૃષ્ટિનો સર્જક અને સ્વામી, ખાલિક અને માલિક અમે અલ્લાહને જ સમજીએ છીએ, મૂર્તિઓની આરાધના તો ફકત અલ્લાહ પાસે વધુ નિકટતા મેળવવાના માધ્યમ રૂપે કરીએ છીએ, તેઓ મરણ પછી અલ્લાહ પાસે અમારા માટે ભલામણ કરશે.

આવા કહેવાતા મુસલમાનો અને અરબસ્તાનના મુશ્રિકોમાં એટલો જ ફર્ક રહ્યો કે મૂર્તિઓ વિષે જે વિચારો મુશ્રિકો ધરાવતા હતા, તેવા જ વિચારો અને શ્રદ્ધા આ લોકો તેમના નબીઓ, સંતો કે મહાપુરૂષો બાબત ધરાવે છે.

આવી ખોટી શ્રદ્ધા કોઈ સામાન્ય વસ્તુ બાબત હોય કે નબી, સંત અને મહાપુરૂષ વિશે હોય, તે દરેક પ્રકારે શિર્ક અને અલ્લાહ–ઈશ્વરની સર્વોપરિતામાં અન્યને ભાગીદાર સમજવા બરાબર છે. જે સદંતર અનુચિત છે.

## મુસલમાનોના એવા કાર્યો જેમનો ઇસ્લામથી કોઈ સંબંધ નથી .

વર્તમાનકાળમાં મુસલમાનોમાં ઘણા એવા કાર્યો પ્રચલિત છે, જેનો ઈસ્લામ અને ઈસ્લામની તાલીમથી લગીરેય સંબંધ નથી અને ઘણા જ અફસોસની વાત છે કે ગેર મુસ્લિમ ભાઈઓ અને દેશ વાસીઓ આવા મુસલમાનોને ઈસ્લામના પ્રતિનિધિ સમજી એમના કાર્યોને ઈસ્લામી પ્રણાલિકા સમજી બેસે છે અને ઈસ્લામની પવિત્ર–નિર્મળ તાલીમથી વંચિત રહી જાય છે, પરિણામે ઈસ્લામ વિશે તેઓ ભ્રમ અને ગેર સમજમાં જ રહે છે અને ઈસ્લામ સુધી પહોંચી શકતા નથી. તેઓ સાચું જ કહે છે કે જો આવા કુરિવાજો, અંધ શ્રદ્ધાઓ, અને એકેશ્વરવાદ (તવહીદ)થી વિપરીત પ્રથાઓ અને કાર્યો ઈસ્લામમાં પણ સ્વીકાર્ય છે તો

પછી અમારા અને આ મુસલમાનોમાં કોઈ ફર્ક હોય તો એટલો જ છે કે,

તેઓ કબરો ઉપર સજદો કરે છે અને અમે મૂર્તિઓ સામે નમીએ છીએ,

તેઓ કબરો પર નિયાઝ ચઢાવે છે અને અમે મૂર્તિઓ સમક્ષ પ્રસાદ ધરીએ છીએ,

તેઓ કબરના મડદાંઓથી જરૂરતો યાચે છે અને અમે મૂર્તિઓથી પ્રાથીએ છીએ.

તેઓ તેમના વડવાઓ અને પૂર્વજોના નામની સોગંદ ખાય છે, અને અમે અમારી મૂર્તિઓના નામે સોગંદ ખાઈએ છીએ,

તેઓ કબરોનો તવાફ કરે છે અને અમે ઝાડો, પથ્થરોના અને નદીઓના ફેરા ફરી પરિક્રમા કરીએ છીએ.

ગત પૃષ્ઠોમાં દર્શાવવામાં આવેલ ઈસ્લામ અને શિર્ક વચ્ચેની બુનિયાદી માહિતીના આધારે નિશ્ચિત રૂપે કહી શકાય કે મુસલમાનોની આવી આદતો અને બિદઅતો સાથે ઈસ્લામને કોઈ લેવા દેવા નથી. ઈસ્લામમાં અલ્લાહ સિવાય કોઈ પણ નબી, સંત કે વલીને પોકારવા ઉચિત નથી.

કોઈ માણસ વિશે એવી શ્રદ્ધા કે એ માનવી નથી, બલકે માનવીથી ઉચ્ચતર છે; એ શિર્ક છે. ભારત અને ભારતીય ઉપખંડના અન્ય દેશોમાં આવી શિર્કભરી પ્રથા અને સંસ્કૃતિનું મૂળ કારણ એ છે કે મુસલમાનો અહિંયા સદીઓથી અન્ય કોમોના સહવાસમાં જીવી રહ્યા છે અને શયતાને ઘણી ચાલાકીથી એને મુસલમાનોમાં પ્રચલિત કરી દીધી.

શયતાન જાણે સમજે છે કે મુસલમાન ગમે તેવો અભણ અને સામાન્ય કેમ ન હોય, એના મન ઈસ્લામ–ઈમાન અતિ મહત્વની પૂંજી હોય છે અને સીધી રીતે ઈમાન, ઈસ્લામ છોડાવી શિર્કમાં પ્રવૃત કરી દેવો શકય નથી, આ માટે તેણે વિચાર્યું કે લોકોને નામે મુસલમાન બાકી રાખવા સાથે એમને દીનના નામ પર એવા કાર્યો કરવા પ્રેરવામાં આવે જેનાથી તે સ્વયંને અને અન્યો પણ તેને મુસલમાન સમજતા રહે, પરંતુ શયતાની

કાર્યોના કારણે અજાણ્યે જ તે ઈસ્લામ બહાર થઈ ગયો હોય અને આખરે અલ્લાહ પાસે મરવા પછી તેની ગણતરી મુશ્રિકો, ગેર મુસ્લિમોમાં થાય, આવા લોકો વિશે જ અલ્લાહ તઆલા ફરમાવે છે,

"અલ્લાહ ઉપર ઈમાન લાવનારા ઘણા લોકો, સાથે શિર્ક પણ કરતા હોય છે."

## ઇસ્લામામાં શફાઅત (ભલામણ)ની માન્યતા

મૃત્યુ પછી આખિરતમાં અલ્લાહ પાસે પાપી લોકો માટે અન્ય નેક લોકો દ્વારા શફાઅત–ભલામણની માન્યતા ઈસ્લામમાં મોજૂદ છે. આવા નેક લોકોમાં સર્વપ્રથમ અલ્લાહના નબી હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ છે, પછી બીજા નબીઓ, રસૂલો, ઉલમા, હાફિજો, વગેરે, પરંતુ આ લોકો કોઈ મુશ્રિક કે ગેર મુસ્લિમ માટે કદી સિફારિશ નહીં કરશે. શફાઅત અને ભલામણનો અધિકાર અલ્લાહ તરફથી એના નેક બંદાઓના સન્માનના પ્રતિક સમું ઈનામ છે, અર્થાત અલ્લાહ તઆલા જે મો'મિન, મુસલમાન બંદાઓના પાપો ક્ષમા કરી એમને સજાથી છોડવા ઈચ્છશે, એમના વિશે નબીઓ અને નેક લોકોને ભલામણ કરવાનો અધિકાર આપવામાં આવશે. નબીઓ અને નેક લોકો સ્વયં કોઈના વિશે ભલામણ અને સિફારિશ નહી કરશે. અલ્લાહ તઆલા જેમના વિશે પરવાનગી આપશે એમના હકમાં જ તેઓ ભલામણ કરી શકશે.

ઈસ્લામમાં શફાઅત ભલામણની આ માન્યતા ઈસાઈઓની જેમ નથી કે ઈસા અલૈ. સૂળીએ લટકી તેમને માનનારા બધા જ લોકો વતી કુરબાન થઈ ગયા અને દરેક માટે અલ્લાહની ક્ષમા નિશ્ચિત થઈ ગઈ. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ વિશે વિચારવું કે તેઓ તેમના ઉમ્મતી દરેક મુશ્રિક–કાફિર વિશે જહન્નમથી છોડવાની ભલામણ કરી એમને જન્નતમાં લઈ આવશે; ખોટું અને ભૂલ ભરેલું છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું કથન છે કે "હું ફકત એવા લોકોની સિફારિશ અને ભલામણ કરીશ જેઓ અલ્લાહ સાથે શિર્ક ન કરે."

## શિર્કની શિક્ષા મરણ પછી સદા નર્કમાં રહેવું છે .

શિર્ક જેવા અપરાધની ભયંકરતા અને અક્ષમ્યતાના કારણે અલ્લાહ તરફથી એની સજા પણ અત્યંત આકરી નક્કી કરવામાં આવી છે. અલ્લાહ તઆલા કુર્આનમાં ફરમાવે છે :

" મુશ્રિક અને કાફિર મરણ બાદ શયતાન સાથે સદા માટે નર્કની સજામાં બળ્યા કરશે, બૂમ બરાડાઓ અને ચીચીયારીઓ છતાં એમાંથી બહાર કાઢવામાં આવશે નહીં, અલ્લાહ તઆલા એમના ઉપર બિલ્કુલ રહમ કરશે નહીં, અલ્લાહના કોઈ પયગમ્બર, નબી કે પવિત્ર બંદાની પણ મજાલ ન હશે કે આવા લોકો વિશે ભલામણ કરે અથવા એમનો અઝાબ ઓછો કરવાની રજૂઆત કરે,

આવા શિક્ષા પાત્ર લોકો આખી દુનિયાનો ખજાનો, બલકે બમણો ખજાનો અને સંપત્તિ આપી નર્કની સજાથી છુટવા માંગશે તો પણ એમને છોડવામાં આવશે નહીં, એ નર્ક જ એમનું ઠેકાણું રહેશે, જન્નતની નેઅમતો અને આરામથી તેઓ સદા વંચિત રહેશે.

## જહન્નમ શું છે ?

જહન્નમ, જેને નર્ક–દોઝખ કહેવામાં આવે છે; કુર્આન અને હદીસના આધારે અસહ્ય આગની એક ખીણ છે, જે એટલી ઊંડી છે કે ઉપરથી એક પથ્થર નાંખવામાં આવે તો એને નીચે પહોંચતા સુધી સિત્તેર વરસો થઈ જાય, એની દીવાલો એટલી પહોળી છે કે એના ઉપર ચાલવામાં સામાન્ય માણસના સાત વર્ષ નીકળી જાય. એના કુલ સાત દરવાજાઓ છે, સિત્તેર લગામો છે. દરેક લગામ ખેંચવા પર સિત્તેર હજાર ફરિશ્તાઓ નિયુકત છે, આગ એટલી પ્રબળ છે કે એને લગાતાર ત્રણ હજાર વર્ષ સુધી ભડકાવવામાં આવી છે, જેના લઈ એનો રંગ અંધારી રાત જેવો કાળો થઈ ગયો છે, આપણી દુનિયાની આગ નર્કની આગનો તો ફકત સત્તરમો અંશ કહી શકાય, એની જવાળા ઊંચા મહેલો જેવડી ઊંચી હશે, જેને સૌથી ઓછો અઝાબ આપવામાં આવશે, એને ફકત પગમાં આગની

બે મોજડીઓ પહેરાવવામાં આવશે, છતાં તેનું દિમાગ પાણીની ગરમ હાંડલીની જેમ ઉકળતું હશે અને તે માણસ એમ જ સમજશે કે સૌથી વધુ અઝાબ એને જ આપવામાં આવી રહ્યો છે. જહન્નમ સ્વયં એટલી પ્રકોપમાન હશે કે જાણે ક્રોધથી હમણાં જ ફાટી જશે. એનું ઈંધણ મુશ્રિકો અને અલ્લાહને નકારનારાઓ હશે. સાથે તે મૂર્તિઓ પણ હશે, જેની તેઓ ઈબાદત કરતા હતા. મુશ્રિકો અને કાફિરોને આ નર્કમાં થાંભલાઓથી બાંધી દેવામાં આવશે, ઉપરથી બારણા બંધ કરી દેવામાં આવશે, જેથી તેઓ બહાર નીકળી શકે નહીં, હાથમાં બેડીઓ પહેરાવવામાં આવશે, પગોમાં સિત્તેર હાથ લાંબી સાંકળ હશે, ઉપરાંત ગળામાં પણ પટ્ટો હશે. ઊંધા મોંએ પહેલાં ગરમ પાણીમાં, પછી નર્કમાં ફેંકી દેવામાં આવશે, આવા નર્કવાસીઓનું પહેરણ અત્યંત ગરમ ઓગાળેલા તાંબાનું હશે, આગની ગરમીથી મોઢું એવું દાઝી જશે કે હોઠ લટકીને પેટ સુધી આવી જશે અને ઉપરનો હોઠ માથાના મધ્યે પહોંચી જશે.

નર્કને અલ્લાહ તઆલા એક ગરદન આપશે જેમાં બે આંખો અને એક જીભ હશે, તે કહેશે કે, હું આજે એવા લોકો પર થોપી દેવામાં આવી છું, જેઓ અલ્લાહ સંગાથે કોઈને ભાગીદાર બનાવતા હતા, અને હિસાબ કિતાબના મેદાનમાંથી જ તે પોતાના શિકાર શોધી લેશે.

નર્કમાં ઊંટો જેવા સર્પો અને ગધેડાઓ જેવડા વીંછીઓ હશે, એટલા ઝેરીલા કે જે નર્કસ્થને ડંખશે, ચાલીસ વર્ષ સુધી એ પીડા અનુભવશે, તરસ લાગશે તો પીવા માટે ઉકળતું પાણી આપવામાં આવશે, જેના પીવાથી આંતરડાઓના ટુકડા થઈ જશે, પાણીના સ્થાને નર્કવાસીઓના શરીરમાંથી નીકળીને ભેગું થયેલ પરુ–રસી પીવાડવામાં આવશે, જે અત્યંત કષ્ટ સહિત ઘુંટડે ઘુટડે પી શકાશે.

ભૂખ લાગશે તો કડવું, દુર્ગંધ મારતું, આગથી વધુ ગરમ કાંટાળુ 'ઝક્કુમ' નું ફળ આપવામાં આવશે, જે ગળામાં જ અટકી જશે, આ ફળો એટલા કડવા હશે કે એક બુંદની માત્રા પણ વિશ્વના સઘળા માનવીઓના ખાણામાં ભેળવી દેવામાં આવે તો બધાનું જ ખાણું કડવું થઈ જાય.

માથા ઉપર ઉકળતું પાણી વહાવવામાં આવશે, જેનાથી પેટમાં જે કાંઈ હશે તે બહાર નીકળી આવશે.

બહાર નીકળવાનો પ્રયત્ન કરશે તો લોખંડની એવી ગદાઓથી ફટકારવામાં આવશે જે બધા માણસો જીન્નાતો ભેગા મળી પણ ઉઠાવી શકે નહીં એટલી ભારે હશે, જેના એક પ્રહારમાં પહાડને ચૂર કરી દેવાની શકિત હશે.

નર્કમાં આગના પહાડો હશે, સિત્તેર વર્ષ સુધી નર્કવાસીને એના ઉપર ચડાવવામાં આવશે અને બીજા સિત્તેર વરસોમાં નીચે ઉતારાશે.

લગાતાર રડવાના કારણે અશ્રુઓ સુકાય જશે, અને અંતે લોહીના આંસુએ રડવાનો વારો આવશે.

આવા આકરા અને અસહ્ય અઝાબથી વ્યાકુળ થઈ નર્કવાસીઓ અલ્લાહથી મૃત્યુની વિનંતિ કરશે, કે મૃત્યુ મેળવી આ અઝાબથી છુટકારો મેળવી શકાય, તો અલ્લાહ તઆલા જવાબ આપશે કે તમારે તો સદાએ એમાં જ રહેવાનું છે.

તેઓ ફરી વિનંતિ કરશે કે ફકત એક દિવસ માટે આ અઝાબ બંધ કરી દેવામાં આવે તો એ પણ અલ્લાહ તરફથી સ્વીકાર્ય ન હશે, અંતે તેઓ તેમના પાપાચાર સ્વીકારી અલ્લાહને વિનવશે કે હે અલ્લાહ ! અમે અમારી કુમતિથી જ ગુમરાહ, પદભ્રષ્ટ થયા છીએ, અમને આ નર્કમાંથી નજાત આપો, અમે બીજીવાર આવા ગુનાહો કરીશું નહીં, તો અલ્લાહ ફરમાવશે,

' અપમાનિત થઈ ત્યાં જ પડયા રહો, મારાથી કોઈ પ્રકારની વાતચીત ન કરો, આજે કોઈ બહાનું ચાલશે નહી, તમને તમારા કરતૂતોની સજા આપવામાં આવી રહી છે.'

જહન્નમવાસીઓ આ સાંભળી ગધેડાઓની જેમ બરાડશે, શોર કરશે, તેમના મુખડાઓ વિકૃત થઈ જશે.

આગથી સળગી જયારે જયારે એમની ચામડીઓ રાખ થઈ જશે, અલ્લાહના આદેશ અનુસાર એના બદલે બીજી ચામડી ચડાવી દેવામાં

આવશે.

અહિંયા કોઈને કદી મૃત્યુ ન આવશે, બુમો પાડે કે સહન કરે, તેમાં જ રહેવાનું હશે.

જયારે અલ્લાહને ન માનનારા કાફિરોને એમાં નાંખવામાં આવશે તો જહન્નમનો વડો એમનાથી પુછશે :

શું તમારી પાસે તમને કોઈ (અલ્લાહની ના ફરમાની કરવાથી) ડરાવનાર આવ્યું  ન હતું ? તેઓ કહેશે કે આવ્યા હતા, પરંતુ કાશ ! અમે જરા સમજથી કામ લીધું હોત તો આજે આ પરિસ્થિતિ ન હોત.

બીજી તરફ ઈમાનવાળાઓ અને જન્નતીઓ તેમના સોફાઓ પર બેસી જહન્નમીઓની આ દશા જોઈ કહેશે કે દુનિયામાં તમે અમારા ઉપર હસતા હતા, આજે અમે તમારા ઉપર હસીએ છીએ.

## ભૂતકાળના એકેશ્વરવાદી લોકોનો અંજામ

અલ્લાહ તઆલાએ દરેક કાળે દરેક કોમમાં માનવીઓના માર્ગદર્શન માટે તેના પયગમ્બરો મોકલ્યા, જેમણે લગાતાર અલ્લાહના બંદાઓને આ વાત સમજાવી કે સૃષ્ટિમાં ફકત એક અલ્લાહનું અસ્તિત્વ સર્વોપરી છે, તે જ ઈબાદત અને પૂજાને પાત્ર છે. લગાતાર વર્ષો સુધી મહેનત કરવા પછી પણ આ કોમોએ પયગમ્બરોની વાત ઉપર ધ્યાન આપ્યું નહીં, બલકે એમને જુઠા કહ્યા, સતાવ્યા, અપમાનિત કર્યા, એમણે બતાવેલ નિશાનીઓ, આદેશો અને ચમત્કારોની મજાક ઉડાવી, પરિણામે અલ્લાહ તઆલાએ એ કોમોને નષ્ટ કરી દીધી.

ઈરાકમાં વસતી હઝરત નૂહ અલૈ.ની કોમ એક મોટા પૂર વડે નેસ્તનાબૂદ કરી દેવામાં આવી, અને એક નાવડીમાં હઝરત નૂહ અલૈ. અને એમને માનનારાઓને બચાવી લેવામાં આવ્યા, કુર્આનમાં દર્શાવવા પ્રમાણે હઝરત નૂહ (અલૈ.)એ લગાતાર ૯૫૦ વરસો સુધી એમની કોમમાં ઈમાન માટેના પ્રયત્નો કર્યા અને કોમને અલ્લાહની ઈબાદત કરવા માર્ગદર્શન આપ્યું હતું.

એમના પછી આદ નામની કોમ આવી, જેમના કદ, કાઠ અને શરીર–સ્વાસ્થ્ય એટલા મજબૂત અને સશકત હતાં કે તેઓ રહેવા માટે સામાન્ય ઘરોના સ્થાને મોટા પહાડોમાં ગુફાઓ બનાવી રહેતા હતા, એમના આવા ઘરો આજે પણ મક્કાથી શામ જવાના રસ્તે વેરાન પડેલા નજરે પડે છે. આ લોકોના માર્ગદર્શન માટે હઝરત હૂદ (અલૈ.)ને નબી અને માર્ગદર્શક બનાવી મોકલવામાં આવ્યા, જયારે આ કોમના બહુમતી લોકોએ એમની વાત માનવાથી ઈન્કાર કરી દીધો તો અલ્લાહ તરફથી આસમાનથી એક ઝડપી વાવાઝોડું મોકલવામાં આવ્યું, લગાતાર આઠ દિવસ અને સાત રાત્રિઓ સુધી આ આંધી ચાલતી રહી, અને સઘળી કોમ એમાં નષ્ટ થઈ ગઈ, ત્યાર પશ્ચાત કોમે ષમૂદ એમના સ્થાને આવી, સાલેહ (અલૈ.)એમના નબી હતા, અલ્લાહની નાફરમાની અને અવગણના કરવામાં તેઓ પણ કમ ન હતા, એક વિનાશક ધરતીકંપ દ્વારા સઘળી કોમનું નખ્ખોદ વાળી દેવામાં આવ્યું, ફકત ઈમાનવાળાઓ જ રક્ષિત રહ્યા.

કોમે લૂત જે સમલૈંગિક સંબંધો દ્વારા વાસના તૃપ્તિના અકુદરતી કુકર્મમાં પ્રવૃત હતી, જયારે તેમના પાપોનો ઘડો છલકાય ગયો, તો અલ્લાહ તઆલાએ આસમાન પરથી પથ્થરોનો વરસાદ વરસાવ્યો અને સમસ્ત આબાદીને ઉપર ઉઠાવી ઊંધી કરી નીચે પટકી દીધી, આખી કોમ ધરતીમાં ધસી ગઈ, નીચેનું પાણી ઉપર આવી ગયું, એક સરોવરના રૂપમાં ફેરવાય ગયેલું આ પાણી આજે પણ "મૃત સરોવર"ના નામે જોર્ડનમાં જોઈ શકાય છે. દુનિયાનું આ એક માત્ર સરોવર છે, જેમાં માછલીઓ જીવી નથી શકતી, જે અઝાબનું જ પરિણામ અને અસર છે.

ઉમ્મતે મહુમ્મદીય્યહ (સલ.) પ્રતિ અલ્લાહે કૃપા અને મહેરબાની દર્શાવી છે કે એને પાછલા લોકો અને કોમોની જેમ આખી એક સાથે નષ્ટ કરવામાં આવશે નહીં, કારણ કે આ અંતિમ નબીની અંતિમ ઉમ્મત છે, માટે જ તો બહુમતી લોકો આજે શિર્ક–કુફ્રમાં પ્રવૃત હોવા છતાં આ ઉમ્મત સર્વગ્રાહી અઝાબથી રક્ષિત રાખવામાં આવી રહી છે.

## ઇસ્લામનો બદલો જન્નત-સ્વર્ગ છે .

જે માણસ અલ્લાહ ઉપર ઈમાન લાવે, એના આદેશો પ્રમાણે જીવન વિતાવે, એની સાથે કોઈને શરીક ન કરે, મરતાં સુધી સ્વયંને કુફ્ર શિર્કની ગંદકીથી રક્ષિત રાખે અને એ જ માર્ગ પર અડગ રહે, તો આવા માણસને વળતર રૂપે મરવા પછી સદા માટે જન્નત મળશે, સદા માટે તે જહન્નમની આગથી બચાવી લેવામાં આવશે, ઉપરાંત એને અલ્લાહની પ્રસન્નતા અને દીદાર–દર્શનની મહાન નેઅમત મળશે, જેના મુકાબલામાં વિશ્વની બધી જ નેઅમતો તૃચ્છ લાગશે. ફરિશ્તાઓનું આતિથ્ય (મિઝબાની) અને કદી પૂર્ણ ન થનારી અગણિત નેઅમતો એવી મળશે, જેની કલ્પના માત્રથી માણસ ઝૂમી ઉઠે અને એને પામવાના પ્રયત્નોમાં પ્રવૃત થઈ કુફ્ર–શિર્કને ત્યાગી તોબા કરવા તત્પર થઈ જાય.

## જન્નત શું છે ?

જન્નત, મો'મિન, મુસલમાન બંદાઓ માટે અલ્લાહ તઆલાએ બનાવેલ મહેલોની નગરી છે, આ મહેલોની ઈંટો સોના–ચાંદીની છે, મુશ્કની ખુશ્બૂથી એમને ચણવામાં આવી છે, એ માટે જાફરાનની માટી ઉપયોગવામાં આવી છે, કાંકરીઓના સ્થાને મોતીઓ અને યાકૂતના ટુકડાઓ છે, એમાં પ્રવેશનાર સદા માટે ત્યાંનો જ થઈને રહેશે, કદી મરશે નહીં, સદા યુવાન રહેશે, રેશમના વસ્ત્રો હશે, જે કદી જૂના ન થશે, હાથોમાં સોનાના કંગન અને મોતીઓના હાર હશે, શિરે હીરાઓનો તાજ જગમગશે, આંખો સુંદર, મોહક અને કાળી સુરમાવાળી હશે, છેલ્લી કોટીના મુસલમાનને જે જન્નત આપવામાં આવશે તે આ દુનિયા કરતાં દસ ગણી વિશાળ હશે, આઠ દરવાજાઓ હશે, જેની પહોળાઈ ચાલીસ વરસના અંતર જેટલી હશે, સોનાના તારોથી બનાવેલ ટેબલો ઉપર ફૂલ વેલાઓનું સુંદર નકશીકામ કરેલા રેશમી ગાદલાઓ ઉપર ટેક લગાવી જન્નતીઓ આમને સામને બેસશે, નાના નાના સૌંદર્યવાન છોકરાઓ સેવામાં હાજર હશે, જેમને કુર્આનમાં 'ગિલ્માન' કહેવામાં આવ્યા છે, તે

એટલા રૂપવાન હશે કે દૂરથી જોનાર તો એમને વિખેરાયેલા મોતી જ સમજશે.

જન્નતીઓની શાંતિ, સંતોષ, અને સંગાથ માટે કુંવારી, રૂપાળી, સમાનવય ધરાવતી, શિયળવંતી સ્ત્રીઓ (હૂરો) પણ હશે, એટલી સલામત કે કદી કોઈએ તેણીઓને જોઈ પણ ન હશે, અને કોઈ તેણીઓને અડકયું પણ ન હશે, દરેક માટે વિશિષ્ટ રૂપે તેણીને પેદા કરવામાં આવી હશે, એમના સોંદર્ય માટે એટલું જ કહી શકાય કે જાણે તેણીઓ યાકૂત–મરજાનના હીરાઓ છે.

અહીંયા બાગો પણ હશે, જેમાં પાણી, મધ અને દૂધની નહેરો વહેતી હશે, જન્નતીઓના હાથમાં સોનાની લાકડીઓ હશે, એનાથી જે દિશા ભણી ઈશારો કરશે, તે પ્રતિ નહેરો વહેવા માંડશે, આ બાગો અને મહેલોમાં અપાર ફળો અને ફૂલો મળી રહેશે, ઝાડો એક બીજાથી હળીમળીને એટલા લાંબા વિસ્તારમાં પથરાયેલા હશે કે અત્યંત ઝડપી અશ્વ (ઘોડો) ૧૦૦ વર્ષમાં પણ એટલું અંતર ન કાપી શકે.

ઝાડોના થડ સોનાના હશે, જેના પરથી દરેક પ્રકારના ફળ ફૂલ મળી રહેશે, જન્નતી ઉભો રહીને, બેસીને કે સૂતાં સૂતાં, જે પ્રમાણે ઈચ્છશે, તોડીને ખાય શકશે, સૂતાં–સૂતાં ફળો તોડવા હશે તો ડાળખીઓ સ્વયં એના સમીપ આવી લટકી જશે, દરેક વેળા ફળનો સ્વાદ નોખો અને વધુ સ્વાદિષ્ટ લાગશે, જે સ્વાદિષ્ટ ખાણાનો વિચાર જે ઘડીએ મનમાં આવશે, તે જ વેળા તે તૈયાર થઈ સામે આવી જશે.

જન્નતીને જન્નતમાં દુનિયાની જેમ ખેતી કરવાની પણ છૂટ મળશે, અને જમીનમાં બીજ વાવતાં જ છોડ ઉગી નીકળશે અને ખેતી તૈયાર થઈ જશે.

ઋતુ સમશીતોષ્ણ (મધ્યમ) હશે, ગરમી પણ ન હશે, શરદી પણ ન હશે.

જન્નતમાં પ્રવેશતી વેળા ફરિશ્તાઓ જન્નતીઓને સત્કારવા તૈયાર હશે, તેઓ કહેતા હશે કે હે જન્નતીઓ ! તમારા ઉપર સદાની સલામતી રહે, પ્રસન્નતા સહિત જન્નતમાં પ્રવેશો, તમને અહિંયા કોઈ પ્રકારનો

ખોફ, ગભરામણ, રંજ અને ગમ સતાવશે નહિં.

જન્નતમાં દરેક જન્નતી અત્યંત ખૂબસૂરત રહેશે, અહિંયા બજારો પણ હશે, જન્નતીઓ એની સહેલગાહે જઈ તેમના મહેલોમાં પાછા ફરશે તો તેમના મહેલો પહેલાં કરતાં વધુ સુંદર બની ગયા હશે.

જન્નતીઓના ચહેરાઓ પૂનમના ચાંદની જેમ ચમકતા હશે, ખાવા પીવાના વાસણો સોના ચાંદીના હશે, પસીનામાં દુર્ગંધ ન હશે, બલકે સુગંધ ભળેલી હશે, મહેફિલોમાં ઊદની અંગેઠીઓ સળગાવી વાતાવરણ મહેકતું કરવામાં આવશે.

અહિંયા કોઈને પેશાબ પાખાનાની જરૂરત ન પડશે, નાક સાફ કરવા કે થૂંકવાની પણ આવશ્યકતા હશે નહીં. એકવાર સુગંધિત પસીનો થશે અને ખાણું હજમ થઈ જશે.

જન્નતમાં શોર બકોર અને ઘોંઘાટ ન હશે, બેકાર વાતો અને નાસ ભાગ ન હશે. જો દુનિયામાં એક બીજા દોસ્તોથી ખેંચી–છીનવીને ખાવાથી તેઓ મજા મનાવતા હતા, તો જન્નતમાં પણ તેઓ આવી જ મજલિસ યોજી શકશે.

અત્રે દરેકના મો'મિન બીવી–બચ્ચાઓ પણ સાથે જ હશે, અને તેમની સાથે રહેવાથી નેઅમતોમાં કોઈ કમી ન થશે.

દુનિયામાં એક બીજા પ્રત્યે જે કપટ, કિન્નાખોરી અને વેર હતું, તે બધું જ ત્યાં દિલોમાંથી સાફ થઈ જશે, બધા જ એક બીજાના ભાઈ બની રહેશે.

ટૂંકમાં જન્નતમાં તે બધું જ હશે, જેને માનવીએ ન કદી જોયું, ન એના વિશે કંઈ સાંભળ્યું, ન એ વિશે કલ્પના કરી હશે.

જન્નતીઓને જે સૌથી ઊંચી નેઅમત અલ્લાહ તરફથી મળશે, તે અલ્લાહ તઆલાના દીદાર–દર્શન છે, જન્નતની બીજી બધી જ નેઅમતો એની સામે તૃચ્છ હશે. જન્નતની આ બધી જ નેઅમતો અલ્લાહ ઉપર ઈમાન ધરાવતા અને શિર્કની ગંદકીથી પવિત્ર દિલો વાળા લોકો માટે તૈયાર કરવામાં આવી છે.

## મુશ્રિક (બહુદેવતાવાદી) માટે મૃત્યુ ટાણેના કષ્ટો

શિર્ક–કુફ્ર કરતાં કરતાં જે માણસ મૃત્યુ પામે છે, એના શરીરમાંથી પ્રાણ ખેંચવા માટે ફરિશ્તાઓ દ્વારા અપનાવવામાં આવતી કડકાઈનું જે વર્ણન કુર્આન હદીસમાં આવ્યું છે, એને ફકત સાંભળવાથી જ માણસના રૂવાંળા ઉભા થઈ જાય છે, પયગમ્બર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એનું ઉદાહરણ આપતા ફરમાવે છે :

કોઈ કાંટાળી ડાળી ઉપર પાતળા કપડાંને વીંટાળી દેવામાં આવે, પછી એને ખેંચવામાં આવે, આનાથી કપડાંની જે દશા થશે તે સમજી શકાય છે, મૃત્યુ ટાણે શિર્ક કુફ્ર કરનારની આનાથી વધુ બુરી દશા થશે, ત્યાર પછી કાળા મોં વાળા ફરિશ્તાઓ એના પ્રાણને ગંદા, દુર્ગંધ મારતા કપડામાં વીંટાળી આસમાન પ્રતિ લઈ જશે, પરંતુ ત્યાં આવા પ્રાણ માટે આગળ જવાના દરવાજાઓ બંધ હશે, પરિણામે આવી રૂહો (પ્રાણ)ને ધરતીના તળિયે સિજ્જીનમાં ફેંકી દેવામાં આવશે.

## મો'મિન માટે મૃત્યુ વેળાની સરળતા

એનાથી વિપરીત મો'મિન અને મુસલમાનના પ્રાણ લેતી વેળા અલ્લાહ તઆલા તરફથી નૂરાની મુખડું ધરાવતા ફરિશ્તાઓ મોકલવામાં આવે છે, જેઓ અત્યંત સરળતાથી મો'મિનના પ્રાણ ખેંચી સાતમાં આસમાન ઉપર જાય છે. જયાં ફરિશ્તાઓ દ્વારા આ પ્રાણને આવકાર આપવામાં આવે છે.

મો'મિન માટે એની કબરને જયાં સુધી એની દૃષ્ટિ પહોંચશે, વિશાળ કરી દેવામાં આવે છે, જન્નતની બારીઓ અહિંયા ખોલવામાં આવશે, જેના વડે જન્નતની ખૂશ્બુ અને ઠંડી હવા આવતી રહે છે, અને ફરિશ્તાઓ આવા માણસને કહેશે :

"હે અલ્લાહના મો'મિન બંદા ! હવે તું આ કબ્રમાં દુલ્હનની જેમ આરામથી સૂઈ જા. "

## ઇસ્લામ સ્વીકાર અત્યંત સરળ કાર્ય છે.

જરા શાંત ચિત્તે માણસ વિચારે તો ઈસ્લામ સ્વીકારવો એના માટે અત્યંત સરળ છે, અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે :

સાચા દિલે ઉચ્ચારેલ પવિત્ર શબ્દો (કલિમએ તય્યિબહ)થી માણસ સદા માટે જહન્નમથી નજાતનો હકદાર બની જાય છે. એના માટે જન્નતમાં પ્રવેશ નિશ્ચિત બની જાય છે અને બધાંથી વધીને એને અલ્લાહની પ્રસન્નતા મળી જાય છે.

ઈસ્લામ સ્વીકાર માટે માણસે ધંધો, વેપાર, ખેતી, કંઈ તરછોડવું પડતું નથી, બાળ–બચ્ચાઓ, દોસ્તો, મિત્રો અને સગાં–વહાંલાઓ સાથેનું જીવન અને અન્ય સંબંધોમાં પણ કોઈ બાધ નથી, દુનિયા છોડવાની જરૂરત નથી અને દિવસભર મસ્જીદમાં ઈબાદત કરવું પણ આવશ્યક નથી.

ઈસ્લામ તો સંસારત્યાગ (સન્યાસ–વૈરાગ્ય)નો પણ વિરોધી છે, અને દુનિયા પરસ્ત બની જવું પણ એને સ્વીકાર્ય નથી, ઈસ્લામનો મતલબ છે સાચા મનથી અલ્લાહ અને અલ્લાહના રસૂલે આપેલ માર્ગદર્શનને સ્વીકારી એનો એકરાર કરવાની સાથે સંપૂર્ણ જીવન એ પ્રમાણે વિતાવવું.

આમાં પાયાની શરત કુફ્ર–શિર્કથી તોબા કરવાની અને અલ્લાહને એના સઘળા ગુણો સહિત માનવાની છે.

ત્યાર પછી ઈબાદત રૂપે અમૂક વસ્તુઓ કરવી માનવી માટે આવશ્યક છે :

❑ જેમાં નમાઝ અતિ મહત્વની ઈબાદત છે,

❑ પછી વરસમાં એક માસના રોજા (ઉપવાસ).

❑ શરીઅતે નક્કી કરેલ માત્રામાં માલ હોય તો ઝકાત,

❑ શકિત–સહુલત હોય તો એક વાર મક્કા જઈ હજ અદા કરવી.

આગળના પૃષ્ઠોમાં આ બધાં વિશે વધુ વિગત આવી રહી છે.

## ઇસ્લામ સ્વીકાર કરવાથી પાછલા બધા જ પાપો માફ થઈ જાય છે .

શિર્ક, અન્યોપાસના અને બહુદેવવાદથી તોબા કરી અલ્લાહ ઉપર ઈમાન લાવવું અલ્લાહ પાસે ઘણું જ મહત્વનુ અને આવકાર્ય કાર્ય ગણાય છે, અલ્લાહ તઆલા એનાથી પ્રસન્ન થઈ એની બરકત અને કૃપાથી ઈસ્લામ પૂર્વેના જીવનના બધા જ પાપો ક્ષમા કરી દે છે, ચાહે તે દરિયાના ફીણ જેટલા કેમ ન હોય, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે :

કોઈ મુશ્રિક કે કાફિરના ઈસ્લામ સ્વીકારથી એના ભુતકાળના બધા જ ગુનાહોની ક્ષમા થઈ જાય છે, પાપોથી પવિત્ર થઈ તે એવો બની જાય છે જાણે હમણાં જ મા ના પેટમાંથી દુનિયામાં આવ્યો હોય, અને એણે કોઈ પાપ આદર્યુ જ ન હોય.

આ નેઅમત જન્મથી જ મુસલમાન ચાલ્યા આવતા લોકોને પ્રાપ્ત નથી, પાછળથી ઈસ્લામ સ્વીકારેલ માણસ જો ઈસ્લામ સ્વીકારી તુરંત જ અવસાન પામે તો એના માથે કોઈ જ પાપ ન હોવાથી તેને હિસાબ કિતાબ વગર જન્નતમાં પ્રવેશ આપવાનું અલ્લાહ વચન આપે છે.

ઉપરાંત ઈસ્લામ સ્વીકાર બાદ જેટલા નેકકાર્યો કરવાનો ઈરાદો હતો, તે બધા જ કાર્યો કરવાનો સવાબ ન કરવા છતાં પણ તેને મળશે.

## ક્ષમા યાચના અને તોબા કરવી અલ્લાહને અતિપ્રિય છે .

અલ્લાહ તઆલાએ માનવીય પ્રકૃતિનું સર્જન જ એવું કર્યું છે કે એનાથી ગુનાહ અને ભૂલો થવાની પૂરી શકયતા છે, જેનાથી ભૂલ–પાપ થવાની શકયતા જ ન હોય, એ માનવી નથી, પરંતુ માનવીમાં આ વિશેષ ગુણ જરૂર છે કે પાપ કર્યાનો એહસાસ થવાથી પસ્તાય છે, અલ્લાહથી માફી માંગે છે, અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે :

" અલ્લાહ પાસે સૌથી પ્રિય બંદો તે છે, જેનાથી ભૂલ–ગુનાહ થઈ

જાય તો અલ્લાહથી ક્ષમા યાચના કરે."

અલ્લાહ તઆલા સર્વગુણ સંપન્ન અસ્તિત્વ ધરાવે છે, તેના મહાન ગુણોમાં સ્વામી, સર્જન, માબૂદ, પૂજનીય હોવા પછી સૌથી મહત્વનો ગુણ તેનું રહમાન–રહીમ, ગફૂર હોવાનો છે, અર્થાત : એવો રબ–પાલનહાર જે ઘણો જ ક્ષમા કરનાર, કૃપાળુ અને દયાળુ છે, કુર્આનમાં અલ્લાહ તઆલાના આ જ મહત્વના ગુણોનું વર્ણન સૌથી વધારે છે.

માફી માંગવાથી અલ્લાહ તઆલા તેના બંદાઓને માફ કરવા ઉપરાંત તેમને કેટલીયે વધારાની નેઅમતોથી નવાઝનાર છે, તેનું કથન છે કે તે ક્ષમા યાચવાથી બંદાઓના બધા જ ગુનાહો–પાપો ક્ષમા કરી દે છે, ત્યાં સુધી કે કુફ્ર શિર્ક જેવા મહાન અને અક્ષમ્ય ગણાતા પાપો પણ ક્ષમાયાચના કરવાથી તે ક્ષમા કરી દે છે, એની રહમત એના અન્ય બધા જ ગુણોમાં સર્વોપરી છે, કુર્આનમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને સંબોધીને અલ્લાહ તઆલા ફરમાવે છે :

હે મુહંમદ ! મારા બંદાઓને જણાવો કે હું માફ કરનાર અને દયાળુ છું, મારા તે બંદાઓ જેમણે સ્વયં ઉપર જુલમ કર્યો, (એટલે કે શિર્ક–કુફ્રનું પાપ કર્યું છે) તેમને જણાવો કે તેઓ અલ્લાહની રહમતથી માયૂસ (નિરાશ)ન થાય, ઈમાન સ્વીકારવામાં આવે તો પાછલા દરેક ગુનાહો તે માફ કરી દે છે, જયારે મારા બંદાઓ આપથી મારા વિશે પૃચ્છા કરે તો એમને બતાવો કે હું એમનાથી ઘણો જ નિકટ છું, દરેક માંગનારની દુઆ હું જ કબૂલ કરૂં છું, શરત એ કે તે ઈમાનવાળો હોય અને કબૂલિયતની ઉમ્મીદ રાખી દુઆ કરે.

અલ્લાહ તઆલાએ માનવી સુધી હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના માધ્યમથી આ પયગામ પહોંચાડયો છે કે હે આદમની અવલાદ ! જો તું મારાથી દુઆ માંગે, મારી રહમતની આશા ધરાવતો હોય, અને મારાથી મગફિરત યાચતો હોય, તો હું તારા સઘળા ગુનાહો ક્ષમા કરી દઈશ. તારા ગુનાહો આસમાન જમીનની વિશાળતા સમાન હશે તો પણ, ઉપરાંત ધરતી સમાન ક્ષમા અને કૃપાની નવાઝેશ કરીશ. શરત એ જ કે તું મારી સાથે અન્યને શરીક ન કરે.

## અલ્લાહથી અજ્ઞાન માણસનું ઉદાહરણ

સાફ, સંપૂર્ણ અને સ્પષ્ટ આવી દલીલો અને આધાર છતાં જો કોઈ માણસ અલ્લાહને ઓળખતો નથી, સત્યને સ્વીકારતો નથી, અલ્લાહ ઉપર ઈમાન નથી ધરાવતો તો આવા માણસ સંબંધી અલ્લાહ તઆલા ફરમાવે છે કે એના અંતરને તાળું વાગી ગયું છે, એના પર આવરણ ચડી ગયું છે, એનું દિલ પથ્થરથી વધુ કઠણ, બલકે એથી પણ નિમ્ન કક્ષાનું છે, ઘણા પથ્થરોમાંથી પાણીના ઝરણા ફૂટી નીકળે છે, ઘણા પથ્થરો લગાતાર પાણી પડવાથી નરમ થઈ જાય છે, પરંતુ આવા માણસના અંતર પર લગાતાર સત્ય અને રહમતની વર્ષા થવા છતાં કોઈ અસર નથી થતી.

તેના અંજામ અને પરિણામને જોતાં આવો મુશ્રિક અને અલ્લાહનો ઈન્કારી માણસ જાનવરથી પણ બદતર ગણાય.

જાનવરે તો આખિરતમાં હિસાબ ચૂકવવાનો નથી, જયારે કે માણસથી તેના કર્મોનો હિસાબ માંગવામાં આવશે, તેના કુફ્ર–શિર્કના કારણે તેણે સદાયે નર્ક જહન્નમમાં રહેવાનું છે, એની છાતીમાં દિલ છે પરંતુ તે સમજતું નથી, આંખો છે, પરંતુ સત્ય જોતી નથી, કાન છે, પરંતુ તવહીદની દલીલો સાંભળવાની શકિત નથી, આમ તે જાનવરો કરતાં પણ નિમ્ન કક્ષાએ પહોંચેલો ગણાય.

## ઈમાન અને તેની શરતોનું વિસ્તાર પૂર્વક વર્ણન

### ૧. અલ્લાહ ઉપર ઇમાન

અલ્લાહ ઉપર ઈમાન લાવવા અને ઈસ્લામ સ્વીકાર કરવા માટે સૌ પ્રથમ મોઢેથી એક વાકય ઉચ્ચારવું પડે છે, આ વાકયના બે ભાગ છે, પહેલા ભાગમાં માનવી કોઈ પણ વસ્તુ અલ્લાહ સિવાય અન્યથી થવાનો નકાર વ્યકત કરે છે અને બીજા વાકયમાં અલ્લાહને એની સર્વગુણ સંપન્નતા સહિત સ્વીકારીને અલ્લાહથી જ બધું થવાનો એકરાર કરે છે.

આ બધાની વિગત આ પ્રમાણે છે કે સર્વ પ્રથમ મોઢેથી નીચેનું વાકય ઉચ્ચારે, એને કલિમએ તય્યિબહ પણ કહે છે.

لا اله الا الله محمد رسول الله

"લા ઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રરસૂલુલ્લાહ"

અલ્લાહ સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, અને હઝરત મુહમ્મદ (સલ્લલાહુ અલયહિ વ સલ્લમ) અલ્લાહના રસૂલ છે.

ફકત એટલું કહેવું કે અલ્લાહ માબૂદ છે કાફી નથી, જેમ કે દુનિયાની બીજી કોમો પણ આ વાત કહે જ છે, એટલા માટે કે આવા એકરારમાં તો આ શકયતા પણ છુપાયેલી છે કે કોઈ બીજો પણ માબૂદ છે, જેમ કે કોઈ માણસ કહે કે "અબ્દુલ્લાહ આલિમ છે" એનો મતલબ એ છે કે "અબ્દુર્રહમાન" અને અબ્દુર્રહીમ પણ આલિમ હોય શકે છે, પરંતુ જો માણસ એમ કહે કે 'ફકત અબ્દુલ્લાહ જ આલિમ છે' તો એનો મતલબ એ થયો કે એના સિવાય બધા જ લોકો, અબ્દુર્રહમાન અને અબ્દુર્રહીમ સહિત જાહિલ છે, અને ફકત અબ્દુલ્લાહ જ આલિમ છે.

માટે ઈસ્લામમાં ખાલી અલ્લાહના માબૂદ હોવાનો એકરાર કાફી નથી, બલકે એમ કહેવું જરૂરી છે કે ફકત એક અલ્લાહ જ માબૂદ છે, કોઈ બીજો પૂજા–ઈબાદતને પાત્ર છે જ નહીં.

માટે જ કલિમએ તય્યિબહમાં અલ્લાહ માબૂદ છે એમ નથી કહેવામાં આવ્યું, બલકે પહેલાં અન્ય દરેક ખુદાઓનો ઈન્કાર કરવામાં આવ્યો, અને પછી અલ્લાહના માબૂદ હોવાનો એકરાર કરવામાં આવ્યો, કારણ કે તવહીદનું ઝાડ એવી જમીનમાં ઉગી જ નથી શકતું, જેની માટીમાં શિર્કની ભેળસેળ હોય, અથવા ત્યાં પહેલેથી ઉગી નીકળેલ બીજા ઝાડોની જડોમાં એની અસર હોય.

ઉપરોકત શબ્દો અને કલિમહનો એકરાર કર્યા પછી અંતર અને મનથી માનવું જરૂરી છે કે

- ❑ સૃષ્ટિની સર્વ વસ્તુઓ અલ્લાહે જ સર્જેલી છે.
- ❑ એ એકલો જ એનો ખાલિક–માલિક અર્થાત સર્જક–સ્વામી છે, અને સંચાલન કરી રહ્યો છે અને કરશે.
- ❑ એને કોઈ અવલાદ નથી, એની કોઈ બીવી નથી, એને કોઈએ

જણ્યો નથી, અને એણે પણ કોઈને જણ્યો નથી.

- ❑ દુનિયાની સઘળી વસ્તુઓ ફકત એના આદેશથી જ અસ્તિત્વમાં આવી છે.
- ❑ તેના સિવાય સઘળી વસ્તુઓ નાશ પામનારી છે.
- ❑ તે એકલો જ સદાથી છે અને સદા રહેશે (અનાદિકાળથી છે, અને અનાદિકાળ સુધી રહેશે)
- ❑ દરેક વસ્તુ એની મોહતાજ છે.
- ❑ તે કોઈનો મોહતાજ નથી.
- ❑ તે દરેકથી બે નિયાઝ છે. દરેક કાળે આ દુનિયામાં અને પછી પણ ઈબાદતને યોગ્ય ફકત તે જ છે.
- ❑ તે દરેક ખામીથી પવિત્ર છે,
- ❑ કોઈ તેના જેવો, તેના સમોવડિયો, સરીખો, એકરૂપ નથી.
- ❑ તે ઊંઘતો નથી.
- ❑ તે થાકતો નથી.
- ❑ તેને આરામની જરૂરત નથી.
- ❑ દરેકનું મૃત્યું–જીવન તેના હાથમાં છે.
- ❑ મૃત્યુ માટે દરેકનો તેણે એક સમય નક્કી કર્યો છે, તેમાં એક સેકન્ડ પણ આગળ પાછળ નથી થતી.
- ❑ બીમારી એના આદેશથી આવે છે, અને તંદુરસ્તી પણ તે જ આપે છે.
- ❑ દરેક વસ્તુ ઉપર તે નજર રાખે છે,
- ❑ તે તેની દરેક મખ્લૂકના દિલોનો ભેદ જાણે છે.
- ❑ આ આખી સૃષ્ટિના સંચાલનમાં તે એકલો સમર્થ છે, અને તે એકલો જ ચલાવે છે અને ચલાવશે,
- ❑ એમાં એની સાથે કોઈ પણ ભાગીદાર નથી, નબીઓ અને ફરિશ્તાઓ સુદ્ધાં પણ એમાં ભાગીદાર નથી.
- ❑ તે દરેક ખૂબીઓનો માલિક છે.
- ❑ એનો ખઝાનો એટલો વિશાળ છે કે તેનાથી દરેક પ્રકારની

ઈચ્છાઓ અને સવલતો પૂરી થઈ શકે છે.

"લા ઈલાહ ઈલ્લલ્લાહ"ના આ નાનકડા અર્થસભર ટુકડાને ઉચ્ચારવા અને માનવાથી માણસ અલ્લાહની નારાઝગી અને સદાની આગના અઝાબથી બચી એની પ્રસન્નતા અને સદાની જન્નતનો હકદાર બની જાય છે.

## અલ્લાહ તઆલાના ગુણો (સિફતો) સીમિત નથી.

અલ્લાહ સિવાય અલ્લાહની મખ્લૂકમાંથી ફરિશ્તાઓ અને જીન્નાતો વગેરે જેમને પણ ખુદા અને રબ સમજી પૂજવામાં આવે છે, તે દરેકની સત્તા, સિફતો, ખૂબીઓ અને શકિતઓ સીમિત છે.

અલ્લાહ જ સાચો માલિક અને રબ છે, એની સ્પષ્ટ દલીલ આ છે કે અલ્લાહની ખૂબીઓ અને ગુણોનું વર્તુળ સીમિત નથી, કુર્આનમાં જયાં પણ અલ્લાહના ગુણો વર્ણવવામાં આવ્યા છે, એની કોઈ સીમા વર્ણવવામાં નથી આવી જેમ કે :

➲ અલ્લાહે તેના વિષે એમ નથી કહ્યું કે અમે ફલાણું કામ કરી શકીએ છીએ, અથવા ફલાણું કાર્ય અમારી શકિતથી બહાર નથી, બલકે અલ્લાહ ફરમાવે છે : અમે દરેક વસ્તુ પર શકિતમાન છીએ, દરેક વસ્તુ અમારા અધિકાર અને હાથમાં છે.

ان الله علی کل شیٔ قدیر (بقرة ١٠٩)

➲ અલ્લાહ કયાં છે ? એનો ઉત્તર આ નથી આપવામાં આવ્યો કે તે પૂર્વમાં છે, પશ્ચિમમાં છે, ઉત્તરમાં કે દક્ષિણમાં છે, બલકે કહેવામાં આવ્યું કે તમે જયાં ચાહો જાઓ, જે તરફ પણ જુઓ, તમે અલ્લાહને પામી જશો.

فأینما تولوا فثمّ وجه الله (بقرة ١١٥)

➲ એ જ પ્રમાણે એવું નથી કહેવામાં આવ્યું કે અલ્લાહે ફલાણી ફલાણી વસ્તુઓ પેદા કરી છે, બલકે એમ કહેવામાં આવ્યું કે દરેક વસ્તુનો સર્જક એકલો અલ્લાહ જ છે અને દરેક વસ્તુને એણે જ અસ્તિત્વ અપર્ણ કર્યું છે,

الله خالق کل شیٔ (رعد :١٦)

➲ તે કઈ કઈ વસ્તુઓને સંભાળે છે, કોને કોને પાળે છે, એ બધાની

વિગતમાં જવાના બદલે દરેક વસ્તુને આવરી લઈ અલ્લાહ ફરમાવે છે :

وهو رب كل شيء (انعام: ١٦٤)

➲ એમ કહેવાના બદલે કે તેણે ફલાણી ફલાણી મખ્લૂકની રોજીની વ્યવસ્થા કરી છે, અલ્લાહે એક નિયમ વર્ણવી દીધો કે દરેક પ્રાણીની રોજી–રોટીની અમે વ્યવસ્થા કરી રાખી છે.

وما من دابةٍ فى الارض الا على الله رزقها (هود: ٦)

➲ જન્નતમાં શું શું મળશે ? ત્યાં કેવા પ્રકારની નેઅમતો મળશે ? એમાંથી નમૂના રૂપે બે ત્રણ વસ્તુઓ વર્ણવવા પછી મુસલમાનોને ખુશ ખબરી આપવામાં આવી કે જન્નતમાં જવા પછી તમારા મનમાં જે વસ્તુનો વિચાર આવશે, જે નેઅમતોનો તમે વિચાર કરશો, અથવા ખાવા પીવાની જે રીતો–વસ્તુઓ દુનિયામાં હશે પણ નહીં, તે પણ માત્ર વિચાર કે કલ્પના કરવાથી જ ત્યાં ઉપલબ્ધ થઈ જશે,

ولكم فيها ما تشتهى انفسكم ولكم فيها ما تدعون نزلاً من غفورٍ رحيم (فصلت: ٣٢)

## અલ્લાહના ઝિક્રને આવરી લેતા ચાર વાકયોમાં સંપૂર્ણ ઇસ્લામનો નિચોડ

અલ્લાહને યાદ કરવા માટે તેને માનનારાઓને અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ચાર અત્યંત ટૂંકા વાકયો શીખવાડયા છે, જો એના પર વિચાર કરવામાં આવે તો સ્પષ્ટ થાય છે કે એમાં અલ્લાહના એક હોવા વિશે અને પૂજય અર્થાત ઈબાદતને લાયક હોવા વિશે ઉપરાંત પૂરા ઈસ્લામનું સંક્ષિપ્ત વર્ણન આવી ગયું છે, આ ચાર વાકયો નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| સુબ્હાનલ્લાહ | سبحان الله |
| અલ્હમ્દુલિલ્લાહ | الحمد لله |
| લા ઈલાહ ઈલ્લલ્લાહ | لا اله الا الله |
| અલ્લાહુ અકબર | الله اكبر |

આ શબ્દો એટલા અસરકારક છે કે જો ઈમાન સહિત કોઈ એકવાર

એને ઉચ્ચારી લે તો એની નેકીઓ ઘણી જ વધી જાય છે, ગુનાહો–પાપોની ક્ષમા થઈ જાય છે, અલ્લાહ પાસે એનું સ્થાન ઊંચુ થઈ જાય છે, સાચા મનથી એક વાર ઉચ્ચારવું દુનિયાની બધી નેઅમતોથી વધીને છે, આ શબ્દોનો અર્થ નીચે પ્રમાણે છે :

સુબ્હાનલ્લાહ سبحان الله

(અલ્લાહ દરેક ખામીથી પવિત્ર છે)

અલ્લાહને કોઈ અવલાદ નથી, કોઈ બીવી–જોરૂ નથી, કોઈ મખ્લૂકની એને કોઈ જરૂરત નથી, તે અશકત નથી હોય શકતો. તે દરેક ખામીઓ અને એબોથી પવિત્ર છે,

અલ્હમ્દુલિલ્લાહ الحمد لله

(સઘળા વખાણો અલ્લાહ માટે જ છે)

દરેક ખૂબી અને શ્રેષ્ઠતાનો સ્વામી અલ્લાહ જ છે, માનવી જે કંઈ સારા, ભલાં કાર્યો આચરે છે, તે એની પરવાનગી, રજા અને ઈચ્છાનુસાર જ હોય છે, દરેક કાર્યમાં માણસ એનો જ મોહતાજ છે, ઉપરાંત દરેક ખૂબી અને ભલાઈનું કેન્દ્ર તે જ છે, માટે સઘળા વખાણો તેને જ શોભે છે.

લા ઈલાહ ઈલ્લલ્લાહ لا اله الا الله

(અલ્લાહ સિવાય કોઈ માબૂદ નથી)

અલ્લાહ દરેક ખામીથી પવિત્ર છે અને એ જ સઘળી ખૂબીઓ– શ્રેષ્ઠતાઓનો સ્વામી છે, માટે ઈબાદત પૂજા માટે પણ એ જ યોગ્ય છે.

અલ્લાહુ અકબર الله اكبر

(અલ્લાહ જ સૌથી મહાન છે)

સૃષ્ટિમાં દરેક વસ્તુ એની મોહતાજ છે, એની સામે બધું જ તુચ્છ છે, તે એકલો જ મહાન અને ઉચ્ચ છે, અને દરેક પ્રકારની મહાનતા એને જ શોભે છે.

## (૨) ફરિશ્તાઓ ઉપર ઈમાન

ઈમાનની બીજી શરત આ છે કે ફરિશ્તાઓ વિશે ઈમાન અને શ્રદ્ધા રાખવામાં આવે કે તે અલ્લાહની એક મખ્લૂક છે.

ફરિશ્તાઓ અલ્લાહની એક નૂરાની મખ્લૂક છે, જેનું કાર્ય ફકત અલ્લાહ તઆલાની ઈબાદત કરવી છે, માનવી અને જીન્નાતની જેમ એમની પ્રકૃતિમાં પાપ, દુર્ગુણ, બુરાઈનું મૂળ છે જ નહીં, તેઓ એક પળ માટે પણ અલ્લાહની આજ્ઞાનું ઉલ્લંઘન નથી કરતા, અન્ય મખ્લૂક અને વસ્તુઓની જેમ તેઓ શારીરિક અસ્તિત્વ ધરાવે છે, પરંતુ માનવીની નજરોથી અદ્રશ્ય રહે છે, હા કદી કદી તેઓ માનવીનું રૂપ ધારણ કરે છે.

હઝરત આદમ (અલૈ.) સામે એમને સજદહ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

અમુક ફરિશ્તાઓના શિરે અલ્લાહે વિવિધ કાર્યો સુપરત કર્યા છે, જેને અલ્લાહના આદશોનુસાર તેઓ અંજામ આપે છે, એમાંથી હઝરત ઈઝરાઈલ (અલૈ.) અને એમની જમાઅતનું કાર્ય લોકોના પ્રાણ કબ્જે કરવાનું છે, હઝરત જીબ્રઈલનું કાર્ય અલ્લાહના પયગમ્બરો સુધી અલ્લાહનો પયગામ પહોંચાડવું છે.

કોઈ ફરિશ્તો જહન્નમનો ચોકીદાર છે, તો કોઈ જન્નતીઓને સત્કારવા નિયુકત છે,

દરેક માનવી સાથે પણ અલ્લાહે બે ફરિશ્તાઓ લગાવી દીધા છે, જે સદા તેની સાથે રહી તેના સારા નરસા કાર્યોની નોંધ રાખે છે, માનવીના મોઢેથી નીકળતા એક એક શબ્દને પણ નોટ કરે છે, આ બે ફરિશ્તાઓને "કિરામન કાતિબીન" કહેવામાં આવે છે. એમનું લખેલ આમાલનામું (માનવીના કાર્યોની વિગત) કયામતના દિવસે અલ્લાહ સમક્ષ રજૂ કરવામાં આવશે.

દુનિયાની વ્યવસ્થા અને સંચાલનમાં એમનો કોઈ અધિકાર નથી, તેઓ દરેક રીતે અલ્લાહના આદશોને આધીન રહે છે, કોઈને જહન્નમથી બચાવવા માટે કે કોઈને જન્નતમાં પ્રવેશ આપવા માટેની ભલામણનો પણ તેમને અધિકાર નથી, પોતાની મરજીથી તેઓ ન તો કયાંય જઈ શકે છે, ન અલ્લાહની રજા વગર કોઈ કાર્ય તેઓ કરી શકે છે.

## ફરિશ્તાઓ ઉપર ઈમાન લાવવું ઇસ્લામમાં શા માટે જરૂરી છે ?

અલ્લાહ ઉપર ઈમાન લાવવા માટે, અને મુસલમાન હોવા માટે ફરિશ્તાઓ વિષે ઉપર પ્રમાણે ઈમાન ધરાવવું એટલા માટે આવશ્યક છે કે અમૂક કોમો ફરિશ્તાઓને અલ્લાહની બેટીઓ હોવાની ગુનાહિત માન્યતા ધરાવે છે, કોઈ એમને ખુદાના સમોવડીયા માને છે, તો કોઈ એમને એટલા સક્ષમ માને છે કે તેઓ સ્વયં દુનિયાના સંચાલનમાં મરજી મુજબ ફેરફાર કરી શકે છે, અમૂક લોકો સમજે છે કે તેઓ અલ્લાહને એટલા પ્રિય છે કે એમની ભલામણો અને વિનંતીઓ પૂરી કરવી અલ્લાહ માટે જરૂરી છે. ફરિશ્તાઓને અલ્લાહની મખ્લૂક માની એનો એકરાર કરવાથી શિર્કભરી ઉપરોક્ત બધી માન્યતાઓનો છેદ ઉડી જાય છે.

## (૩) અલ્લાહની કિતાબો (આસમાની ગ્રંથો) ઉપર ઈમાન

ઈમાનનું ત્રીજું અંગ છે :અલ્લાહે ઉતારેલ કિતાબો ઉપર ઈમાન ધરાવવું. એટલે કે ભુતકાળથી લઈ અત્યાર સુધી વિવિધ કાળે, વિવિધ કોમોમાં અલ્લાહ તઆલાએ માનવજાતના માર્ગદર્શન માટે તેના અનેક નેક, નિકટના બંદાઓને પયગમ્બર–નબી બનાવ્યા હતા, આ બધામાંથી અમૂક ઉપર કિતાબો પણ ઉતારી હતી, જેમ કે હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉપર કુર્આન શરીફ ઉતારવામાં આવ્યું હતું, બની ઈસરાઈલના નબીઓમાંથી હઝરત મૂસા (અલૈ.)ને તવરાત હઝરત ઈસા (અલૈ.)ને ઈન્જીલ, હઝરત દાઉદ (અલૈ.)ને ઝબૂર નામી આકાશી ગ્રંથો આપવામાં આવ્યા હતા, આ બધા જ ગ્રંથોમાં સન્માર્ગની વાતો હતી, બોધવચનો અને શિખામણો એમાં સંગ્રહિત હતી.

મુસલમાન હોવા માટે આ બધા ગ્રંથો અને કિતાબો વિશે એવું ઈમાન ધરાવવું જરૂરી છે કે તે અલ્લાહની જ કિતાબો છે. માનવીના માર્ગદર્શન કાજે એ ઉતારવામાં આવી હતી, અને આ ગ્રંથો કિતાબો જે તે નબીના

જીવન કાળ સુધી જ સલામત સુરક્ષિત રહ્યાં.

યહૂદીઓ અને ઈસાઈઓના ધર્મગ્રંથ તવરાત અને ઈન્જીલ (નવો કરાર–જુનો કરાર) વિશે સ્પષ્ટતા કરવી ઘટે કે આ બન્નેવ ધર્મગ્રંથો તેમની મૂળ સ્થિતિમાં નથી, એમાં પાછળના ઈસાઈ લોકો તરફથી કુફ્ર અને શિર્કભરી વાતો ઉમેરી દેવામાં આવી છે. વર્તમાન રૂપમાં આ ગ્રંથો અલ્લાહની કિતાબ અને ઈશગ્રંથ એટલા માટે ન કહી શકાય કે એમાં અલ્લાહ સિવાય અન્યોની ઉપાસના અને માબૂદ–પૂજનીય હોવાનો ઉલ્લેખ છે, અલ્લાહ તઆલા તો તેના સિવાય અન્ય કોઈની ઈબાદતનો આદેશ આપી જ નથી શકતો, આવી ખોટી, અતાર્કિક, બુદ્ધિવિરોધી વાતોને અલ્લાહથી કોઈ સંબંધ નથી, આ કારણે જ તવરાત–ઈન્જીલની વિવિધ પ્રતોમાં વિરોધાભાસ જોવા મળે છે. ઈન્જીલનો નવો કરાર અને જૂનો કરાર એક બીજાથી નોખાં છે, મરકસ, મતા, યોહન્ના અને લૂકાની ઈન્જીલોની પ્રતો પણ જુદી જુદી છે. ઈન્જીલની આ બધી જ પ્રતો ઈસ્વી સન ૭૦ થી ૧૦૫ ઈ.સ.ના સમયગાળા દરમિયાન સંપાદન કરવામાં આવી, આ ગ્રંથોની ભાષા યૂનાની છે, જયારે કે હઝરત ઈસા (અલૈ.)ની ભાષા આરામી હતી

આ ગ્રંથોમાં ત્રણ ખુદા હોવાની માન્યતા (અકીદો) વર્ણન થયેલો છે, જે કોઈ પણ રીતે તર્કસંગત કે સમજમાં આવે એમ છે જ નહિં, આ માન્યતાનુસાર હઝરત ઈસા (અલૈ.) પણ ત્રણ ખુદાઓમાંથી એક ખુદા છે.

અન્ય બીજા ગ્રંથો જે અન્ય કોમોના ધાર્મિક ગ્રંથો રૂપે માનવામાં આવે છે, એમાં પણ તવહીદની વાતો સાથે શિર્કભરી વાતોની ભેળસેળ જોવા મળે છે, જે સ્પષ્ટ કરે છે કે પાછળથી આવનાર લોકોએ એમાં એમની મરજી મુજબ ફેરબદલ કર્યો છે.

## કુર્આન પર ઈમાન

આકાશી ગ્રંથોમાંથી ફકત કુર્આન શરીફ વિશે આ ઈમાન રાખવું જરૂરી છે કે અલ્લાહે ઉતારેલ કિતાબોમાંથી ફકત કુર્આન જ અત્યાર સુધી તેના મૂળ સ્વરૂપે બાકી છે, અને હાલમાં મોજૂદ પૂરૂં કુર્આન અક્ષરસ

અલ્લાહે ઉતારેલ જ છે.

અલ્લાહ તઆલાએ વિશેષરૂપે કુર્આનની રક્ષાની જવાબદારી લીધી છે, માટે કયામત સુધી કુર્આન શરીફ દરેક પ્રકારના ફેરબદલ અને સુધારા વધારા વગેરેથી સુરક્ષિત છે.

❑ કુર્આન અલ્લાહનું કલામ (વાણી) છે.

❑ એ હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉપર મહાન ફરિશ્તા હઝરત જીબ્રઈલ મારફત ઉતારવામાં આવ્યું.

❑ કુર્આનના અવતરવાનો કુલ ગાળો ૨૩ વરસ છે.

❑ એમાં અલ્લાહની આજ્ઞાઓનો અનાદર કરનારી પાછલી કોમોની બોધદાયક ઘટનાઓ પણ છે અને ભવિષ્યમાં કયામત અને આખિરતમાં ઘટનારી બાબતોની પૂર્વખબર અને આગાહીઓ પણ છે.

❑ એમાં અલ્લાહ તરફ દોરી જનાર સન્માર્ગનું વર્ણન પણ છે અને જહન્નમ તરફ દોરી જનારા શયતાન–ઈબ્લીસના રસ્તાનું વર્ણન પણ છે.

❑ તવહીદ અને રીસાલતની બુદ્ધિસંગત વાતો પણ છે, અને કુફ્ર – શિર્કની ખામીઓ, બુરાઈઓ અને નુકસાનો પણ છે.

❑ કયામત સુધી આવનાર સમસ્યાઓનો હલ પણ છે અને સફળ માનવ જીવન વિતાવવાની શ્રેષ્ઠ રીત–પ્રણાલી પણ એમાં છે.

❑ કુર્આન અન્ય આસમાની ગ્રંથોની જેમ કોઈ વિશેષ કોમ, સમાજ કે સમય પૂરતું મર્યાદિત નથી, બલકે એ કયામત સુધી આવનાર માનવ સમાજ માટે સર્વસામાન્ય છે.

❑ કુર્આનના પઢવા અને પઠનથી એને માનનારાઓ અને એના આદેશો પ્રમાણે ચાલનારાઓને મોટો સવાબ (પૂણ્ય) મળે છે.

❑ એક શબ્દ પઢવા પર દસ દસ નેકીઓના સવાબ લખવામાં આવે છે, એના પઢનારાઓનો દરજ્જો અલ્લાહ પાસે વધુ ઉચ્ચ થાય છે, એના ગુનાહો અને પાપો માફ થાય છે.

❑ કુર્આનનો વાણી વૈભવ, અલંકારિતા અને સરળતા એટલાં ઉચ્ચ છે કે સઘળા આરબો તેમના પ્રબળ ભાષાપ્રભુત્વ છતાં એ માનવા વિવશ

થઈ ગયા કે આટલી ઉચ્ચ, અલંકારી અને પ્રભાવી વાણી (કલામ) એક માનવીના ગજા બહારની વાત છે, અને એનો એક એક શબ્દ અલ્લાહે ઉતારેલો છે.

કોઈ અન્ય ધર્મી, કાફિર, મુશ્રિક તટસ્થતા અને નિષ્પક્ષ પણે એનો અભ્યાસ, મનન કરી એના ઉપર ઈમાન ન લાવે, એ શકય જ નથી, દુનિયામાં અગણિત એવી ઘટનાઓ ઘટી, જેમાં લોકોએ કુર્આનના અભ્યાસ માત્રથી પ્રભાવિત થઈ ઈસ્લામ સ્વીકારી લીધો, અને શિર્કથી તોબા કરી, કારણ કે કુર્આનના અભ્યાસનો પ્રથમ અસર અને પ્રભાવ જ એ હોય છે કે માણસ કુફ્ર–શિર્કથી દૂર થાય અને તોબા કરે.

## પયગમ્બરો ઉપર ઈમાન.

ઈમાનની ચોથી શરત આ છે કે માનવી આ વાતને સ્વીકારે કે પાછલી કોમો જયારે પણ સત્ય માર્ગેથી ભટકી ગઈ, તો એમને કુફ્ર શિર્કની ગંદકીઓમાંથી બહાર કાઢવા તવહીદ (અલ્લાહના એક હોવા)ના માર્ગ ઉપર પાછી લાવવા અને દરેકને એનો જીવન ઉદ્દેશ બતાવવા અલ્લાહ તઆલાએ દરેક કાળે, દરેક કોમમાં એવા પવિત્ર બંદાઓને નક્કી કર્યા, જે આ બાબત એમને માર્ગદર્શન આપે, એટલે જેમ માનવીય જરૂરતોની પૂર્ણતા માટે હવા, પાણી અને ખોરાકની અલ્લાહ તરફથી વ્યવસ્થા કરવામાં આવી, એ જ પ્રકારે એમના સંસ્કાર, ધર્મ અને અધ્યાત્મને લગતી જરૂરતો પૂરી કરવા નબીઓ અને રસૂલોને મોકલવામાં આવ્યા, કે રસૂલો અને પયગમ્બરો અલ્લાહના આદેશ પ્રમાણે પ્રથમ સ્વયં અમલ કરી નમૂનો બેસાડે.

અલ્લાહ તઆલા તરફથી નબીઓ, રસૂલો અને પયગમ્બરોની વિશેષ કેળવણી અને તરબીયત કરવામાં આવતી હતી, જેના પરિણામે સંસ્કાર, ધાર્મિક માન્યતાઓ અને સ્વયંની પાત્રતાના માપદંડે તેઓ સૌથી ઊંચા અને મહાન બની જતા, અખ્લાક (સંસ્કાર) અને ધાર્મિક (આધ્યાત્મિક) બાબતોમાં શત્રુને પણ એક શબ્દ બોલાવાનો મોકો રહેતો નથી.

આ બધા જ નબીઓની તાલીમ અને કેળવણી બુનિયાદી રીતે એક જ હતી.

❑ તેઓ તવહીદનો પ્રચાર કરતા.

❑ લોકોથી કહેતા કે ' તમે બધા એક અલ્લાહની જ ઈબાદત કરો. '

❑ ' તેના સિવાય તમારો કોઈ માબૂદ નથી. '

નબીઓ આ સંબંધે કોઈ પણ પ્રકારની સોદાબાજી કે સંધિ કરતા ન હતા, માનવીઓ પ્રત્યે આ પ્રકારે તેઓ જે હમદર્દી દર્શાવતા, તેના પાછળ તેમનો વ્યકિતગત કે અન્ય કોઈ ભૌતિક સ્વાર્થ ન હતો, માટે જ તેઓ તેમના પ્રચારમાં આ વાત પણ દર્શાવતા કે " હે લોકો ! મને તમારા પ્રત્યેની આ હમદર્દી અને હિતેચ્છાના વળતર રૂપે કોઈ વસ્તુ નથી જોઈતી, મારો બદલો તો અલ્લાહ તઆલા આપશે."

અલ્લાહ તરફથી નબીઓ અને રસૂલોને જે આદેશો, માર્ગદર્શનો અને સુચનો મળતા તેને ઈસ્લામી પરિભાષામાં 'વહી' કહેવામાં આવે છે, માટે રસૂલોની આવી વાતો (વહી) પર અમલ કરવું અલ્લાહના જ આદેશ ઉપર અમલ કરવા સમાન ગણાય, રસૂલોની નાફરમાની અને એમના આદશોનો અનાદર અલ્લાહની નાફરમાની ગણાય.

અલ્લાહના અમૂક નબીઓ વિશે કુર્આનમાં વર્ણન છે, અન્ય ઘણા એવા છે, જેમનો નામજોગ ઉલ્લેખ કુર્આનમાં નથી, કુલ નબીઓ, રસૂલોની સંખ્યા એક લાખ ચોવીસ હજાર જેટલી દર્શાવવામાં આવે છે, માટે એ દરેક વિશે એટલું ઈમાન (શ્રદ્ધા) ધરાવવું જરૂરી છે કે તેઓ સાચા હતા, અને દરેક નબી તેમના સમય કાળમાં અલ્લાહના સૌથી મહાન બંદા અને પયગમ્બર હતા.

કુર્આનમાં જે નબીઓનો નામજોગ ઉલ્લેખ છે, એમના સિવાય કોઈ અન્ય માટે સ્પષ્ટ રૂપે એવું ન કહી શકાય કે તેઓ પણ નબી હતા અને એમના નબી હોવાને નકારી પણ ન શકાય, શકય છે કે કોઈ નબી હોય, પરંતુ પાછળથી તેમના માનનારાઓએ તેમની શુદ્ધ ધાર્મિક કેળવણીમાં કુફ્ર– શિર્કભરી વાતો ભેળવી દીધી હોય, જેમ કે યહૂદીઓ અને ઈસાઈઓ

તેમના નબીઓના શુદ્ધ સંસ્કારો સાથે ભેળસેળ કરે છે.

અલબત્ત કુર્આનમાં આટલી સ્પષ્ટતા જરૂર છે કે અલ્લાહ તરફથી દરેક કોમમાં દુનિયાના દરેક ભાગોમાં સત્યમાર્ગનું માર્ગદર્શન આપનારા અને અલ્લાહના અઝાબ–પ્રકોપથી ડરાવવા માટે પયગમ્બરો અને રસૂલો મોકલવામાં આવ્યા અથવા નેક બંદાઓને નિયુકત કરવામાં આવ્યા.

કુર્આનમાં ઉલ્લેખિત કોઈ એક પણ નબીને નબી ન માનવાથી ઈસ્લામ સંપૂર્ણ નહીં ગણાય, હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની જેમ અન્ય તમામ નબીઓ ઉપર ઈમાન લાવવું બુનિયાદી શરત છે.

એક મુસલમાનની વિશિષ્ટતા આ છે કે તે યહૂદીઓની જેમ અન્ય નબીઓનો ઈન્કાર ન કરે અને ઈસાઈઓની જેમ પોતાના નબીને માબૂદ ખુદાનો દરજ્જો ન આપે.

## પયગમ્બરોની જરૂરત

એક અલ્લાહને ઓળખવા, અને એના ઉપર ઈમાન લાવવા માટે માનવીનું અસ્તિત્વ અને અલ્લાહની ઉત્પન્ન કરેલ અન્ય વસ્તુઓ પ્રત્યે ચિંતન મનન જ બસ છે, પરંતુ અલ્લાહ તઆલાએ અસામાન્ય ઉપકાર કરી માનવીના માર્ગદર્શન માટે તેના તરફથી રસૂલો અને નબીઓ પણ મોકલ્યા.

અલ્લાહની ઓળખ, સમજ અને બુદ્ધિ વડે પણ શકય છે, પરંતુ આ જ બુદ્ધિ વડે અલ્લાહની આજ્ઞાઓ અને પસંદના કાર્યોની વિગત સમજવી, હલાલ હરામ માંહે તફાવત કરવો શકય નથી, માટે આ બાબતની રાહબરી કરવા અલ્લાહ તઆલાએ નબીઓનો સિલસિલો ચાલુ કર્યો, કારણ કે આવી બાબતોમાં માનવીય બુદ્ધિ ઉપર સઘળું છોડીને માનવીને સ્વતંત્ર કરી દેવું ન્યાયોચિત ન હતું.

જો નબીઓ અને રસૂલોને મોકલ્યા વગર મૃત્યુ બાદ ભલાઈ બુરાઈની પૃચ્છા કરવામાં આવે તો એ અલ્લાહની રહમત, કૃપા અને ન્યાયને સંગત ન કહેવાય, માટે જ શારીરિક, આર્થિક જરૂરતોની પૂર્ણતા

પછી ધાર્મિક જરૂરતની પૂર્ણતા માટે માણસને કોઈ રાહબરની આવશ્યકતા રહે એ બનવા જોગ હતું અને રસૂલોને મોકલી અલ્લાહ તઆલાએ આ જ જરૂરતને પૂર્ણ ફરમાવી છે.

## હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉપર ઈમાન

હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અલ્લાહ તઆલાના અંતિમ નબી અને રસૂલ હતા, ૫૪૦ ઈ.સ.માં આપનો જન્મ થયો, ચાલીસ વરસે આપને નુબુવ્વત અતા કરવામાં આવી, ત્યાર પછી ૨૩ વર્ષ લગાતાર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ઈસ્લામ પ્રચારની સેવા બજાવી અને ૬૩ વર્ષની ઉમરે આ દુનિયાથી કૂચ કરી ગયા, નુબુવ્વત પૂર્વે પણ આપે એટલું પવિત્ર જીવન વિતાવ્યું હતું કે આપના શત્રુઓ પણ આપના સુસંસ્કારો, સજ્જનતા અને સત્યતાની સાક્ષી આપતા હતા.

આપના આગમન પૂર્વે આખું વિશ્વ અજ્ઞાનતા, ગુમરાહી અને ભ્રષ્ટતામાં ખદબદતું હતું, આપ વડે જ ઈસ્લામ અને ઈમાનના નૂરને અલ્લાહ તઆલાએ પૂરા વિશ્વમાં ફેલાવ્યું.

જે લોકોને આપને જોવાનું અને સહવાસનું સદભાગ્ય મળ્યું છે, એમને "સહાબી" કહે છે, નબી પછી અલ્લાહ પાસે સૌથી મોટું સ્થાન મુસલમાનો સહાબીનું જ ગણે છે.

હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અરબસ્તાનમાં પેદા થયા અને પ્રથમ ત્યાં આપે કાર્ય શરૂ કર્યું, પરંતુ આપની નુબુવ્વત સમગ્ર વિશ્વ માટે અને કયામત સુધી સદા માટે હતી.

આપ પછી અન્ય કોઈ નબી આવનાર નથી.

વિશ્વમાં આજે એક પણ દેશ–પ્રદેશ એવો નથી જયાં આપે દર્શાવેલ તા'લીમ અને કેળવણીનો પ્રકાશ નહી પહોંચ્યો હોય, દુનિયામાં દોઢ અરબથી વધુ આપના અનુયાયીઓ છે, અને વિશ્વ વસ્તીના બાકી સાડાચાર અરબ માણસો સુધી આપનો દીન, ધર્મ અને સંદેશ પહોંચાડવો મુસલમાનોના જ શિરે છે.

હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ વિશે જયારે આટલું

સ્પષ્ટ થઈ ગયું કે,

- ❑તેઓ અલ્લાહના પવિત્ર અને ચુનંદા બંદા હતા.
- ❑જૂઠ બોલતા ન હતા.
- ❑ખોટી વાતો અલ્લાહના નામથી વર્ણવતા ન હતા.
- ❑વ્યકિતગત સ્વાર્થ, ખ્યાતિ કે સન્માન ખાતર કોઈ કાર્ય કરતા ન હતા.
- ❑આપનું પુરૂં જીવન અલ્લાહ ખાતર સમર્પિત હતું.

માટે આપની વાતો ઉપર શ્રદ્ધા રાખવી, યકીન કરવું અને નિઃશંક પણે એને સ્વીકારી લેવી, ઉપરાંત આપે દર્શાવેલ સઘળા ઈસ્લામી આદેશો અને નિર્દેશો પર અમલ કરવું દરેક માટે ફરજ છે, માટે જ આપના આજ્ઞાપાલન અને ફરમાબરદારીને અલ્લાહ તઆલાએ પોતાની ફરમાબરદારી ગણાવી છે.

મુસલમાન હોવા માટે ફકત આપને નબી માનવા કે નબી રૂપે સ્વીકારવા કે શ્રદ્ધા રાખવી કાફી નથી, બલકે આપના બતાવેલ આદેશો અને નિર્દેશોને માની એના ઉપર ચાલવું અને અમલ કરવું પણ જરૂરી છે.

## મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના અરબસ્તાનમાં નબી બનાવવાનું કારણ

આપને અરબોમાં એટલા માટે પ્રથમ રૂપે નિયુકત કરવામાં આવ્યા કે અરબસ્તાનનો એ ભાગ તે કાળે વિશ્વભુગોળનો કેન્દ્રિય ભાગ હતો, ઉપર યૂરોપ, જમણે એશિયા, ડાબે આફ્રિકાના ભાગો છે, દુનિયાના તે કાળની મોટી સત્તાઓ (રોમ–ઈરાન) પણ અરબસ્તાનની આજુબાજુ હતી, બીજું કારણ એ છે કે અરબસ્તાનના તે કાળના લોકો જડ, જહાલ અને ગમાર હતા, એમના ઈસ્લામ સ્વીકારથી અન્યોનું ઈસ્લામ સ્વીકારવું ઘણું જ સરળ હતું.

## હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના અંતિમ નબી હોવા પર ઈમાન

ઈસ્લામની એક શરત આ પણ છે કે હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ

અલયહિ વ સલ્લમના અંતિમ નબી અને અંતિમ રસૂલ હોવા પર ઈમાન લાવવામાં આવે, બીજી વાત આ સ્વીકારવામાં આવે કે આપના પૂર્વેના નબીઓની નુબુવ્વત અને સુધારણા અભિયાન એક સીમિત કોમો અને સમાજો પૂરતી હતી, ફકત આપની નુબુવ્વત અને ચળવળ સમગ્ર માનવ સમાજ માટે પૂર્ણકાળી અર્થાત કયામત પર્યંત છે.

આપ પછી કોઈ અન્ય નબી આવશે નહીં, નબીઓનો સિલસિલો આપ ઉપર પૂર્ણ થઈ ગયો, માટે જ આપને "ખાતમુન્નબીય્યીન" કહેવામાં આવે છે, આપ પછી હવે આપને માનનારા અને આપના ઉપર શ્રદ્ધા ધરાવનાર લોકોના શિરે આપનું કાર્ય અર્થાત લોકોને આલ્લાહના આદેશ પાલન માટેનો પ્રચાર કરવાની જવાબદારી સોંપવામાં આવી છે, આપના આગમનથી પાછલા દરેક ધર્મો રદ–બાતલ ઠરાવવામાં આવ્યા છે, દરેકને આપનું આજ્ઞાપાલન અને આપ ઉપર ઈમાન ધરાવવાનો અર્થાત આપને નબી માનવાનો આદેશ આપવામાં આવ્યો છે, ભુતકાળમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પૂર્વે એક પછી બીજા નબીની આવશ્યકતા એટલા માટે રહેતી કે તેઓ કોઈ એક વિશેષ કોમ કે સમાજ માટે જ નબી બનાવવામાં આવતા હતા. બીજું કારણ એ પણ કે નબીઓ પછી એમના માનનારાઓ એમના આદેશો, નિર્દેશો અને માર્ગદર્શનોમાં કુફ્ર–શિર્કભરી વાતોની ભેળસેળ કરી દેતા હતા, પરંતુ આ બધાથી વિપરીત આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને એવી સર્વગ્રાહી બાબતો અને ધાર્મિક, સામાજિક માળખું આપવામાં આવ્યું, જેમાં જીવનના દરેક પાસાઓ વિશે માર્ગદર્શન ઉપલબ્ધ છે.

આપ ઉપર ઉતારવામાં આવેલ અલ્લાહની કિતાબ કુર્આનને રક્ષિત અને અન્ય આસમાની ગ્રંથોની જેમ ફેરફારથી બચાવવાનો અલ્લાહે વાયદો અને વચન આપ્યું છે.

## ખત્મે નુબુવ્વતની માન્યતાનો લાભ

ખત્મે નુબુવ્વત અર્થાત હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને અંતિમ નબી માની આપની નુબુવ્વત અને રિસાલતને સમગ્ર

માનવજાત માટે સદાકાળી, કયામત પર્યંત માનવાની માન્યતા એક બુનિયાદી માન્યતા છે, આ માન્યતા અને બુનિયાદના આધારે જ અમૂક લોકોની આ થીયરી ખોટી ઠરે છે કે દુનિયાના બધા ધર્મોમાં ફકત ઈબાદત અને પૂજા પાઠની રીતો પૂરતો જ તફાવત છે, અને ધ્યેય તો બધા ધર્મોનું એક જ અને બધી જ રીતો અલ્લાહ સુધી પહોંચાડનારી છે, 'ખત્મે નુબુવ્વત'ની માન્યતા દ્વારા ઈસ્લામ ઉપરોકત વિચાર સરણીને ખોટી ઠેરવે છે અને તેના માનનારાથી આગ્રહ રાખે છે કે ફકત ધ્યેય અને આદેશના એક હોવાની માન્યતા કાફી નથી, બલકે સાથે જ ધ્યેયપ્રાપ્તિની રીત–પ્રણાલી અને તરીકાઓ પણ એક હોવા આવશ્યક છે. આ એક જ રીત એટલે હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો લાવેલ ધર્મ; એના સિવાયના બધા જ આસમાની ધર્મો રદ–બાતલ છે, ઈસ્લામ સિવાય વર્તમાનના કોઈ પણ ધર્મને માનવાથી માણસ અલ્લાહને એના મૂળ સ્વરૂપે અસલી ખૂબીઓ સહિત ઓળખી અને પામી શકતો નથી.

## માનવતાના માર્ગદર્શન માટે હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની તડપ.

હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અલ્લાહ તરફથી સમગ્ર માનવજાત માટે રહમત અને દયાનું માધ્યમ બનાવવામાં આવ્યા હતા, એક માતાને તેના પુત્ર સાથે જેટલો પ્રેમ હોય છે, તેનાથી વધુ પ્રેમ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને આપની ઉમ્મત એટલે કે માનવ સમાજના દરેક સભ્ય સાથે હતો, માટે જ આપનું પુરૂં જીવન એ ચિંતામાં પસાર થયું કે આપની ઉમ્મતનો કોઈ માણસ જહન્નમ (નર્ક)માં ન જવા પામે અને દરેક માણસ અલ્લાહ ઉપર ઈમાન લાવી જન્નતમાં જાય. દિવસભર આ જ આપની ચિંતા રહેતી, શકય એટલા પ્રયત્નો કરતા કે દરેક સુધી ઈસ્લામની વાત પહોંચી જાય અને તે ઈસ્લામ સ્વીકારી લે. આપની તડપ અને વ્યાકુળતા એટલી વધારે હતી કે અલ્લાહ તઆલાએ આપને કહી દીધું કે હે મુહમ્મદ ! એવું લાગે છે આખી ઉમ્મતની હિદાયતની ફિકર અને ચિંતામાં આપ પ્રાણ ખોઈ બેસશો. લોકોના ઈમાન

નહીં સ્વીકારવાના આઘાતમાં આપ સ્વયંને બરબાદ કરી દેશો. આપ લોકોના ચોકીદાર કે જવાબદાર બનાવી નથી મોકલવામાં આવ્યા કે કોઈ પણ પ્રકારે એમને ઈસ્લામમાં લઈ જ આવો, કોઈને હિદાયત આપવી તમારા તાબાની વાત નથી, તમે ફકત દીનની વાત પહોંચાડવાની તમારી ફરજ પૂર્ણ કરો, હિદાયત સંપૂર્ણ પણે અમારા અધિકારમાં છે.

અલ્લાહની આવી સ્પષ્ટતા છતાં દયાળુ સ્વભાવ અને ઉમ્મત પ્રત્યેના સ્વાભાવિક હેત–પ્રેમના કારણે આપ ઉમ્મત માટે સદાયે ચિંતામગ્ન રહેતા, રડી રડીને અલ્લાહથી દુઆ કરતા રહેતા અને અંતે જયારે આપ આ દુનિયાથી સિધાવી ગયા ત્યારે પૂરા વિશ્વમાં એક લાખથી વધુ લોકો આપની ફકત ૨૩ વરસની અણથક પ્રયત્નોના પ્રતાપે મુસલમાન બની ચૂકયા હતા.

## આખિરતના દિવસ ઉપર ઈમાન

મરવા પછી જીવંત થવા વિશે દુનિયાની વિવિધ કોમોની માન્યતા જુદી જુદી અને ભિન્ન છે, કોઈ માને છે કે આ દુનિયાનું જીવન એ જ માણસનું જીવન છે, મૃત્યુ એટલે પછી માણસ સદા માટે ખતમ થઈ જાય છે. એક સમૂહનું માનવું છે કે માણસે દુનિયામાં કરેલા કાર્યો–કર્મો પ્રમાણે ફરી પાછો તે આ દુનિયામાં જ જન્મ ધારણ કરે છે, સારા કર્મો કરવાથી સારો જન્મ મળે છે અને બુરા કર્મો કરવાથી નીચ યોનિમાં જન્મ મળે છે. આ સંબંધી મુસલમાનોની માન્યતા, જે ઈમાન–ઈસ્લામની એક બુનિયાદી માન્યતા પણ છે, અત્યંત સ્પષ્ટ અને તર્ક સંગત છે, જેનો ખુલાસો આ છે કે ખુદા સિવાય આ દુનિયાની દરેક વસ્તુ નાશ પામનારી છે અને એક એવો દિવસ આવશે જયારે આ આખા વિશ્વનો નાશ થવાનો છે, એને જ કયામત પણ કહે છે, ત્યાર પછી માણસો અને જીન્નાતોએ અલ્લાહના દરબારમાં ઉપસ્થિત થઈ ભલા બુરાના લેખાં જોખાં રજૂ કરવાના છે, દરેક માણસ સાથે અલ્લાહે લગાવેલ બે ફરિશ્તાઓ "કિરામન કાતિબિન" વડે દરેકના કાર્યોની નોંધ રાખવામાં આવે છે, આ લેખાં જોખાં તપાસ્યા બાદ અલ્લાહ તરફથી કોઈના વિશે સદાની જન્નત કે જહન્નમનો ફેંસલો

કરવામાં આવશે, જયાં ત્યાર પછી કોઈને મૃત્યુ આવશે નહીં.

## આખિરતનો દિવસ તર્કસંગત છે .

જે માણસ આખિરતના દિવસ ઉપર ઈમાન ધરાવતો ન હોય તે મુસલમાન નથી.

ટૂંકી મુદત માટેની આ દુનિયા દરેક માટે દારૂલ અમલ (કાર્યસ્થળ) છે અને આખિરતનું સદાકાળી જીવન દારૂલજઝા (ફળસ્થળ) બનાવવામાં આવ્યું છે, દુનિયા સારા નરસા કર્મોની ખેતી સમાન છે, મરવા પછી માણસ આ જ ખેતીને લણશે, જે વાવ્યું હશે તે જ ફળસ્વરૂપે મળશે, અલ્લાહ ફરમાવે છે કે જીવનની મહામૂલી દોલત અર્પણ કરી અમે માનવીને દુનિયામાં એટલા માટે મોકલ્યો છે કે સારા અને બુરા કર્મો કરનાર માનવીઓની કસોટી થઈ જાય.

જો શાંત ચિત્તે વિચારવામાં આવે તો માનવીનો તર્ક પણ કહે છે કે આખિરતનો દિવસ આવવો જરૂરી છે, કારણ કે અહિંયા તો માણસ સારા અને ખરાબ બન્ને પ્રકારના કાર્યો આચરે છે અને આપણે રોજે રોજ અનુભવીએ છીએ કે સઘળી ભલાઈનું વળતળ કે સઘળી દુષ્ટતાના પરિણામો અહિંયા જ એને મળી જતાં નથી.

કોઈ જાલીમ, અત્યાચારી તેના દુષ્કર્મમાં લગાતાર વ્યસ્ત છે, મૃત્યુ સુધી તેમાં રચ્યો રહે છે, જયારે પણ એને પકડવામાં આવે છે તે શકિત, સમર્થન કે વાકચાતુર્યના સહારે છૂટી જાય છે અને આમ જ દુષ્કર્મોના ફળ ચાખવા મળે તે પૂર્વે તે મરી જાય છે, લોકો મોં ફાડીને કહેતા હતા કે દુનિયાનો આ મહાન જાલીમ હતો, ખુદાની મખ્લૂક એનાથી વાજ આવી ગઈ હતી અને સૃષ્ટિના સર્જનહારે પણ એને છોડી દીધો !

બીજો માણસ સદા અલ્લાહની પ્રસન્નતા પામવા સદકાર્યો કરતો રહ્યો, ગુપ્તરીતે દાન–ખૈરાત પણ કર્યા, ગરીબોને સહાય કરી, અન્ય સદકાર્યો કર્યા, અને સ્વયં કદી પોતાના સદકાર્યો વિશે લોકોને કહ્યું નહીં, લોકોને પણ ખબર ન પડી, લોકોએ જાણ્યું–અજાણ્યું કરી દીધું અને કોઈએ બે શબ્દો વડે એને બિરદાવવાની પણ તસ્દી ન લીધી.

બીજા એક માણસે કોઈનું ખૂન કરી નાંખ્યું, બદલામાં તેને મારી નાંખવામાં આવ્યો. કોઈ બીજી ઘટનામાં એક માણસે સેંકડો માણસોને મારી નાંખ્યા અને એને પણ ફાંસી દઈ બદલો લેવામાં આવ્યો. પરંતુ એક માણસના હત્યારાને અને સેંકડોના હત્યારાઓને, બન્નેવને સરખી સજા શું ન્યાયોચિત છે ? આ બધામાં અલ્લાહ તઆલા ન્યાયી છે, એ કેમ કરી પૂરવાર થશે ?

માટે અકે દિવસ એવો હોવો અત્યંત આવશ્યક બાબત છે જેમાં આવી સઘળી સારી–ખરાબ વાતોનો હિસાબ કરવામાં આવે અને અલ્લાહ એ બાબતોમાં ન્યાય તોળે.

આખિરતનો દિવસના આવવા વિશેની આ માન્યતા દ્વારા જ માનવીય મનના આ તર્કને સમર્થન મળે છે કે માનવીએ ફરી સજીવન થઈ અલ્લાહ સમક્ષ રજૂ થઈને કર્મોના લેખાં–જોખાં અને કડવા–મીઠાં ફળ મેળવવાના છે.

## આખિરતની માન્યતા ધરાવવાના લાભો

મૃત્યુ પછી આખિરતમાં અલ્લાહના દરબારમાં રજૂ થઈ સ્વયંના કર્મોના ફળ ભોગવવાની માન્યતાના કારણે જ માનવી આ લોકમાં દુષ્કાર્યો, અત્યાચાર, આંતક અને કુકર્મોથી દૂર રહે છે, સત્કર્મો, સદાચાર અને નેકીની પ્રેરણા મેળવે છે, જો આમ ન હોત તો માનવી સઘળા બંધનોથી મુકત થઈ જાત.

આ માન્યતાનો બીજો લાભ એ છે કે માણસ અલ્લાહને સર્વશકિતમાન માને છે, જેના લઈ અલ્લાહથી સવાબની આશા, જન્નતની આરજૂ અને જહન્નમના અઝાબથી ડરવાના કારણે નેક કાર્યો કરવા માટે અને બુરા કર્મોથી બચવા તત્પર અને મજબૂર બની જાય છે, જો આ માન્યતા ન હોય તો મુશ્રિકો અને અલ્લાહને નકારનારા કાફિરોએ તોબા જ શા માટે કરવી જોઈએ? કેમ કે એમના માનવા મુજબ તો મૃત્યુ પશ્ચાત એમણે જીવંત થવાનું જ નથી, માટે શિર્ક ન કરતાં અલ્લાહ ઉપર ઈમાન –શ્રદ્ધા ધરાવી દુનિયામાં કષ્ટો, મુસીબતો સહન કરવાની તસ્દી લેવી

એમના મન બેકાર છે. કેમ કે એનો કોઈ બદલો એમને મળવાનો નથી અને આવું વિચારી શા માટે તેઓ દુનિયાનો ગુનાહિત એશ, આરામ, વૈભવ, વિલાસ, છોડવા તૈયાર થાય. એમની માન્યતા પ્રમાણે તો એમની પુછપરછ થવાની જ નથી, ઉપરાંત તેઓ રોજ દુનિયામાં જુએ છે કે અહિંયા તો મો'મિન– મુશ્રિક, મુસલમાન–કાફિર બધાં જ સરખી રીતે જીવે છે, ઈમાન નહીં લાવવાના પરિણામે દુનિયાના વૈભવ વિલાસમાં તેમને કોઈ ફર્ક પડતો નથી.

અને જો આવા માણસો અલ્લાહ ઉપર ઈમાન ધરાવતા હોય, પરંતુ આખિરતમાં ફરીવાર સજીવન થઈ હિસાબ, કિતાબ, લેખાં, જોખાં, અને વળતર–ઈનામ વિશેનું ઈમાન ન ધરાવતા હોય તો તેઓ પણ શા માટે અલ્લાહના આદેશો પ્રમાણે જીવવાનું જરૂરી સમજે ? એમના સમજવા પ્રમાણે તો અહિંયાના સદકાર્યોનાં વળતર અને લાભ એમને મળવાના નથી, અને જયાં સુધી સદકાર્યો પર મળનાર સવાબ, પુણ્ય પર શ્રદ્ધા ન હોય અને માણસ સમજે કે દુનિયામાં કરેલા સારા નરસા બધા જ કર્મો વ્યર્થ જવાના છે, તો આવા માણસો પણ ભલાઈનું કોઈ કાર્ય કરશે નહી.

મધમાં ઝેર ભળી ગયું હોય તો એનું પરિણામ વિચારી કોઈ એને હાથ સુદ્ધા લગાવતું નથી અને દવા કડવી હોય છતાં પીવામાં આવે છે, કારણ કે એનો લાભ માણસ જાણે છે, આ જ પ્રમાણે માણસ દુનિયાના એશ–આરામ, વૈભવ–વિલાસ અને મોજ મસ્તીના પરિણામથી વાકેફ છે અને અલ્લાહના અઝાબ–શિક્ષાથી ડરે છે અને દુનિયાની તકલીફો કડવી, કઠણ હોવા છતાં મુસલમાન તેને સહન કરે છે, કારણ કે એના બદલામાં મળતા પુણ્ય–સવાબની એને શ્રદ્ધા અને યકીન છે.

આમ જે માણસ બુદ્ધિવાન હશે તે ઈસ્લામની અને આખિરતની માન્યતાને અનુસરી દુનિયાની અમૂક દિવસોની મુસીબતો, તકલીફો વેઠી લેશે અને જન્નતની સદાની નેઅમતો મેળવવાને વધુ પ્રાધાન્ય આપશે, આ દુનિયાના ક્ષણિક વૈભવના બદલામાં સદાની જહન્નમનો સોદો તેને માન્ય ન હશે.

## મૃત્યુ પશ્ચાત સજીવન થવાનું પ્રમાણ

દુનિયામાં એવા લોકો પણ મોટા પ્રમાણમાં છે, જેઓ મૃત્યુ પછી સજીવન થવામાં શ્રદ્ધા નથી ધરાવતા, એને અશકય સમજે છે, તેમને સમજમાં નથી આવતું કે માણસ મરી પરવારી માટીમાં ભળી જાય છે, રાખ બની જાય છે, માંસ સડી જાય છે, હાડકાં ગળી જાય છે; પછી ફરીવાર આખા માનવીને સજીવન કરવો કેવી રીતે શકય બનશે ?

પરંતુ આવા જ લોકો એટલું તો માનતા હોય છે કે પ્રથમ વાર અલ્લાહ તઆલાએ જ માનવીને પેદા કર્યો છે. માટે પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે માણસ શા માટે મૃત્યુ પછી ફરી સજીવન થવાને અશકય સમજે છે ? માનવી માટે કોયડો બની ગયેલ આ પ્રશ્નનો સરળ અને તાર્કિક ઉત્તર અલ્લાહ તઆલા આપે છે, કુર્આનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે :

આ સમગ્ર સૃષ્ટિને બેનમૂન અસ્તિત્વ અર્પનાર અલ્લાહ જો માણસને થોડો સમય મારી નાંખી ફરી પેદા કરવા ઈચ્છે તો એ એના માટે અઘરું કેમ હોય ? કારણ કે સ્વયં માનવીના માનવા પ્રમાણે ફરીવાર પેદા કરવા કરતાં પ્રથમ વાર પેદા કરવું વધારે અઘરું અને કપરૂ છે, અને ફરીવાર પેદા કરવું નિઃશંક સરળ જ હોય શકે !

હે મુહમ્મદ ! કહી દો કે જેણે તમને પહેલી વાર પેદા કર્યા, એ જ ફરીવાર પેદા કરશે, એમને પૂછો કે સૂકી ધરતીને કોણ હરિયાળી બનાવે છે? ખેતરોને કોણ હરિયાળાં લહેરાતાં બનાવે છે ? એમને કહો કે આ જ પ્રમાણે અલ્લાહ તઆલા મૃત માણસોને ફરી સજીવન કરશે.

માનવી એટલું પણ જરૂર સ્વીકારે છે કે મરવા પછી એનું શરીર માટી કે રાખ બની ધરતીમાં ભળી જાય છે કે હવામાં ઉડી જાય છે. પરંતુ નાશ થઈ સદંતર શુન્ય તો નથી જ બનતું.

મેડિકલ સાયન્સ આજે કહે છે કે કરોડરજ્જુના હાડકાંનો એક ભાગ વરસો વીતી જવા પછી પણ એના અસલી સ્વરૂપમાં માટીમાં બાકી રહે છે. તેના સિવાય આખું શરીર માટીમાં રૂપાંતર થઈ જાય છે, આમ ફરીથી સજીવન થવાની માન્યતા સાયન્સના પ્રતાપે સમજવી આજે વધુ સરળ

બની ગઈ છે.

વિમાન હજારો કિલોમીટર ઊંચેથી ટુકડા થઈ નીચે પટકાય છે, છતાં એનો એક ભાગ " BALCK BOX " દરેક સ્થિતિમાં સલામત રહે છે. એમાં પાયલોટની વાતચીત અને અન્ય સુચનાઓ રક્ષિત હોય છે, એના વડે જ દુર્ઘટનાના કારણો શોધવામાં આવે છે.

માણસ જયારે સ્વયં સ્વીકારે છે કે એના શરીરના અંશો રાખ કે માટી બની ભલે દષ્ટિમાં ન આવે, બાકી જરૂર રહે છે. તો પછી આ સ્વીકારવું અને સમજવું આસાન અને સરળ છે કે આ અંશોને ભેગા કરી ફરી માનવીને જીવંત કરવો અલ્લાહ માટે ઘણું જ આસાન અને સહેલું છે.

જયારે કોઈ પૂર્વ નમૂના વગર પ્રથમવાર અલ્લાહ તઆલાએ માનવીને ઉત્પન્ન કર્યો, તો એ પણ અલ્લાહ માટે કાંઈ અઘરું અને કપરું કદી ન હતું, ઉપરાંત પહેલીવારની જેમ ફરીવાર સજીવન કરવા માટે અલ્લાહને માનવીના જૂના અંશોની પણ જરૂરત નથી.

શું આ કુમતિ ન કહેવાય કે જે માણસ ફરીવાર સજીવન કરવાની શકયતાને નકારે છે, તે સ્વયં એનાથી મોટી શકયતાના વાસ્તવિકરૂપે સાકાર થવાને સ્વીકાર કરી ચુકયો છે, માટે જે લોકો પહેલીવારના પેદા કરવાને માને છે, એમના માટે ફરીવાર સજીવન કરવાની શકયતા નકારવાનો કોઈ અવકાશ નથી.

## કયામત પર ઈમાન

આખિરતની માન્યતાના વર્તુળમાં આ બાબત પણ આવી જાય છે કે આખિરતમાં સજીવન થતાં પહેલાં આ દુનિયાની સઘળી વ્યવસ્થા અને તંત્રને અલ્લાહના આદેશાનુસાર નષ્ટ થવાનું છે, આ નાશને જ કયામત કહેવામાં આવે છે.

મુસલમાનના ઈમાનનો બુનિયાદી અંશ છે કે

- ❑ સદા રહેનાર અલ્લાહ સિવાય દરેક મખ્લૂક નષ્ટ થનાર છે.
- ❑ દુનિયા માનવીના રહેવા– સહેવા માટે ખપ પૂરતી બનાવવામાં આવી છે.

- ❑ માનવી અલ્લાહની ઈબાદત માટે પેદા કરવામાં આવ્યો છે.
- ❑ દુનિયામાં એને કસોટી માટે મોકલવામાં આવ્યો છે કે શું તે અલ્લાહની નેઅમતોનો શુક્ર અદા કરી મૃત્યું પર્યંત સન્માર્ગ પર ચાલે છે અથવા
- ❑ શયતાન અને પાપી મનની વાતોમાં આવી જઈ સન્માર્ગથી ભટકી જીવન વિતાવે છે અને અઝાબને યોગ્ય ઠરે છે ?
- ❑ અલ્લાહની ઓળખ માટે માનવીની બુદ્ધિ અને સૃષ્ટિમાં અલ્લાહે પેદા કરેલ નિશાનીઓ બાબત ચિંતન મનન પૂરતું હતું, તે છતાં અલ્લાહ તઆલાએ કૃપા અને કરમ ફરમાવી દરેક કાળે તેના રસૂલો અને પયગમ્બરો પેદા કર્યા.

સ્વયં માનવી સમક્ષ જયારે સ્પષ્ટ થઈ જશે કે હવે કોઈના હિદાયત સ્વીકારની શકયતા નથી રહી, તો અલ્લાહ તઆલા આ સૃષ્ટિની વ્યવસ્થા તોડી ફોડી નાંખશે.

અર્થાત જેમ માનવીના વ્યકિતગત જીવન પૂર્ણ કરી મરવાનું નામ મૃત્યુ છે, એ જ પ્રમાણે આ નક્કી સમય મર્યાદા બાદ દુનિયાના નષ્ટ થવાનું નામ કયામત છે.

મક્કાના મુશરિકો કયામત વિશે ઉપરોકત બાબતો સાંભળી એના ઉપર શ્રદ્ધા અને ઈમાન ધરાવતા ન હતા, એની હંસી–મજાક ઉડાવતા હતા અને વારંવાર મશ્કરી કરતાં પુછતા કે હે મુહમ્મદ ! તારી બતાવેલ પેલી કયામત કયારે આવશે ? અલ્લાહ તઆલાએ કુર્આનમાં એનો ફકત એટલો જ ઉત્તર આપ્યો કે આપ કહી દો કે બસ બહુ જલ્દી આવી રહી છે.

## કયામત શું છે ?

કયામત કયારે આવશે ?

એ બાબત અલ્લાહ સિવાય અન્ય કોઈ જાણતું નથી, અલબત્ત આવશે એ નક્કી છે, કુર્આનમાં વારંવાર અલ્લાહ તઆલા કહે છે :

"હે માનવી ! કયામત ઘણી જ નિકટ છે."

એની નિશાનીઓ અને બીજી વિગત હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ

અલયહિ વ સલ્લમની હદીસોમાં ઉપલબ્ધ છે.

❑ કયામત જુમ્આના દિવસે આવશે.

❑ કયામત નિકટ હશે, ત્યારે વરસોનો સમય મહિનાઓની જેમ અને મહિનાઓનો સમય અઠવાડિયાઓની જેમ ઝડપથી વીતી જશે.

❑ હઝરત ઈસા (અલૈ.)આસમાનથી ધરતી પર પધારશે.

❑ સમગ્ર વિશ્વમાં ઈસ્લામ પ્રભાવી થઈ જશે. વગેરે.....

❑ કયામત જયારે આવશે, અચાનક પલકવારમાં આવી જશે, અલ્લાહ તેના એક નિકટના મહાન ફરિશ્તા ઈસરાફિલને સૂર (શિંગ) ફૂંકવાની આજ્ઞા ફરમાવશે, તેમના ફૂંકવાથી જે ભય અને ગભરાટ ફેલાશે, તેનાથી જ આખા વિશ્વનો એક દમ મૃત્યુદંડ વાગી જશે, જાનવરો સહિત દરેકે દરેકે માણસ મરી જશે.

❑ વિખરાયેલ તણખલાઓની જેમ બધા મૃચ્છા ખાય પડયા હશે, સૂર્યમંડળની સઘળી વ્યવસ્થા અસ્ત વ્યસ્ત થઈ જશે, બધા ગ્રહો એક બીજાથી અથડાયને ટુકડે ટુકડા થઈ જશે, સૂર્ય તે દિવસે તેની પ્રણાલી વિરૂદ્ધ પશ્ચિમ બાજુએથી ઉગશે.

❑ આકાશ ફાટી જશે.

❑ ધરતીકંપ દ્વારા સમગ્ર જમીન સપાટ મેદાનની જેમ થઈ જશે, દૂર સુધી કયાંય ટેકરી સુધ્ધાં ન હશે.

❑ ધરતીમાં ધરબાયેલ ખજાનાઓ અને મૃત માણસો બહાર આવી જશે.

❑ પહાડો રૂની જેમ ટુકડે ટુકડા થઈ હવામાં ઉડશે.

❑ દરિયાનું પાણી પણ છલકાય જશે.

## કયામતની શકયતા અને તર્ક-બુદ્ધિ .

દુનિયામાં વિવિધ સ્થળોએ વિવિધ સમયે થયેલ ધરતીકંપોના લઈ કયામતનું સમજવું અત્યંત સહેલુ થઈ ગયું છે. કોઈ એક જગ્યાએ ધરતી ધ્રુજવાથી પલકવારમાં ત્યાંની વ્યવસ્થા ખોરવાય જાય છે, એ જ પ્રમાણે આપણે સમજી શકીએ છીએ કે આખી ધરતીના ધ્રુજવાથી દુનિયાની

વ્યવસ્થા કેવી ખોરવાય શકે છે.

હેરતભરી પ્રગતિ છતાં વિજ્ઞાન આજે નાનકડા ધરતીકંપ વિશે પણ આગાહી કરવા શકિતમાન નથી, ચંદ્ર પર પહોંચવા અને અવકાશમાં સહેલ કરવા છતાં આ એક એવી આફત છે, જેની પૂર્વ આગાહી માનવી કરી શકતો નથી, ફકત ધરતીકંપની તીવ્રતા અને ધ્રુજારી માપવા સીસ્મોગ્રાફ નામનું યંત્ર બનાવવામાં આવ્યું છે, જે તેનું પરિણામ ધરતીકંપ પૂરો થયા બાદ બતાવે છે, માટે તે પણ કોઈ રીતે ધરતીકંપ રોકવામાં કે એની તબાહીથી બચવામાં સહાયક નથી. નાનકડા ધરતીકંપથી જ ગામડાંઓ અને મહોલ્લાઓ કાટમાળના ઢગલા સમાન બની જાય છે, શહેરો ડૂબી જાય છે, દરિયાઓના પાણીનું વહેણ બદલાય જાય છે.

૧૫૫૬માં ચીનમાં આવેલ એક ભયાનક ધરતીકંપમાં એક સામટા ૮ લાખ માણસો હોમાય ગયા હતા. (હાલમાં ડિસેમ્બર ૨૦૦૪માં ઈન્ડોનેશિયા, શ્રીલંકા, થાઈલેન્ડ, આંદામાન, નિકોબાર અને ભારતને અસર કર્તા સુનામી નામના દરિયાઈ ધરતીકંપમાં લગભગ ત્રણ લાખથી વધુ માણસો માર્યા ગયા છે.)

થોડા વરસો પૂર્વે અમેરિકામાં ઈજો નામી સ્થળે થયેલ ધરતીકંપના કારણે ત્યાંની જમીનમાં ૬૪૯ કિલોમીટર લાંબો અને ૫,૩૦૦ ફુટ ઊંડો ખાડો પડી ગયો, ૧૭૫૫માં લકઝમબર્ગ પોર્ટુગલમાં થયેલ ધરતીકંપમાં ફકત છ મીનીટના સમયમાં ત્રીસ હજાર માણસો શહેર સહિત નષ્ટ થઈ ગયા.

આવી નાનકડી કયામતો વડે ફકત એકવાર આવનાર મોટી કયામત સમજવી અત્યંત સરળ છે જેમ આ ધરતીકંપો અચાનક આવે છે અને અપાર તબાહી મચાવે છે, નાશ વેરે છે, એ જ પ્રમાણે કુર્આનના કહેવા પ્રમાણે આવનાર મોટી કયામત એક મોટા ધરતીકંપના રૂપમાં હશે, અચાનક આવી પૂગશે અને પરિણામે આખું વિશ્વ નાશ પામશે.

## હશ્રનું મેદાન અને હિસાબ કિતાબનો દિવસ

કયામત આવવાથી સમગ્ર દુનિયા નાશ પામશે, એટલે ફરીવાર અલ્લાહ તઆલા તેના ફરિશ્તા ઈસરાફીલને શીંગ ફૂંકવાનો આદેશ

ફરમાવશે, તેઓ ફરીવાર ફૂંકશે, જેના પ્રભાવથી હઝરત આદમ (અલૈ.)થી લઈ કયામત સુધી જન્મેલ દરેક માનવી અને જીન તેમની કબરોથી નીકળી એક મોટા મેદાનમાં અલ્લાહ સમક્ષ ભેગા થશે, આ મેદાનને "હશ્રનું મેદાન" કહેવામાં આવે છે, જેમને મૃત્યુ પછી સળગાવી દેવામાં આવ્યા હતા, અથવા જેમના શરીર જાનવરો કે માછલીઓનો ખોરાક બની ગયાં હતાં, અથવા જેમની રાખ દરિયામાં વહાવી દેવામાં આવી હતી કે હવામાં ઉડાવી દેવામાં આવી હતી, એમના પ્રાણને શરીર આપીને એમને પણ મેદાનમાં બધાંની સાથે ભેગા કરવામાં આવશે.

કુફ્ર કરનારા અને મુશ્રિકોને આંધળા, બહેરા, ગુંગા, બનાવી ઊંધા મોંએ હશ્રના મેદાનમાં લાવવામાં આવશે, તેઓ અલ્લાહથી પૂછશે કે હે અમારા રબ ! દુનિયામાં તો અમે આવા ન હતા, અલ્લાહ તઆલા ફરમાવશે :

તમે તમારી આંખોનો યોગ્ય ઉપયોગ ન કર્યો, અને એવી વસ્તુઓ ન જોઈ જેને જોઈ મને ઓળખી શકતા હતા, માટે શિક્ષા રૂપે આજે તમારી દૃષ્ટિ હણી લેવામાં આવી છે, આજ હાલ તમારી જીભ અને કાનનો છે.

લોકો તે દિવસે એટલા બધા ગભરાયેલા હશે કે દૂધ પીવડાવનાર માતાઓ તેમના દૂધ પીતા બાળકોને પણ ભૂલી જશે, બીકના મારી સગર્ભા સ્ત્રી તેનું ગર્ભ પાડી બેસશે, મુસલમાનો, મો'મિનો ખુશ–પ્રસન્ન હશે, કાફિરો–મુશ્રિકોના ચહેરાઓ પર અપમાનિતા અને નિરાશાની કાળાશ છવાયેલી હશે, સૂર્ય માણસના માથે એક ભાલાના અંતરે હશે અને દરેક માણસ તેના કર્મોના માપે પસીનામાં ડૂબેલ હશે, કોઈના માટેય દૂર સુધી કયાંયે છાંયડો ન હશે, ફકત તે માણસને છાંયડો મળશે, જેને અલ્લાહ તઆલા તે દિવસે તેના અર્શના છાંયડામાં સ્થાન આપશે.

ત્યાર બાદ વારા ફરતી દરેકનો હિસાબ કિતાબ આરંભાશે, જન્મથી મૃત્યુ સુધીના પળ–પળના દરેક કાર્યો સ્પષ્ટ રૂપે માનવી સમક્ષ રજૂ કરવામાં આવશે. અને માણસ તેની ભૂલો–ગુનાહોનો સ્વયં એકરાર કરી લેશે, ફરિશ્તાઓ પણ તેના વિરુદ્ધ સાક્ષી આપશે, સ્વયં માનવીના અવયવો

અને જમીનના તે ભાગો, જેના ઉપર તેણે ગુનાહો કર્યા હતા, એના વિરુદ્ધ સાક્ષી આપશે, આ બધાંને જ અલ્લાહ બોલવાની શકિત આપશે.

સારા અને નેક લોકોને એમનો હિસાબ કિતાબ જમણા હાથમાં આપવામાં આવશે અને અત્યંત પ્રસન્ન થઈ તેઓ એક બીજાને તે બતાવશે, જેના જમણા હાથોમાં હિસાબ કિતાબ આપવામાં આવશે, તે સફળ ગણાશે અને જન્નતમાં પ્રવેશનો હકદાર બનશે.

પાપીઓને ડાબા હાથમાં હિસાબ કિતાબ આપવામાં આવશે, જેનો અર્થ એ હશે કે તેઓ નાકામિયાબ છે અને તેમણે જહન્નમ (નર્ક)ની આગમાં સળગવાનું છે. આ બધું જોઈને તે કહેશે કે કાશ ! મને મારો હિસાબ કિતાબ આપવામાં ન આવ્યો હોત અને મને નષ્ટ કરી દેવામાં આવ્યો હોત. તે અલ્લાહથી વિનવણી કરશે કે હે અલ્લાહ ! મને ફરીવાર દુનિયામાં મોકલી દે, જેથી હું સારા કાર્યો કરી પરત ફરૂં, હવેથી હું ફરીવાર શિર્કની ગંદકી અને નાપાકીમાં સપડાઈશ નહી અને હે અલ્લાહ તારા આદેશ પ્રમાણે જ ઈમાન રાખીશ. પરંતુ અલ્લાહ તઆલા તરફથી જવાબ મળશે, કદાપિ નહી, હવે એની શકયતા નથી, અહિંયા આવવા પછી પાછા ફરવાની શકયતા ન હોવાની બાબત અમે પહેલાં જ જણાવી દીધી હતી, હવે તો જહન્નમના અપમાન સાથે સદાને સળગતા રહો. અંતે અલ્લાહના આદેશથી ફરિશ્તાઓ તેમને ઊંધા મોંઢે ઢસડી જહન્નમમાં ફેંકી દેશે અને સદા તેમાં જ તેઓએ રહેવાનું રહેશે.

## સારી અને ખરાબ તકદીર (ભાગ્ય) ઉપર ઈમાન

ઈમાનનો એક મહત્વનો અંશ આ પણ છે કે માનવી અલ્લાહના જ્ઞાનના અપાર અને વિશાળ હોવાનો એકરાર કરે, અલ્લાહ તઆલા અત્યાર સુધી થઈ ચૂકેલ અને હવે પછી થનારી દરેક બાબતથી વાકેફ છે, એની આ શકિત અને વિશેષ જ્ઞાનના કારણે દરેક માણસ જે કંઈ સારા નરસા કામો કરનાર છે, તે પૂર્વેથી જ એની જાણમાં છે, અને પૂર્વેથી જ એણે નક્કી કરી રાખ્યાં છે, આને જ તકદીર (ભાગ્ય) કહે છે, કોઈ માણસ તકદીરને જાણી શકતો નથી, માણસ સ્વયં પોતાની તકદીરથી અજાણ હોય

છે કે કાલે હું શું કરવાનો છું ? શું ખાવાનો છું ? કયાં ? કયારે ? અને કેવી પરિસ્થિતિમાં મારું મૃત્યુ થવાનું છે ? જયારે કે અલ્લાહ તઆલાએ પહેલેથી આ બધી જ બાબતો નક્કી કરી દીધી છે.

તકદીર (ભાગ્ય)ના નામ પર માણસ સારા કામો ન કરી શકવા પર બહાનું નથી કરી શકતો, કારણ કે માણસને સારા અને ખરાબ બન્નેવ પ્રકારના કામોનો અધિકાર, શકિત તેમજ ઈચ્છા આપી દેવામાં આવી છે, અને માણસ તેના આ અધિકાર અને શકિતને અલ્લાહની તકદીર પ્રમાણે જ વાપરે છે. જે અલ્લાહે પૂર્વેથી નિર્ધારિત કરી રાખી છે. આમ માણસ અલ્લાહે અર્પેલ અધિકાર અને શકિત દ્વારા તેના માટે સદાની ભલાઈ સ્વર્ગને પણ અપનાવી શકે છે અને સદાની મુસીબત એટલે કે નર્કને પણ અપનાવી શકે છે.

## તકદીર (ભાગ્ય) ઉપર ઈમાન રાખવાનો લાભ .

તકદીર ઉપર ઈમાન રાખવાનો લાભ એ છે કે માણસને દુનિયામાં કોઈ મુસીબત તકલીફ યાતના પહોંચે છે તો તે સબ્ર અને ધીરજ રાખે છે, તેને પોતાના ભાગ્યની બાબત સમજી સહન કરે છે.

કોઈ ભૌતિક સુખ કે સંપત્તિ ન મળે તો અફસોસ નથી કરતો, ઉપલબ્ધ સંપત્તિ, સાધનો કે માન–સન્માનથી તે અભિમાન નથી કરતો, કારણ કે માનવી હવે એ સ્વીકારી લે છે કે આ બધામાં એનો કોઈ દખલ કે અધિકાર નથી, આ તો અલ્લાહ તઆલાએ બધું પૂર્વેથી જ એના ભાગ્યમાં લખી દીધેલું છે અને એ પ્રમાણે જ થઈ રહ્યું છે, અલ્લાહ તઆલા ફરમાવે છે કે અમે દરેક થનારી વાત–વસ્તુને કરવા પહેલાં જ કિતાબે મહફૂજ (રક્ષિત કિતાબ)માં લખી રાખી છે, કોઈ એમ ન કહે અને એમ ન સમજે કે આ કેમ શકય છે ? અલ્લાહ માટે આમ કરવું ઘણું સરળ છે.

## ઇસ્લામ સ્વીકાર માટે કલિમએ તય્યિબહનો એકરાર શરત છે .

તર્ક બુદ્ધિ અને સમજથી એટલી વાત આપણે સમજી શકીએ છીએ કે સમગ્ર વિશ્વનો સર્જક અને સ્વામી આલ્લાહ જ છે અને એ જ

ઈબાદત–પૂજાને લાયક છે, આ પણ આપણે સમજી ચૂકયા કે આ લોક પછી પરલોકનો સામનો છે. જેમાં દરેક માણસે તેના કર્મો પ્રમાણે જન્નત કે જહન્નમમાં રહેવાનું છે, હવે પ્રશ્ન એ થાય છે કે ઉપરોકત માન્યતાઓને આધીન રહી જીવન વિતાવવા માટે આપણે શું કરવાનું છે ? એનો જવાબ સરળ છે, માનવીએ ફકત એક વાકય ઉચ્ચારવાનું છે અને એના અર્થ અને મતલબને સમજી–સ્વીકારી એ પ્રમાણે વર્તવાનું છે, ઈસ્લામ સ્વીકાર માટે આવશ્યક તે વાકય (કલિમહ તય્યિબહ) નીચે પ્રમાણે છે. :

لا اله الا الله محمد رسول الله

'લા ઈલાહ' નો મતલબ છે :

માબૂદ અને પૂજાપાત્ર કોઈ અસ્તિત્વ કે હસ્તી છે જ નહી.

'ઈલ્લલ્લાહ' નો મતલબ છે :

ફકત અલ્લાહ જ ઈબાદતના લાયક અને પૂજાપાત્ર છે.

'મુહમ્મદુર્ રસૂલુલ્લાહ'નો અર્થ છે:

પયગમ્બર મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અલ્લાહના રસૂલ અને અંતિમ નબી (સંદેશવાહક) છે.

કલિમહ બાબત વિગતથી વર્ણન અગાઉ આવી ચૂકયું છે, ફરીવાર એને યાદ કરી લો, કે અલ્લાહ તઆલાએ એક અત્યંત ટૂંકા વાકયમાં સંપૂર્ણ ઈસ્લામનો ખુલાસો વર્ણવી દીધો છે.

આ નાનકડા વાકયને ઉચ્ચારવા–સ્વીકારવા બાદ અલ્લાહનો બંદો (જે હવેથી એનો પ્રિય બની જાય છે) કુફ્ર શિર્કથી તોબા કરી, પાછો ફરી, એક અલ્લાહને જ સર્જક–સ્વામી (ખાલિક માલિક) અને પૂજનીય –પાલનહાર (માબૂદ–રબ) માની સદા એની ઈબાદત અને પૂજાનો એકરાર અને વાયદો કરે છે.

## આ નાનકડા વાકયના એકરારનો ચમત્કારિક અને આશ્ચર્યજનક પ્રભાવ

અત્યાર સુધી અન્યોને અલ્લાહના શરીક કરી ઈબાદત કરનાર

માણસ જયારે ઉપરોકત કલિમહને ઉચ્ચારે છે અને અંતરના ઉંડાણથી એને સ્વીકારે છે, કે તુરંત જ એના અંતર અને મનમાં ચમત્કારિક રૂપે પરિવર્તન આવી જાય છે, હવે તે સદાની જન્નતને યોગ્ય બની જાય છે, અલ્લાહ તઆલા સદા માટે જહન્નમની આગ એના ઉપર હરામ કરી દે છે. એના પાછલા બધા જ ગુનાહો ચાહે તે પછી કેટલાયે મોટા હોય, માફ થઈ જાય છે.

અલ્લાહ તઆલાના જણાવવા પ્રમાણે તે ગુનાહોથી એવો પાક થઈ જાય છે જાણે તે હમણાં જ માના પેટમાંથી દુનિયામાં અવતર્યો હોય.

હવે પછીના જીવનમાં આવા માણસથી શિર્ક સિવાય જે ગુનાહ પણ થઈ જાય પરંતુ મરતાં પહેલાં એની માફે માંગી લે, અલ્લાહ તઆલા તેને માફ કરી દેશે, જો ગુનાહોની માફી ન માંગી, અને તે પૂર્વે જ મરી ગયો તો પણ એને જન્નતમાં જવા પૂર્વે ગુનાહોની સજા મળશે, પરંતુ તે સદાની જહન્નમથી તો રક્ષિત રહેશે.

## ઇસ્લામ સ્વીકારનો પ્રથમ લાભ :

## અંતર અને મનની શાંતિ

જે માણસ પણ અલ્લાહ તઆલાનો એની વિશેષતાઓ અને ખૂબીઓ સહિત એકરાર કરશે, ઈમાન લાવશે, એને મળનારી નેઅમતોમાં સૌથી મહામૂલી નેઅમત અલ્લાહની છત્રછાયા અને કૃપા છે, હવેથી દરેક સ્થળે અલ્લાહ તઆલા એનો સહાયક અને વાલી હશે, પરિણામે સૌપ્રથમ એની માન્યતાઓમાં દૃઢતા આવશે, તવહીદ અને એકેશ્વરવાદ પરત્વે એની શ્રદ્ધા અટલ અને અચલ થશે, અત્યાર સુધી કુફ્ર–શિર્કના પરિણામે એ ભય, બીક, અને ડરપોકપણું અનુભવતો હતો, હવે અલ્લાહ તઆલાથી મિલનની તત્પરતામાં મૃત્યુનો ભય એના દિલમાંથી નીકળી જશે, એને શાંતિ સુખની જે દોલત મળશે લોકો એને અરબો રૂપિયા વડે પણ ખરીદી શકયા ન હતા. જેઓ એનાથી વંચિત હતા, એમને જ આ દોલતની મહત્તાની જાણ હતી.

ઈસ્લામ સ્વીકારથી અંતર અને મનને મળતા શાંત્વનની દઢ્ ખાતરી અને શ્રદ્ધાથી પ્રેરાયને અને એને મેળવવાના પ્રયાસમાં જ હજારો લોકોએ ઈસ્લામ સ્વીકાર કર્યો છે, જેઓ અહિંયા પણ ઈસ્લામના જ થઈને રહ્યા અને આખિરતમાં પણ સદાના સુકૂન અને શાંતિના હકદાર બની ગયા.

આ શાંત્વન અને સુકૂનનું ફળ એ હોય છે કે આવો માણસ કષ્ટો, અને મુસીબતો ટાણે પણ એવી ધીરજ અને સહનશીલતા અપનાવે છે, જે અન્યો માટે પણ અનુકરણીય અને ઉદાહરણનીય હોય છે.

❑ મુસીબતો એને વ્યાકુળ નથી કરી શકતી.

❑ ભવિષ્યમાં આવનારા કષ્ટો–કઠણાઈઓથી એ પરેશાન નથી થતો.

❑ સારી – નરસી દરેક પરિસ્થિતિમાં તે અલ્લાહનો શુક્ર અદા કરે છે.

❑ મુસીબતો કે રાહતોને સ્વયંના કર્મોનું ફળ સમજી અલ્લાહ પ્રતિ ધ્યાન ધરે છે.

❑ મુસીબતોને સ્વયં માટે વધુ પ્રગતિનું માધ્યમ સમજે છે.

❑ આવો માણસ થોડું ખાયને, થોડું કમાયને પણ અરબ પતિઓ કરતાં વધુ શાંતિ અનુભવે છે.

## ભૌતિક જીવન ઉપર ઇસ્લામ સ્વીકારનો પ્રભાવ

ભૌતિક જીવન ઉપર પ્રથમ પ્રભાવ એ પડે છે કે,

❑ ફરીવાર માણસ કુફ્ફ–શિર્કને અપનાવવા અને આચરવાને આગમાં કુદી પડવા સમાન ખતરનાક ગણે છે.

❑ એક માણસને બીજાના મળ–મુત્ર પ્રત્યે જેવી સૂગ–નફરત હોય છે, એવી જ ધૃણા કુફ્ર અને શિર્ક પ્રત્યે માણસ અનુભવે છે.

❑ હવેથી એની શકિત અને જોમ જુસ્સાનું ઝરણું તોહીદ અને (એકેશ્વરવાદ) બની જાય છે.

❑ દરેક પરિસ્થિતિમાં તે અલ્લાહ તઆલા પર ભરોસો કરે છે. દરેક વાતમાં અલ્લાહ પ્રત્યે ધ્યાન ધરે છે.

❑ શિર્કથી તોબા કરી લેવાના અસરથી અન્ય વસ્તુઓનો ખોફ અને ડર એના દિલમાંથી નીકળી જાય છે.

❑ એકલો અને કોઈ જોતું ન હોય એવી સ્થિતિમાં પણ પાપ–ગુનાહથી બચે છે, કારણ કે હવે તે માને છે કે દરેક સ્થળે અને હર પળે અલ્લાહની નજર એના ઉપર છે અને

❑ દરેક સારા નરસા કામોનો અલ્લાહના દરબારમાં જઈ હિસાબ આપવાનો છે અને કુકર્મોની સજા ભોગવવાની છે.

❑ અલ્લાહ પાસે પોતાના સ્થાનને વધુ ઉચ્ચ બનાવવા વધુથી વધુ કાર્યો કરવાના પ્રયત્નો કરે છે, કોઈ મુસલમાનને ઉતરતી કક્ષાનો નથી ગણતો, કોણ જાણે એની કોઈ નેકી અલ્લાહને પસંદ હોય, જેનાથી એના બધા ગુનાહો માફ થઈ જાય અને તે વહેલો જન્નતમાં પહોંચી જાય.

❑ કોઈ કાફિર મુશ્રિકને પણ કે હીન, હલ્કી કે અપમાનની દષ્ટિએ નથી જોતો, કારણ કે જયાં સુધી જીવન છે, શકય છે અલ્લાહ એના ઉપર રહમ ફરમાવે અને એને ઈમાન અતા ફરમાવે અને શકય છે કે પહેલાંથી મુસલમાન હોય એવા માણસથી કોઈ ભૂલ થઈ જાય, પરિણામે અલ્લાહનો પ્રકોપ ગુસ્સો ઉતરી આવે અને ઈમાનની દોલત છીનવાય જાય.

❑ મુશ્રિક અને કાફિર બિરાદરો માટે પ્રયત્ન કરે છે કે તેઓ પણ ઈસ્લામની સ્પષ્ટ અને સરળ વાતોને સમજે અને અનુસરે. તે માટે નિરંતર અલ્લાહથી દુઆ કરે છે. અન્યો સુધી ઈસ્લામનો સંદેશ પહોંચાડવા માટે તે ફિકર, ચિંતા અને પ્રયત્નો કરે છે, લોકોને કુફ્ર–શિર્કની ગંદકીથી બચાવવા તે આતુર અને પ્રયત્નશીલ રહે છે.

❑ હવેથી એનું જીવન અન્યોને સદકાર્યોની પ્રેરણા અને આદેશ આપવા અને બુરા કાર્યોથી રોકવામાં પસાર થાય છે અને આમ કરી તે અલ્લાહના કથનને સાર્થક કરે છે કે દુનિયામાં સૌથી સારો માણસ લોકોને અલ્લાહના પ્રતિ બોલાવનાર, સ્વયં સદકાર્યો કરનાર અને સ્વયંના મુસલમાન (અલ્લાહનો આજ્ઞાંકિત હોવાનો એકરાર કરનાર) માણસ છે.

❑ એનું દિલ કપટ, અદાવત, લોભ, લાલચ, અભિમાન, ઈર્ષા, ઈત્યાદિથી સદા પવિત્ર રહે છે, હવે તે મુસલમાન છે અને સમજે છે કે ઈઝઝત, આબરૂ અલ્લાહના જ હાથમાં છે, કોઈની ખ્યાતિ કે નામનાથી ઈર્ષા કરવાથી અલ્લાહ એની ખ્યાતિમાં કમી કરશે નહી.

❑ ગમે તેવી મુસીબતમાં પણ એનું માથું ખુદા સિવાય અન્ય કોઈ સામે ઝૂકશે નહીં, એના સિવાય કોઈ સામે એ હાથ ફેલાવશે નહી, હવે તે પોતાની દરેક જરૂરતો અને આવશ્યકતાઓને અલ્લાહથી જ યાચે છે અને એનાથી જ પૂરી કરવાની દરખાસ્ત કરે છે.

❑ ગમ, ખુશી, બીમારી, તંદુરસ્તી, માલદારી, ગરીબી; દરેક સ્થિતિમાં તે અલ્લાહથી રાજી રહે છે, શિકાયત કે ફરીયાદનો એક શબ્દ પણ કોઈ સમક્ષ એની જીભે નથી આવતો.

❑ સ્વયં ભૂખ્યો રહી ગરીબોને ખવડાવે છે, પોતાના માલને અલ્લાહ તઆલાએ આપેલ માલ સમજે છે, અને વિચારે છે કે અગર અલ્લાહ તઆલા ઈચ્છે તો એને ગરીબ કે ફકીરના સ્થાને ઉભો કરી શકતો હતો.

❑ મુસલમાન સદાયે મોતની તૈયારીમાં પ્રવૃત રહે છે, દુનિયાને ક્ષણિક વસવાટનું સ્થાન સમજે છે.

❑ કોઈના ઉપર અત્યાચાર કરતો નથી.

❑ સદા અન્યોનું હિત તેનું ધ્યેય હોય છે.

❑ વ્યાભિચાર, અત્યાચાર, દુરાચાર, હરામકારી, લાંચ, વ્યાજ, ચોરી, લૂંટ, શરાબસેવન, વગેરે કુકર્મોથી સદા દૂર રહે છે,

❑ હરામ કે શંકાસ્પદ માલ ખાવા કે કમાવા કરતાં ભૂખ્યા રહેવું વધુ પસંદ કરે છે.

❑ મનની માલદારી અને અન્યોથી બેનિયાઝી (નિઃસ્પૃહતા)ની મહામૂલી દોલત તેને મળે છે.

માનવીના જીવન ઉપર ઉપરોકત બધા સદગુણોના હકારાત્મક પ્રભાવના કારણે અલ્લાહ એનાથી મહોબ્બત કરે છે અને અલ્લાહની મહોબ્બતના નમૂના રૂપે દુનિયામાં લોકો પણ એનાથી મહોબ્બત કરવા

લાગે છે અને તે કદી અપમાનિત થતો નથી.

## સામાજિક જીવન ઉપર ઇસ્લામ સ્વીકારનો પ્રભાવ

માણસના ઈસ્લામ સ્વીકારથી એના સામાજિક જીવન પર જે પ્રભાવ પડે છે તે પણ સ્પષ્ટ જોઈ શકાય છે.

ઈસ્લામના સમાનતાના માહોલમાં રંગ, જ્ઞાતિ, કુળ, વંશનો ભેદભાવ અર્થહીન થઈ જાય છે.

અમીર ગરીબનો તફાવત નથી રહેતો.

ઈસ્લામી સમાજમાં કોઈને પણ ઊંચ–નીચનો એહસાસ નથી થતો.

વંશ કે કુળના આધારે લોકોને અપમાનિત નથી કરવામાં આવતા.

લાખો લોકો આજ કાલ આ કારણે જ ઈસ્લામ સ્વીકારે છે, કુર્આનના આદેશ પ્રમાણે હવે દરેક બે મુસલમાનો વચ્ચે તફાવતનો એક જ આધાર રહેશે; તકવા અને સદાચાર, સત્કર્મ અને નેકી ; જે માણસ એમાં જેટલો આગળ હશે, એ જ પ્રમાણે અલ્લાહ પાસે ઉચ્ચ સ્થાન મેળવશે. મસ્જીદમાં નમાઝ માટે જશે તો લાઈનમાં ડાબે જમણે બાદશાહ પણ હશે, અધિકારીઓ અને સત્તાધીશો પણ હશે, મોટો ધનવાન પણ હશે અને કાજી–આલિમ પણ હશે.

હવેથી આવો માણસ ઈસ્લામી સમાજનું એક અંગ ગણાશે, એના દુઃખ–દર્દ અને ખુશી વગેરેમાં દરેક મુસલમાન ભાગીદાર હશે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ફરમાન પ્રમાણે બધા જ મુસલમાનો આપસમાં એક જ શરીરની જેમ છે, શરીરના એક અવયવને થતી તકલીફથી આખું શરીર દુઃખ અનુભવે છે, આ જ પ્રમાણે એક મુસલમાનના કષ્ટ અને યાતનાનો અસર બીજા મુસલમાન ઉપર પણ પડે છે અને તે વ્યાકુળ થઈ જાય છે.

## ઇસ્લામ વિશ્વની મહામૂલી નેઅમત છે .

બંદાઓ ઉપર અલ્લાહની સૌથી મહાન નેઅમત ઈસ્લામ અને ઈમાનની નેઅમત છે, હિદાયત એને જ કહે છે, દુનિયાની અન્ય સઘળી

નેઅમતો એના મુકાબલામાં તુચ્છ છે, આ નેઅમત અલ્લાહ તઆલા જેને ઈચ્છે તેને જ અર્પણ ફરમાવે છે, કોઈને આ નેઅમત મળવાનો સ્પષ્ટ મતલબ એ છે કે અલ્લાહ તઆલાને તેના આ બંદાથી વિશિષ્ટ મહોબ્બત અને લગાવ છે.

આ નેઅમત અર્પણ કરવામાં અલ્લાહ તઆલા તરફથી કોઈના કુળ, વંશ, સામાજિક મોભા કે સ્થાન કે જ્ઞાન, બુદ્ધિ, સંપત્તિ, સંતતિ કે અન્ય કોઈ વસ્તુને આધાર નથી બનાવવામાં આવતાં, ત્યાં સુધી કે નબીઓ, રસૂલો અને અલ્લાહના પ્રિય બંદાઓની અવલાદ, તેમના માતા–પિતા કે સગાંઓને પણ ઘણી વાર આ નેઅમતથી વંચિત રાખવામાં આવે છે. હાલાંકે નબીઓ એમના માટે દુઆ પણ યાચતા હોય છે. અલ્લાહ તઆલા હઝરત મુહંમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને સંબોધીને કુર્આનમાં કહે છે,

હે મુહમ્મદ ! આપ જેને ઈચ્છો, હિદાયત–ઈમાન આપી શકતા નથી, બલકે અલ્લાહ તઆલા જ જેને ઈચ્છે છે, હિદાયત આપે છે, આમ કહી અલ્લાહ તઆલા બતાવવા માંગે છે કે હિદાયતની મહામૂલી દોલતથી ન્યાલ કરવામાં ફકત એની જ ઈચ્છા અને ચાહના કામ કરે છે, હઝરત નૂહ (અલૈ.)નો પુત્ર, હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના પિતા, હઝરત લૂત (અલૈ.)ની પત્નિ; વગેરે હિદાયતથી વંચિત રહ્યા, હઝરત મુહમ્મદ પયગમ્બર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના પ્યારા કાકા અબૂ તાલિબને પણ આ નેઅમત નસીબ થઈ નહીં, એમણે તો બાળપણથી યુવાની સુધી આપની સંભાળ રાખી હતી, પુત્રની જેમ આપને ઉછેર્યા હતા, એનાથી વિપરીત એક સમયના ઈસ્લામના કટ્ટર શત્રુ, હઝરત ઉમર, અબૂ જહલના પુત્ર ઈકરિમહ, અને મિસરના અત્યાચારી રાજા ફિરઓનની પત્નિને અલ્લાહ તઆલાએ હિદાયત આપી.

ઈસ્લામ સ્વરૂપ આ મોંઘેરી નેઅમતનો જ અસર છે કે ભુખ્યો–તરસ્યો મૃત્યુ પામનાર, નિરાધાર, અશકત મુસલમાન અલ્લાહને વધુ પ્રિય છે, અને સાત સમંદરોની પાર સુધી સત્તાના સુત્રો સંભાળતો

સુલતાન, અને સંપત્તિઓનો સ્વામી, અલ્લાહને પ્રિય નથી, જો તે મૃત્યુ ટાણે ઈમાન–ઈસ્લામ વગર જઈ રહ્યો છે.

આ એક જ મહાન નેઅમતનો શુક્ર અદા કરવામાં જો કોઈ માણસ જીવનભર તેનું માથું સજદહમાં મૂકી રાખે તો પણ એનો હક અદા થશે નહીં. માણસ જો આ નેઅમતનો શુક્ર અદા કરતો રહે તો અલ્લાહ આ કૃપા મૃત્યુ સુધી તેના ઉપર બાકી રાખે છે, નહીતર જરૂર ખતરો રહે છે કે કોઈ ભૂલ પર અલ્લાહ તઆલા ક્રોધિત અને નારાજ થઈ આ નેઅમતને છીનવી લે, માટે જ અલ્લાહ તઆલાએ મુસલમાનોને આ દુઆ પણ શીખવાડી કે,

" હે અલ્લાહ હિદાયત અર્પવા પછી તું અમને ગુમરાહીમાં સપડાવીશ નહી. "

ربنا لا تزغ قلوبنا بعد اذ هديتنا وهب لنا من لدنك رحمةـ
انك انت الوهابـ (آل عمران)

એક વાર નેઅમત મળી જાય, પછી સદા રહે એ જરૂરી નથી, અલ્લાહના નબીઓ પણ તેમના મુસલમાન અનુયાયીઓ અને અવલાદથી આ નેઅમત છીનવાય જવાનો ભય અનુભવતા હતા. હઝરત યાકૂબ (અલૈ.)એ મૃત્યુ વેળા તેમની અવલાદને વસીય્યત કરી કે,

હે મારા પુત્રો ! તમે જીવન પર્યંત ઈસ્લામ ઉપર રહેજો, ઈસ્લામ પર મરજો, હઝરત યાકૂબ સ્વયં નબી હતા, તેમના પિતા અને દાદા પણ નબી હતા, એમની અવલાદ પણ નબીના સાંનિધ્ય અને સોહબતમાં રહી ચૂકેલ અને કેળવણી પામેલ તેમજ ઘડાયેલ હતી, નબીઓની અવલાદ અને એમના કેળવણી પામેલ લોકોનો આ હાલ છે, તો આપણા જેવાઓએ આ નેઅમતના છીનવાય જવાથી ઘણું જ ડરવું જોઈએ અને એને બાકી રાખવા માટે અલ્લાહ તઆલાથી દુઆ કરતા રહેવું જોઈએ.

## ઇસ્લામ સ્વીકારવા પર અજમાયેશ થવી અલ્લાહના પ્રિતીપાત્ર હોવાની દલીલ છે

અલ્લાહ તઆલાએ કુર્આન શરીફમાં કહ્યું છે :

"કોઈ મો'મિન એમ ન સમજે કે અલ્લાહ તેને કસોટીઓથી પાર કર્યા વગર જન્નતમાં પ્રવેશ આપી દેશે."

હઝરત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈર્શાદ છે :

અલ્લાહ પાસે જેનું સ્થાન જેટલું ઊંચુ હશે, અલ્લાહ તઆલા એ જ પ્રમાણે એ માણસને દુનિયામાં કસોટીમાં સપડાવે છે, પછી અલ્લાહની તવફીકથી એ માણસ એમાં સફળ નીવડે છે.

આપણે જાણીએ છીએ કે દુનિયામાં સૌથી ઉચ્ચ અને અલ્લાહને પ્રિય માણસો અલ્લાહના રસૂલો અને નબીઓ છે, માટે જ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના કથન અનુસાર અલ્લાહની રાહમાં અલ્લાહના નબીઓની સૌથી વધુ કસોટી કરવામાં આવી અને એ બધામાં પણ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની કસોટી સૌથી વધુ છે.

❑ આ ઈમાનની દા'વત અને સંદેશના કારણે જ બની ઈસરાઈલના એક નબી હઝરત યહ્યા (અલૈ.)ને એમની કોમે કતલ કરી દીધા.

❑ હઝરત ઝકરીયા (અલૈ.)ને ઉભા ચીરી નાંખવામાં આવ્યા.

❑ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને તેમના વતન ઈરાકથી હિજરત કરવી પડી, એમને જીવતા સળગાવી દેવા આગમાં નાંખવામાં આવ્યા.

❑ હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની પણ જે મુસીબતો દ્વારા કસોટી કરવામાં આવી, એનો જોટો જડે એમ નથી, મક્કાથી બહાર અબૂ તાલિબની ખીણમાં (શિઅબે અબી તાલિબ)માં ત્રણ વર્ષ આપ સહિત આખા કબીલાનો બોયકોટ કરવામાં આવ્યો, આ ગાળામાં ભુખમરાને લઈ બાવળના પાંદડા ખાયને દિવસો વિતાવ્યા, તાઈફ નામી સ્થળે બદમાશો અને ગુંડાઓ દ્વારા આપને રસ્તાઓ ઉપર ઢસડવામાં આવ્યા, આપ હોશ ગુમાવી બેઠા, આખું શરીર લોહી લુહાણ થઈ ગયું, મોજડીઓ લોહીથી ભરાય ગઈ.

આપના નિકટના સાથી આફ્રિકન હબશી હઝરત બિલાલને ગરમ તપેલી રેતી ઉપર સુવાડવામાં આવતા. છાતી પર ગરમ ચટ્ટાનો મૂકવામાં

આવતી, એમનાથી શત્રુઓની ફકત એક જ માંગણી હતી, તેઓ એમ કહી દે કે અલ્લાહ એક નથી, પરંતુ તેઓ એમ જ કહેતા રહ્યા કે અલ્લાહ એક જ છે, એક જ છે.

હઝરત સુમય્યહ (રદિ.)ની શર્મગાહ પર બરછી મારવામાં આવી, જેનાથી તેઓ શહીદ થઈ ગયાં.

ઈસ્લામી ઈતિહાસમાં એવા હજારો ઉદાહરણો મળે છે કે ઈસ્લામ જાહેર કરવા બાદ અલ્લાહના બંદાઓને એમના ઘરો, ખાનદાનો, શહેરવાસીઓ તરફથી વિવિધ રીતે સતાવવામાં આવ્યા, પરંતુ અલ્લાહની કૃપાથી સાચા દિલથી ઈસ્લામ સ્વીકાર કરનારાઓએ તડપી તડપી પ્રાણ આપી દીધા, પરંતુ ઈસ્લામ છોડી કુફ્ર–શિર્કની ગંદકીમાં પાછા જવું પસંદ ન કર્યું, દઢ્તા અને અડગતાની આ નેઅમત ઈમાનનું જ પરિણામ છે, અલ્લાહ તરફથી આવી ક્ષણિક કસોટી અને કષ્ટો પછી સદાની જન્નતમાં પ્રવેશ આપવાનો અને જહન્નમથી બચાવી લેવાનો વાયદો છે.

## ઇસ્લામ સ્વીકારવા પછી ચાર બુનિયાદી ફરજો.

અંતર અને મનથી કલિમએ તય્યિબહ "લા ઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્ર રસૂલુલ્લાહ" ના એકરાર અને ઉચ્ચાર પછી મુસલમાન ઉપર નીચેની ચાર વાતો લાગુ પડે છે, એના ઉપર અમલ ન કરવા, કે એમાં કોતાહી કરવાથી આદમી ગુનેહગાર ઠરે છે, પણ ઈસ્લામ બહાર ન ગણાશે. હા, આ બાબતોના ફરજ હોવાને નકારનાર અને એને ફરજ ન ગણનાર ઈસ્લામથી બહાર ગણાશે. બીજા શબ્દોમાં કહીએ તો આ ચાર બાબતો ઈસ્લામની આધારભૂત બાબતો અને ફરજો છે અને એના ઉપર જ ઈસ્લામની ઈમારત ઉભી છે.

## (૧) પાંચ સમયની નમાઝ.

બાલિગ અને પુખ્તવયના થવા પછી મૃત્યુ સુધી દરેક મુસલમાન–મો'મિન ઉપર દરેક સ્થિતિમાં એક દિવસમાં પાંચ સમયે નમાઝો પઢવી ફરજ છે, આ નમાઝોનો સમય નક્કી છે, આ ઈસ્લામની અતિ મહત્વની

ઈબાદત છે, એમાં સૌ પ્રથમ શરીરને પાક સાફ કરવાનું હોય છે, આ માટે હાથ, મોં, પગ ધોવા પડે છે, જેને વુઝૂ કહે છે, ત્યાર પછી નમ્રતા પૂર્વક ખુદા સમક્ષ થોડીવાર ઉભા રહેવાનું છે, થોડીવાર ધરતી પર માથું મૂકી અલ્લાહના જ સાચા માબૂદ હોવાનો એકરાર કરવાનો છે, આ દરમિયાન અલ્લાહથી ઈમાન પર બાકી રહેવા અને જહન્નમથી બચવાની દુઆ કરવાની છે.

આ પાંચ નમાઝોનો ફાયદો એ છે કે આદમી દિવસભર કેટલોયે પ્રવૃત રહે, અલ્લાહ તઆલાથી ગાફિલ રહેશે નહીં, સવારે ઉઠીને એને યાદ કરવામાં આવે છે, સૂતાં પહેલા એને યાદ કરીને સુવાનું છે, દિવસમાં કારોબાર, નોકરી અને વેપાર અને હરતા ફરવાના વચ્ચે પણ એને ભૂલવાનો નથી.

નિયત સમય ટાણે નમાઝો પઢવાનો બીજા ફાયદો એ છે કે જેમ દિવસભરમાં પાંચવાર નહાવાથી માણસના શરીરનો મેલ ધોવાય જાય છે, એ જ પ્રમાણે પાંચ સમયની નમાઝો દ્વારા માનવી દિવસભરના પાપોથી પવિત્ર થઈ જાય છે.

નમાઝ દ્વારા દુનિયાના મુસલમાનો અને ગેર મુસ્લિમો વચ્ચે ભેદ રેખા દોરાય છે, મૃત્યુ પછી સૌ પ્રથમ એનો જ હિસાબ થશે, જે આ કાર્યમાં સફળ નીકળી ગયો, તેના અન્ય બધા જ તબક્કાઓ સરળતાથી પાર પડી જશે.

મુસલમાનના માથેથી નમાઝ કોઈ પણ રીતે માફ નથી, ઊભા રહેવાની શકિત નથી તો બેસીને, બેસીને પઢવાની શકિત નથી તો સૂતાં સૂતાં પઢવાની છે, ઉઠક બેઠક નથી કરી શકતો તો હાથ પગના ઈશારા વડે, ઈશારા પણ ન કરી શકે તો આંખોના ઈશારા દ્વારા પણ નમાઝ પઢવાની જ છે, પાણી દ્વારા વુઝૂ શકય નથી તો 'તયમ્મુમ' કરી પઢવામાં આવશે, આમ દરેક પ્રકારે નમાઝ પઢવાની જ રહે છે, કારણ કે નમાઝ દ્વારા જ અલ્લાહને યાદ કરી એનું ધ્યાન રહે એ ઈચ્છવામાં આવે છે, અને અલ્લાહની યાદની જરૂરત તંદુરસ્તની જેમ બીમારને પણ હોય જ છે, અલબત્ત શરીઅતે નક્કી કરેલ અંતરનો પ્રવાસ હોય તો નમાઝની

રકાતોમાં આંશિક ફેરફાર અને છૂટછાટ શરીઅત તરફથી આપવામાં આવી છે.

જો કોઈ અડચણ ન હોય, માણસ અશકત ન હોય તો મહોલ્લાની મસ્જીદમાં જઈ સૌ સંગાથે ઈમામ પાછળ નમાઝ અદા કરવામાં આવે, આવી જમાઅત સંગાથે પઢવામાં આવેલ નમાઝનો સવાબ (પુણ્ય) એકલા પઢવામાં આવેલ નમાઝ કરતાં સત્તાવીસ ગણો વધારે છે, આ જ પ્રમાણે અઠવાડિયામાં એક વાર જુમ્આની નમાઝ ગામના બધા જ લોકો ભેગા મળી એક જ સ્થળે પઢવા માટે બનતા પ્રયત્નો કરે.

દરરોજ જમાઅત સાથે અને જુમ્આની નમાઝ દ્વારા મુસલમાનો માંહે એક બીજા સાથેના સંબંધો, સ્નેહ, હમદર્દી અને એક આગેવાનને અનુસરવાની ભાવના ઉત્પન્ન થાય છે અને એક જ લાઈનમાં અમીર ગરીબના ઉભા રહેવાથી ઊંચ નીચનો ભેદભાવ પણ નષ્ટ થઈ જાય છે.

જમાઅતની નમાઝ પહેલાં અઝાન આપવામાં આવે છે, જેમાં અલ્લાહની મોટાઈ, મહાનતા, સાચા માબૂદ અને પૂજનીય હોવાનો પોકાર તેમજ એલાન હોય છે, આમ અઝાન દ્વારા મુસલમાનોને નમાઝનો સંદેશ–આમંત્રણ આપવાની સાથે અન્યોને ઈસ્લામનો સંદેશ–આમંત્રણ પણ આપવામાં આવે છે.

## (૨) વર્ષમાં એક માસના રોઝા (ઉપવાસ)

નમાઝ પછી બીજો ફરજ રોઝો છે, જે વર્ષભરમાં રમજાન માસમાં દરેક મુસલમાને રાખવો જરૂરી છે, પુખ્તવય, તંદુરસ્ત અને પોતાના રહેવાના સ્થાને રહેતા દરેક માણસ ઉપર ફરજ છે, શરઈ સફર હોય તો તાત્કાલિક છૂટ છે, પરંતુ પોતાના સ્થાને પરત ફર્યા પછી રાખવા આવશ્યક છે, રોઝામાં સુબ્હે સાદિક (પરોઢ)થી લઈ સૂર્યાસ્ત સુધી ખાવા, પીવા અને પત્નિ સાથે સંભોગ કરવાથી બચવું જરૂરી છે.

રોઝાના માધ્યમથી માણસને કેળવવામાં આવે છે કે માણસ અમૂક દિવસો સુધી અલ્લાહના આદેશોને અનુસરી જાઈઝ કામો (ખાવા–પીવા સંભોગ)થી બચે છે તો પછી અલ્લાહે હરામ ઠરાવેલ વસ્તુઓથી

જીવનભર કેમ ન બચી શકે ?

રોઝા વડે માણસમાં સબ્ર, સહનશીલતા, તકવા, પરહેઝગારીના ગુણો ઉત્પન્ન થાય છે.

એક લાભ આ પણ છે કે રોઝા દ્વારા ભૂખ તરસની વેદનાનો એહસાસ થાય છે, પરિણામે ગરીબીના લઈ ભૂખ તરસ વેઠતા ગરીબો પ્રત્યે હમદર્દી વધે છે.

રોઝા રાખનારાઓ માટે અલ્લાહ તઆલા તરફથી વિશેષ ઈનામનો વાયદો છે.

## (૩) ઝકાત આપવી.

ત્રીજો ફરજ ઝકાત આપવી છે, ઝકાતનો અર્થ છે વર્ષાંતે માલદાર મુસલમાને એની કમાઈ, આવક અને ધંધાકીય સંપત્તિમાંથી ૨.૫ ટકા (ચાલીસમો ભાગ) અલ્લાહ ખાતર અવશ્ય ખર્ચ કરવો. એનાથી વધારે આપવું મરજિયાત છે, જે સદકહ ખૈરાત કહેવાશે, કુર્આનમાં અલ્લાહે કહ્યું છે કે ઝકાત ન આપવાથી મૃત્યુ પછી કડક શિક્ષા (અઝાબ) થશે અને આ જ માલ એના માટે યાતનાનું કારણભૂત બનશે. જે રૂપું–સોનું એણે અલ્લાહ ખાતર ખર્ચ કરવાના બદલે સંઘરી રાખ્યું, આખિરતમાં એ જ ઓગાળીને એના કપાળે દઝાડવામાં આવશે.

મુસલમાને માન્યતા રાખવી જોઈએ કે માલ સંપત્તિ તો અલ્લાહ તઆલાએ આપેલ અમાનત છે, એને અલ્લાહની રાહમાં ખર્ચ કરવાથી ઓછી ન થશે, આ તો અલ્લાહનો ઉપકાર કહેવાય કે એણે સઘળો માલ એની રાહમાં ખર્ચ કરવાના સ્થાને થોડોક જ માલ ગરીબો અને મોહતાજોને વહેંચવાનો આદેશ આપ્યો, ઉપરાંત એના ઉપર સવાબ અને પુણ્ય આપવાનો વાયદો કર્યો.

## (૪) હજ

શારીરિક અને આર્થિક રીતે શકિતશાળી દરેક મુસલમાન ઉપર જીવનમાં એકવાર હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના

વતન, હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ વસાવેલ શહેર, મક્કા જઈ હજ કરવી ફરજ છે. મક્કા શહેરમાં કઅબહ છે, ધરતી પર સૌ પ્રથમ અલ્લાહની ઈબાદત માટે બનાવવામાં આવેલ આ પ્રથમ સ્થાન છે. નમાઝમાં મુસલમાનો અલ્લાહના આદેશાનુસાર એ તરફ જ મોઢું કરે છે. હજ અદા કરવાથી માણસના પાછલા બધા જ ગુનાહો માફ થઈ જાય છે અને માણસ ગુનાહોથી એવો પવિત્ર થઈ ઘરે પરત ફરે છે, જાણે માના પેટમાંથી હમણાં જ પેદા થયો હોય, હજમાં બધા જ મુસલમાનો અમીર–ગરીબ, બે સફેદ ચાદરો ઓઢી હજના બધા કાર્યો પૂરા કરે છે, હઝરત ઈબ્રાહીમ (અલૈ.) અને એમના કુટુંબીજનોએ અલ્લાહની રાહમાં આપેલ બલિદાનો અને સફળ કસોટીઓની યાદગારો નિહાળે છે, અરફાત નામી મેદાનમાં એક રાત્રી પસાર કરવાની હોય છે, અહિંયા આ ટાણે વિશ્વમાં સૌથી વધુ માત્રામાં મુસલમાનો ભેગા થાય છે, દુઆ કબૂલ થવા માટેનું આ સૌથી સુંદર સ્થાન છે, આ દિવસ પણ સૌથી ઉત્તમ છે. હજનો ફાયદો એ છે કે વૈશ્વિક રીતે એક કેન્દ્ર સ્થાને બધાના ભેગા મળવાથી મુસલમાનોની આંતરરાષ્ટ્રીય એકતા અને સામુહિકતા પ્રગટ થાય છે અને તેઓ એક બીજાની દીની અખ્લાકી અને સામાજિક પરિસ્થિતિઓથી વાકેફ થાય છે.

# અમૂક ગેર સમજોનું નિવારણ

## મુસલમાન પરાજિત અને પાછળ કેમ છે ?

ઈસ્લામ સ્વીકારના પ્રતાપે મુસલમાનના જીવન ઉપર પડનારા હકારાત્મક પ્રભાવો જે વર્ણવવામાં આવ્યા, એ વાંચી–સમજીને એમ ન વિચારવું જોઈએ કે દરેક મુસલમાનમાં તો આવા હકારાત્મક ફેરફારો જોવા નથી મળતા ! મુસલમાન હોવા છતાં તેઓ ગુનાહો અને કુકર્મોમાં પ્રવૃત રહે છે.

આ સંદેહના સમાધાન માટે યાદ રાખવું જોઈએ કે અલ્લાહ તઆલાએ માણસને જેમ સત્ય–અસત્ય (ઈમાન–કુફ્ર)ને ઓળખીને અપનાવવા અને ઈસ્લામ સ્વીકારવા કે ન સ્વીકારવાની છૂટ આપી છે, એ જ પ્રમાણે ઈમાન સ્વીકારવા બાદ સારા નરસા કર્મો કરવાની પણ છૂટ આપી છે.

મુસલમાન મુસલમાન રહી કુફ્ર–શિર્ક કદી નથી કરી શકતો, બલકે એમ કરવાથી તે મુસલમાન પણ બાકી નથી રહેતો, ભલે તે સ્વયંને મુસલમાન સમજતો રહે, દુનિયાના લોકો પણ એને મુસલમાન સમજતા રહે, પરંતુ અલ્લાહ સમક્ષ એ મુશ્રિક ગણાય છે અને સદાની જહન્નમનો હકદાર બની જાય છે.

પરંતુ મુસલમાન તેની માનવીય પ્રકૃતિ અને પાપી મનના કારણે કુફ્ર સિવાય અન્ય ગુનાહો કે બદીઓમાં ફસાય શકે છે, જે એના ઈમાન અને ઈસ્લામ પર બાકી રહેવા માટે વિરોધાભાસી નથી, આવા ગુનાહો અને પાપો અલ્લાહ ઈચ્છે તો શિક્ષા વગર ક્ષમા કરી શકે છે, જો માણસ મૃત્યુ પહેલા દુનિયામાં જ તોબા કરી લે તો પછી એની માફીનો અલ્લાહ તરફથી વાયદો છે અને જીવન દરમિયાન જો માણસે તોબા ન કરી તો મરવા પછી ગુનાહ પ્રમાણે સજા ભોગવી એને સદાની જન્નતમાં જવાનું મળશે, ઉપરોકત વિગતના આધારે જ મુસલમાન અને ઈસ્લામ વચ્ચે ફર્ક કરવો જોઈએ.

એટલે કે ઈસ્લામ એ અલ્લાહ તઆલાએ માનવીને અર્પેલ સંપૂર્ણ

ધર્મ, મઝહબ અને જીવનપ્રણાલીનું નામ છે, એમાં કોઈ ખામી હોવાની શકયતા જ નથી, માટે એ તો સદા સર્વોપરી જ રહેશે અને અલ્લાહ તઆલાએ એનો વાયદો પણ કર્યો છે, એનાથી વિપરીત મુસલમાનોને મૃત્યુ પછી આખિરતમાં સદાની સંપૂર્ણ રાહત અને જન્નત મળવી નિશ્ચિત છે; પરંતુ દુનિયામાં એમણે કરેલ ભૂલો, ગુનાહો અને કોતાહીઓના પરિણામો એમની દુનિયાની જીંદગીમાં જોવા મળે છે, આ ગુનાહોના પરિણામો મુસીબતના રૂપમાં આવે છે, પરિણામે અહિંયા દુનિયામાં તેઓ અન્યોથી પરાજિત રહે છે, આમ ગુનાહોની સજા રૂપે તેઓ દુનિયામાં પરાજિત, પરાસ્ત અને પછાત પણ હોય શકે છે અને અત્યાચારી હાકેમો પણ તેમના માથે લાદવામાં આવે છે, અલ્લાહના રસૂલ હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આ વાતની પહેલેથી જ ખબર આપી દીધી છે.

મુસલમાનો બાબત વિશ્વમાં નજર આવનાર તેમની નબળાઈ અને પરાજિતા વાસ્તવમાં મુસલમાનોના કુકર્મોનું જ પરિણામ છે.

મુસલમાનોની મોટી સંખ્યા પાપી મન (નફસ) અને શયતાનની જાળમાં ફસાયને, માહોલની ખરાબ અસરોથી પ્રભાવિત થઈને, બુરી સોહબત અને સંગાથના પ્રતાપે ઈસ્લામથી અસંગત ગુનાહો તેમજ પાપોમાં પ્રવૃત છે, આ કુકર્મો અન્યોમાં પણ પ્રચલિત છે, પરંતુ બન્નેવમાં બુનિયાદી તફાવત એ છે કે મુસલમાનને તેના ઈમાન અને ઈસ્લામના કારણે કોતાહી અને ભૂલનો એહસાસ થઈ જાય છે, વહેલો મોડો તે અલ્લાહથી માફી માંગી લે છે, એનાથી વિપરીત મુશ્રિક અને અલ્લાહને નકારનારને કુફ્ર શિર્કની ગંદકી અને અજ્ઞાનતાની અસરથી ભૂલનો એહસાસ નથી થતો, ગુનાહનો એહસાસ જ ન થવો, ગુનાહથી પણ વધુ ખતરનાક છે. મો'મિન આ સ્થિતિથી અલ્હમ્દુલિલ્લાહ રક્ષિત છે.

આ પરિપેક્ષ્યમાં જોવામાં આવે તો સ્પષ્ટ થશે કે ઈસ્લામ એના પૂરા ઈતિહાસમાં કદી પરાસ્ત નથી થયો, હમેંશા તે પ્રભાવી અને આગળ જ રહ્યો છે, હા ! એવું જોવા મળે છે કે એક સમય સુધી વિજેતા રહેવા બાદ

એને ભૌતિક રીતે પરાજયનો પણ સામનો કરવો પડયો અને આ સ્થિતિમાં તે ભવિષ્યમાં લાંબી જીત મેળવી પ્રભાવી થવા હાલ પૂરતા સત્તાથી દૂર રહેવાને યોગ્ય સમજે છે.

ઈસ્લામનો ઈતિહાસ જોતાં જણાય છે કે જયાં જયાં મુસલમાન પરાસ્ત થયા છે, ત્યાં ફતેહ પણ મેળવી છે, સાતમી સદી હિજરીમાં તાતારીઓએ બગદાદ પર આક્રમણ કરી તે કાળના અત્યંત સુંદર અને આબાદ શહેરને નષ્ટ કરી દીધું, એકી સાથે અઢાર લાખ મુસલમાનો કતલ કરી દેવામાં આવ્યા, આ લોકો વૈભવ, વિલાસ અને ભૌતિકતામાં ઘણા આગળ વધી ગયા હતા, દુનિયા વાળાઓ એમ સમજવા લાગ્યા કે દુનિયામાંથી હવે મુસલમાનોનો સુરજ અસ્ત થવાનો છે, પરંતુ ઈતિહાસે જોયું કે આ જ ટાણે ઈસ્લામે તેનો રંગ દેખાડયો અને થોડાક જ મહિનાઓમાં દુનિયાના અતિ ખૂંખાર તાતારીઓ ઈસ્લામમાં આવી ગયા, તાતારીઓએ મુસલમાનોને પરાસ્ત કર્યા, પરંતુ ઈસ્લામે તાતારીઓને જીતી લીધા, માટે માણસે ઈસ્લામ અપનાવવા ખાતર ઈસ્લામી આદર્શો અને સિધ્ધાંતોને જ માપદંડ બનાવવા જોઈએ, વર્તમાનકાળના મુસલમાનો જેઓ તેમની ખામીઓ અને ગુનાહોના કારણે ઈસ્લામ પર સંપૂર્ણ કાર્યબદ્ધ નથી, એમને માપદંડ ન સમજવા જોઈએ.

આ જ કારણે ઘણી વાર જોવા મળે છે કે નવા ઈસ્લામમાં આવનાર લોકો કરતાં પૂર્વેથી મુસલમાન લોકો સદકાર્યોમાં પાછળ હોય છે, કારણ કે નવમુસ્લિમો એમની આગવી સમજ અને આસ્થા–પ્રેમથી ઈસ્લામ સ્વીકારે છે, અજ્ઞાનતામાં રહેવા બાદ મળેલી ઈસ્લામની નેઅમત તેમને મન વધુ મોંઘેરી છે, જયારે કે વંશીય મુસલમાનોને ઈસ્લામની નેઅમત વારસામાં મળે છે અને એ માટે એમણે કોઈ કસોટી કે કષ્ટમાંથી પાર નથી થવું પડતું.

## ઇસ્લામ સ્વીકાર માટે દબાણ નથી.

ઈસ્લામની માન્યતાઓ, આદેશો, આદર્શો, ફકત તર્કઆધારિત કે ખોખલી ફિલસુફી નથી, બલકે બુદ્ધિ અને સત્યના માપદંડ પર પૂરા ઉતરે

છે, માટે તર્કસંગત અને બુદ્ધિ આધારિત ધર્મ ઈસ્લામના સ્વીકાર માટે અલ્લાહ તરફથી કોઈના પર દબાણ નથી, સત્ય–અસત્ય, ઈસ્લામ–કુફ્ર; 'બે અને બે ચાર'ની જેમ સ્પષ્ટ છે, તો પછી આ ઉચિત પણ ન હતું કે આટલી સ્પષ્ટતા છતાં પણ માણસને હાથ પકડી મજબૂર કરવામાં આવે કે તમે એક અલ્લાહનો એકરાર કરી કુફ્ર–શિર્કને છોડો, આ તો એમ જ થયું કે સૂર્યના સ્પષ્ટ દેખાવા છતાં પણ માણસ પાસે દિવસનો એકરાર કરવાનો આગ્રહ કરવામાં આવે, સૂર્યોદય થયા પછી પણ કોઈ એનો સ્વીકાર ન કરે તો દુનિયા એની જ બુદ્ધિને ખોટી ગણશે.

અલ્લાહ તઆલાએ વિવિધ માધ્યમો અને સબબો દ્વારા સ્પષ્ટ કરી માણસ સામે ઈસ્લામને સ્પષ્ટ કરી દીધો છે અને પછી માનવીને છૂટ આપી દીધી કે સદાની ભલાઈ, સફળતા અને કામિયાબી પામવા સત્યધર્મ ઈસ્લામને સ્વીકારે અને સદાની જન્નતનો હકદાર ઠરે અથવા અજ્ઞાનતા અને જહાલતને અનુસરે અને આંધળુકિયાં કરીને બાતિલ એટલે કે અસત્ય પર બાકી રહે અને મૃત્યુ પછી જહન્નમની આગમાં સળગવાને પસંદ કરે.

સઘળી મખ્લૂકાતમાં ફકત માનવી અને જિનને અલ્લાહ તઆલાએ આવી છૂટ આપી છે, ફરિશ્તાઓને આ છૂટ નથી, એમની પ્રકૃતિમાં અનાદર અને નાફરમાનીનું તત્વ જ નથી, માણસો અને જિન્નાતો વિશે સ્પષ્ટ શબ્દોમાં કુર્આનમાં જણાવાયું છે કે દીન સંબંધી એમના ઉપર કોઈ દબાણ નથી, કારણ કે હિદાયતનો માર્ગ અને ગુમરાહીનો માર્ગ સ્પષ્ટ થઈ ગયો છે, ઉગતા સૂર્યની જેમ સ્પષ્ટ થઈ ચૂકેલ ધર્મને કોઈ અપનાવતું ન હોય તો હે મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ! એમને કહી દો, કે તમે તમારા માર્ગે ચાલો, અમે અમારા ધર્મ પર છીએ, મૃત્યુ પછી આપણો ફેંસલો થશે, હે મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ! તમને એમના ચોકીદાર નથી બનાવવામાં આવ્યા, કે દબાણવશ એમનાથી ઈસ્લામનો એકરાર કરાવવામાં આવે, કોઈ ઈમાન નથી લાવતું તો ભલે, આખરે એણે અમારી પાસે આવવાનું જ છે અને અમને હિસાબ–કિતાબ આપવાનો જ છે, ત્યારે અમે એને કડક અઝાબમાં સપડાવીશું, તમે એમને સમજાવતા

રહો, જેને સમજવું હશે તે સમજશે, ભાગ્ય ફૂટેલા એનાથી વંચિત રહેશે.

કુર્આનની આ તાલીમ અને શિક્ષણના પ્રકાશમાં ઈસ્લામના સંપૂર્ણ ઈતિહાસમાં કયાંયે કોઈને દબાણવશ ઈસ્લામમાં લાવવાનો ઉલ્લેખ નથી. આજે પણ ઈસ્લામમાં પરવાનગી નથી કે કોઈ અન્યધર્મીને શકિત કે સત્તાના જોરે ઈસ્લામ સ્વીકારવા મજબૂર કરવામાં આવે, આમ કરનાર માણસ ઈસ્લામી આદેશોનું ઉલ્લંઘન કરનાર સમજવામાં આવશે અને આવી રીતે દબાણવશ અપનાવવામાં આવેલ ઈસ્લામ પણ સ્વીકાર્ય નથી, કારણ કે ઈસ્લામ ફકત મુખેથી અલ્લાહના એક હોવાના ઈકરાર કરવાનું નામ નથી, બલકે અંતર અને મનથી સ્વીકાર પણ આવશ્યક છે, ફકત મોંઢેથી કલિમહ પઢી લેવો કે બાહ્ય રીતે મુસલમાનો જેવા કાર્યો કરવા મંડી પડવું ઈસ્લામ નથી.

આ જ કારણે ઈસ્લામી સત્તામાં અન્ય ધર્મીઓને એમના ધાર્મિક કાર્યો અને માન્યતાઓ પ્રમાણે વર્તવાથી રોકવામાં આવતા નથી, જો તેઓ મુસલમાનો સાથે સુલેહ શાંતિથી રહીને જીવે તો ઈસ્લામી સત્તા તરફથી એમને રહેવાની સંપૂર્ણ સ્વતંત્રતા છે, ભારત દેશ પર મુસલમાનોએ ૧૧૦૦ વર્ષ રાજ કર્યુ, જો જબરદસ્તીથી ઈસ્લામમાં દાખલ કરી દેવાની પરવાનગી કે પ્રથા હોત તો આ રાજાઓએ ભારતના બધા જ નાગરિકોને શા માટે મુસલમાન બનાવી દીધા નહીં, તેઓ સંપૂર્ણ સ્વતંત્ર અને શકિતશાળી રાજાઓ હતા, કોઈ વસ્તુ આ બાબતે એમને અવરોધક ન હતી, ફકત ઈસ્લામનો આ આદેશ જ એમને આમ કરવાથી રોકી રહ્યો હતો, સમગ્ર ભારતીય ઉપખંડ ભારત–પકિસ્તાન, બાંગ્લાદેશમાં આજે પચાસ કરોડથી વધુ મુસલમાનો છે, તેઓ કોઈ બીજા દેશથી આવેલા નથી એમણે કંઈ અનિચ્છાએ કે દબાણવશ ઈસ્લામ નથી અપનાવ્યો, આ બધા વંશીય રીતે અહિંયાના જ સુપુત્રો છે, એમના પૂર્વજોએ મુસલમાન અવલિયા અને ઈસ્લામની નિર્મળ તાલીમને જોઈ–સમજી ઈસ્લામ સ્વીકાર્યો છે, હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી (રહ.) આવા જ મહાન અવલિયા હતા.

માનવીએ સ્વયં બનાવેલ માબૂદો અને ખુદાઓના ખોટા હોવા અને મુશ્રિકો કે ખુદાના વિરોધીઓનો માર્ગ ઈસ્લામથી વિપરીત હોવા છતાં એમના ધાર્મિક વિચારો અને આચારોનો ખ્યાલ રાખવાનો મુસલમાનોને આદેશ છે, કુર્આનમાં મુસલમાનોને આદેશ આપવામાં આવ્યો છે કે હે મુસલમાનો ! કાફિરો અને મુશ્રિકો જે માબૂદોને પૂજે–ભજે છે, તમે એમના વિશે અપશબ્દો ઉચ્ચારો નહી, કયાંક તેમની અજ્ઞાનતા લઈ તેઓ અલ્લાહ વિશે પણ અપ શબ્દો કે ગાળ ન બોલી બેસે અને તમે એ માટે કારણ ભૂત બનો.

## દુનિયાનો વૈભવ અલ્લાહની મહોબ્બતનો પુરાવો નથી.

શિર્ક–કુફ્રની બુરાઈઓ, અલ્લાહનો ક્રોધ, પ્રકોપ અને મૃત્યુ પછી મળનાર અઝાબ તેમજ શિક્ષાની ઉપર વર્ણવવામાં આવેલ વિગતથી કોઈ એમ ન સમજે કે જો અલ્લાહ તઆલા આટલા બધા શકિતમાન અને અધિકારી છે, કુફ્ર–શિર્ક એમને અત્યંત નાપસંદ છે, આકરી સજાઓ નક્કી કરી છે, તો પછી દુનિયામાં કાફિરોને આટલી બધી નેઅમતો અને દોલત શા માટે આપી છે ? રાહત, આરામ અને એશના આટલા બધા સાધનો શા માટે એમને ઉપલબ્ધ છે ? દુનિયામાં તો ઈસ્લામ સ્વીકારવા કે કુફ્રમાં રહેવાથી કોઈ પણ માણસના આવા ભૌતિક જીવનમાં કોઈ ફર્ક પડતો નથી ?

ઉપરોકત શંકાનું સમાધાન બ્રહ્માંડની વિશાળતાના અનુસંધાનમાં અમે વર્ણન કરેલ વિસ્તારપૂર્વકના વર્ણનમાંથી મેળવી શકાય છે કે આ વિશાળ દુનિયાની હેસિયત અને મહત્વ અલ્લાહ સમક્ષ કેટલું છે ? અલ્લાહ તઆલાએ સર્જેલ અતિ વિશાળ બ્રહ્માંડમાં આ દુનિયાનું સ્થાન એક બિદું જેટલું પણ નથી, મૃત્યુ પછી ફકત એક સામાન્ય મુસલમાનને મળનારી જન્નત અને એ જન્નતની નેઅમતનો મુકાબલામાં આ દુનિયા તુચ્છ છે, અલ્લાહ સમક્ષ આ દુનિયાનું મુલ્ય કેટલું છે ? એ મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ફકત એક કથનથી સમજી શકાય છે કે જો આ દુનિયાનું મુલ્ય અલ્લાહ સમક્ષ મચ્છરની એક પાંખ જેટલું પણ

હોત તો અલ્લાહ તઆલા કોઈ મુશ્રિક – કાફિરને એક ઘુંટડો પાણી પીવા માટે પણ ન આપત.

દુનિયાના અવમુલ્યનનો બીજો પુરાવો આ છે કે અલ્લાહની દષ્ટિએ જો એની કોઈ કિંમત હોત તો આ નેઅમતો સૌપ્રથમ અલ્લાહના માનીતા અને પ્રિય બંદાઓ એટલે કે પયગમ્બરો અને રસૂલોને નવાઝવામાં આવત. એકવાર હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે હઝરત જીબ્રઈલ (અલૈ.) સંદેશ લઈને આવ્યા કે જો આપ ઈચ્છો તો મદીનાના ઉહદ પહાડને સોનાનો બનાવી દેવામાં આવે, પરંતુ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એ બાબત પસંદ ન ફરમાવી, બલકે એક દિવસ ખાયને બીજા દિવસે ભૂખ્યા રહી ગરીબોની જેમ જીવવું પસંદ ફરમાવ્યું.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સદા દુઆ ફરમાવતા રહ્યા કે હે અલ્લાહ ! તું મને ગરીબીમાં જ જીવાડ, ગરીબીમાં જ મૃત્યુ આપ, ગરીબો સંગાથે જ મારો હશ્ર ફરમાવ, કારણ કે મૃત્યુ પછી સૌથી સરળ હિસાબ ગરીબોનો હશે, જેની પાસે જેટલી દુનિયા રહી હશે, એટલા જ પ્રમાણમાં હિસાબ કિતાબમાં મોડું થશે, જેમ કે વિદેશથી આવનાર પ્રવાસીને એરપોર્ટ પરથી બહાર નીકળવા માટે જો વધારે માલ કે લગેજ હોય તો કસ્ટમ ચેકીંગના કારણે વધું મોડું થવું સ્વાભાવિક છે, મૃત્યુ પછી અલ્લાહ તઆલા એક એક પાઈનો હિસાબ લેશે કે કયાંથી કમાયો ? કયાં ખર્ચ કર્યો ? માટે જેમની પાસે માલ હતો જ નહિ, તેમને તો હિસાબ કિતાબની આ સમસ્યા જ ન હશે. માટે અલ્લાહ તઆલા આવી દુનિયા શા માટે તેના પાક પવિત્ર અને પ્રિય બંદાઓને અર્પણ કરે ? અને મુસલમાન તેની ચાહના અને ખેવના પણ શા માટે રાખે ?

આખિરતમાં મળનાર સવાબ અને લાભની રીતે આ દુનિયા મુસલમાન માટે કષ્ટ–કસોટી, અજમાયશ અને આપત્તિઓનું ઘર હોય તો ભલે !

ઉપરોકત વિગતથી સ્પષ્ટ થયું કે દુનિયાની નેઅમતોની વિપુલતા કે

અલ્પતા; અલ્લાહના ખુશ–નાખુશ હોવાની દલીલ નથી, કુર્આનના શબ્દોમાં દુનિયાની સુંદરતા, પ્રલોભન અને લાલસા; એક રમત–ગમત અને ખેલ–ગમ્મતથી વધારે કંઈ નથી, આ એક એવા ખેતરની જેમ છે, જે થોડાક જ દિવસ હર્યું, ભર્યું લહેરાયને સુકાય જાય છે, અને પછી જાનવરો એને કચડી ખાય છે.

## ઇસ્લામમાં કાફિરોને કતલ કરવાનો આદેશ નથી, બલકે એની પરવાનગી પણ નથી .

આજ કાલ ઈસ્લામ વિશે અત્યંત ઝડપે આ ગેરસમજ પ્રસરાવવામાં આવી રહી છે કે કુર્આન શરીફમાં કાફિરો અને મુશ્રિકોને કતલ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

અમે સ્પષ્ટ કરી દઈએ કે ઈસ્લામ સાથે આ આરોપનો કોઈ સંબંધ નથી, પવિત્ર કુર્આન અને પયગમ્બર હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના કથનો (હદીસો)માંથી એક આયત કે એક હદીસ પણ એવી નથી, જેમાં મુસલમાનોને કુફ્ર–શિર્કના કારણે કાફિરો–મુશ્રિકોને મારવાના આદેશ આપવામાં આવ્યો હોય, બલકે એની પરવાનગી પણ નથી, અર્થાત નિષેધ છે, અને મારવાની વાત તો દૂર રહી, વિના કારણે કોઈ પણ માણસને ચાહે તે અન્યધર્મનો હોય, કષ્ટ કે તકલીફ આપવાથી પણ મનાઈ ફરમાવવામાં આવી છે.

અલ્લાહ તઆલા ફરમાવે છે કે શિર્ક પછી સૌથી મોટો અપરાધ કોઈ માણસને વિના કારણે કતલ કરવું છે, કુર્આનમાં છે કે એક માણસને મારી નાંખવો, એ સઘળા મનુષ્યોને મારી નાંખવા સમાન છે, વગર વાંકે કોઈને મારી નાંખવાની સજા ઈસ્લામમાં 'કિસાસ' છે, એટલે કે બદલામાં હત્યારાને પણ મારી નાંખવામાં આવે.

જો કુફ્ર–શિર્કના આધારે કાફિરો અને મુશ્રિકોને મારવાનો આદેશ હોય તો અલ્લાહ સ્વયં કાફિરો અને મુશ્રિકોને શા માટે નષ્ટ નથી કરી દેતા ? શા માટે એમને દુનિયામાં જીવવાનો મોકો આપે છે ? જે રબ અને માલિક કુફ્ર–શિર્ક છતાં તેના બંદાઓને આ દુનિયામાં મહેતલ આપી

જીવવા દેવા માંગે છે, એમને મારી નાંખવાનો અધિકાર કોઈ બીજાને કે મુસલમાનને પણ કેવી રીતે હોય શકે ? હા, કુર્આનમાં આ જરૂર કહેવામાં આવ્યું છે કે ઈસ્લામી સત્તામાં રહેતો કાફિર–મુશ્રિક જો ઈસ્લામ ન સ્વીકારે તો એણે જિઝયો અર્થાત ટેકસ આપી રહેવું પડશે, જેના બદલામાં સરકાર તેના પ્રાણ અને માલનું રક્ષણ કરશે, જો તે આ ટેકસ આપવા પણ રાજી ન હોય તો તેનાથી લડાઈ નિશ્ચિત છે.

એવા કાફિરો અને મુશ્રિકોથી પણ લડાઈ કરવાની છૂટ છે, જેઓ મુસલમાનોને શાંતિથી રહેવા ન દે, ઈસ્લામના આદેશો પર અમલ ન કરવા દે, અન્યોને ઈસ્લામથી રોકતા હોય, ઈસ્લામના સત્ય સંદેશને અન્યો સુધી પહોંચાડવામાં અવરોધરૂપ બનતા હોય, આવા માણસો અન્યોને સફળતાનો માર્ગ અપનાવવાથી રોકે છે, કુર્આનના શબ્દોમાં આ ફિત્નો છે, માટે આવા  ફિત્નાખોરો અને ફસાદીઓથી લડવાની છૂટ છે, એને જ જિહાદ કહેવામાં આવે છે.

અમે જણાવેલ આ દષ્ટિબિંદુથી જોવામાં આવે તો જિહાદ એક રક્ષણાત્મક લડાઈ છે, મદીના મુનવ્વરહમાં સૌપ્રથમ સ્થાપવામાં આવેલ ઈસ્લામી સત્તાએ આજુબાજુ વસતા યહૂદીઓ અને અન્ય કબીલાઓથી શાંતિ સ્થાપવા માટે કરારો કર્યા હતા, પરંતુ એમણે કરારોને તોડી નાખ્યાં અને મુસલમાનોના શત્રુઓથી મળી સાજિશો, પ્રપંચો કરવા લાગ્યા, પરિણામે ના છૂટકે પયગમ્બર સાહેબે એમનાથી લડાઈ કરી, આવી રક્ષણાત્મક લડાઈઓને જિહાદ કહે છે, કુર્આનમાં સ્પષ્ટ આદેશ છે કે જો તમારો શત્રુ શાંતિકરાર પ્રમાણે કરારબદ્ધ રહે તો તમે એના વિરુદ્ધ તલવાર ઉઠાવો નહીં, આનાથી સ્પષ્ટ થયું કે જિહાદ કે લડાઈની પરવાનગી પણ મૂળ આશયે શાંતિ માટે જ આપવામાં આવી છે, ઈસ્લામને અન્યો ઉપર ઠોકી બેસાડવા કે સત્તા–સલ્તનતો પર કબ્જો કરવા માટે નહી, માટે જ જિહાદની પ્રથમ શરત કુર્આનમાં આ છે કે એમાં વ્યકિતગત સ્વાર્થ અને લાભ ન હોય, બલકે ફકત અલ્લાહની પ્રસન્નતા મેળવવા અને દીનનો સંદેશ અન્યો સુધી પહોંચાડવો જ એનો હેતુ હોવો જોઈએ.